بسم الله الرحمن الرحيم

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ — اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللهِ

صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللهِ — اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللهِ

૧૫૦૦ સાલા જશ્ને મીલાદે મુસ્તફા મુબારક હો !

# પાંચ નબવી નસીહતો



**લેખક**

**હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)

**અનુવાદક**

**હાફિઝ મુહમ્મદસજજાદ પટેલ**

(દયાદરા)

**પ્રકાશક**


**અંજુમને રઝાએ મુસ્તફા/સુન્ની દાવતે ઈસ્લામી–દયાદરા**

**GRWB/059/Bharuch/02** C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

**Mo. 94274 64411** **Mo. 96645 21477**

**Web.barkatekhwaja.net**



BANK

BANK DETAILS

**બેંક ઓફ બરોડા**

**A/c. No. 34620100000302**

**Anjumane Razae Mustafa**

IFSC Code: BARBODAYADR

Zero

PhonePe

**Mo. 94274 64411**

G Pay paytm



| | | |
|---|---|---|
| પ્રકાશન નં.:૨૮૨ | આવૃત્તિ–૨ | પ્રત:૨૦૦૦ |
| ૨–ઝીલહજ્જ | હિ.સ. ૧૪૪૬ | ૩૦/૦૫/૨૦૨૫ |

**હદિયો ₹30/-**

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ➤ **યુવાનીને ગનીમત જાણો** | 05 |
| યુવાનીમાં ઈબાદતની ફઝીલત | 06 |
| મો'મિનના બે ખૌફ | 07 |
| અલ્લાહનો મહ્‌બૂબ બંદો | 07 |
| ૭૦ સિદ્દીક઼ોનો સવાબ પામનારા ! | 08 |
| ઈબાદત કરવાવાળા જવાનની ફઝીલત | 08 |
| યુવાનીમાં તૌબાની ફઝીલત | 08 |
| નબીએ કૌનૈન ﷺનો આખરી અમલ | 08 |
| વર્તમાન સમયની ચેલેંજ | 09 |
| મુસ્લિમ નવજવાનોનાં કારનામાં | 10 |
| હુઝૂર ﷺના આરામનો ખયાલ | 12 |
| બદરની જંગમાં નવજવાનોની કિરદાર | 16 |
| નૌજવાનો માટે કેટલીક માર્ગદર્શક વાતો | 17 |
| ➤ **શરીર સ્વાસ્થ્ય તથા તંદુરસ્તીને ઉત્તમ જાણો** | 19 |
| હદીષમાં ભલાઈનો ઉલ્લેખ | 20 |
| આ઼ફિયત શું છે ? અર્થ તથા મર્તબા | 22 |
| આ઼ફિયત તથા મુસીબત | 23 |
| અંબિયાએ કિરામની આજમાઈશ | 23 |
| નેઅમતોના બારામાં પૂછવામાં આવશે | 25 |
| શરાબ, અફીણ, તંબાકુ અને સિગરેટ પીવા વિશે હુકમ | 28 |
| તંબાકુ પીવાનો (ધુમ્રપાન વિશે) હુકમ | 29 |
| ચરસ, અફીણ અને અન્ય નશાકારક ચીજો હરામ છે | 32 |
| ખાવામાં મધ્યમાર્ગ અપનાવવાનું ધ્યાન રાખો | 32 |
| ખાવામાં અતિરેક (અમાપ)નાં નુકસાનો | 33 |
| પેટના ત્રણ ભાગો | 34 |
| અધિક ખાવાનાં નુકસાનો | 36 |
| અધિક ખાવાના બૌદ્ધિક નુકસાનો | 37 |

| | |
|---|---|
| ➤ **માલદારીને ગનીમત જાણો મોહતાજીથી પહેલાં** | 38 |
| તકલીફ પહોંચાડવાની મનાઈ | 40 |
| તકલીફ ન પહોંચાડનારા બદલો પામશે | 41 |
| સૌથી અધિક નુકસાન પામનારા | 42 |
| માલવાળાઓની અજમાઈશ | 42 |
| ખુદાની રાહમાં ખર્ચ કરવાનો અજરો સવાબ | 43 |
| એકતામાં ઈખ્લાસ છે | 43 |
| રિયા તથા દેખાડો કરવાની બુરાઈ | 44 |
| મો'મિનની જાન તથા માલને ખરીદી લીધો | 44 |
| આપણા માલોમાં ગરીબોનો હક્ક઼ | 45 |
| દુનિયા તથા દુનિયાના માલની હકીક઼ત | 45 |
| દુનિયાની બુરાઈ | 46 |
| મરતાં પહેલાં ખર્ચી નાખો | 46 |
| દરેક નેઅમતના બારામાં સવાલ થશે | 47 |
| તંગદસ્તી તથા મોહતાજીના સબબો | 48 |
| પ્રથમ સબબ : બુરા અમલો અને અલ્લાહની નાફર્માની | 48 |
| બીજો સબબ : તોલ માપમાં કમી | 48 |
| ત્રીજો સબબ : માલની ઝકાત અદા ન કરવું | 49 |
| ચોથો સબબ : અંબિયાએ કિરામને જૂઠલાવવું | 50 |
| પાંચમો સબબ : ઝિનાકારી અને અશ્લિલતાનું આમ હોવું | 51 |
| છઠ્ઠો સબબ : અલ્લાહની નાશુક્રી | 51 |
| સાતમો સબબ : સંગ્રહખોરી કરવી | 54 |
| ➤ **ફુરસદની ક઼દર કરો વ્યસ્તતા પહેલાં** | 55 |
| નિરીક્ષણની આદત બનાવો | 62 |
| ફુરસદના સમયોનું આયોજન | 62 |
| ➤ **જિંદગીને મોતથી પહેલાં ગનીમત જાણો** | 67 |
| દુનિયવી જિંદગીનું દષ્ટાંત | 68 |
| જિંદગીની હક઼ીક઼ત | 70 |
| અંતિમ વાત | 70 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

*કામ વો લે લીજીએ તુમકો જો રાઝી કરેં*
*ઠીક હો નામે "રઝા" તુમ પે કરોળોં દુરૂદ*

મુઅલ્લિમે કાયનાત હુઝૂર તાજદારે મદીના ﷺએ પાંચ હાલતોને ગનીમત જાણી અને તેની કદર કરવાની તાકીદ ફર્માવી છે :–

હઝરત અમ્ર બિન મયમૂન અવદી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ એક શખ્સને નસીહત કરતાં ફર્માવ્યું, તમે પાંચ ચીજોને પાંચ ચીજો પહેલાં ગનીમત સમજો : (૧) પોતાની યુવાનીને ઘડપણ પહેલાં. (૨) પોતાની તંદુરસ્તીને બીમારી પહેલાં. (૩) પોતાની માલદારીને મોહતાજી પહેલાં. (૪) પોતાની ફુરસદને વ્યસ્તતા પેહલાં. (૫) પોતાની જિંદગીને મૌત પહેલાં. *(અલ આદાબ લિલ બયકી)*

અવ્દી અવ્દ પ્રતિ સંબંધિત છે. અવ્દ એક કબીલો છે, જે અવાદ ઈબ્ને મુસ્અબના તરફ સંબંધિત છે. હઝરત ઉમર ઈબ્ને મયમૂન رضی اللہ عنہને કેટલાક લોકોએ સહાબી કહ્યા છે, પરંતુ પુખ્તા (વાત)એ છે કે આપ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જમાનામાં ઈસ્લામ લાવ્યા, પરંતુ ઝિયારત ન કરી શક્યા. જલીલુલ ક઼દ્ર તાબઈ છે, માટે આ હદીષ મુર્સલ છે.

*(અશિઅ્તુલ લમ્આત, કિતાબુર્રિક઼ાક, ફસ્લ ષાની)*

اِغۡتَنِمۡનો માદ્દો غنم છે, اِغۡتِنَامٌનો મતલબ ગનીમત હાંસલ કરી લેવી એટલે કે તે પાંચ ચીજોથી કાંઈક કમાઈ કરી લો, વારંવાર આ તક મળતી નથી.

એક હદીષમાં છે :–

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, તે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامથી રિવાયત કરે છે કે તમારામાંથી દરેક રાહ નથી જોતો પરંતુ

નાફર્માની કરવાવાળી માલદારીની અથવા ભૂલાવી દેનારી ફકીરીની અથવા બગાડી દે તેવી બીમારીની અથવા બેઅકલ કરી દેવાવાળા ઘડપણની અથવા અચાનક મૌતની અથવા દજ્જાલની. તો દજ્જાલ મુસીબત છે જેની પ્રતિક્ષા છે અથવા કયામતનો કે કયામત ખૂબ જ ડરામણી અને કડવી છે. *(તિર્મિઝી)*

## યુવાનીને ગનીમત જાણો

ઈન્સાનની જિંદગીના ત્રણ તબક્કાઓ છે : બચપન, જવાની અને ઘડપણ. આ બધામાં સૌથી અધિક મહત્વનો સમય જવાનીનો હોય છે. આ સમયમાં ઈન્સાનની અંદર ચપળતા, સ્ફુર્તિ તથા શક્તિની જવાળાનો ભડકો હોય છે. એ જ કારણે કુર્આનમાં જવાનીને બે કમજોરીઓ (બાળપણ તથા ઘડપણ)ના વચ્ચે શક્તિ તથા તાકતના તબક્કાથી તાબીર કરવામાં આવેલી છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اَللّٰهُ الَّذِیْ خَلَقَكُمْ مِّنْ ضُعْفٍ ثُمَّ جَعَلَ مِنْۢ بَعْدِ ضُعْفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِنْۢ بَعْدِ قُوَّةٍ ضُعْفًا وَّ شَیْبَةًؕ یَخْلُقُ مَا یَشَآءُۚ وَ هُوَ الْعَلِیْمُ الْقَدِیْرُ۝۵۴

અલ્લાહ છે જેણે શરૂઆતમાં કમજોર બનાવ્યા, પછી તમને કમજોરીમાંથી તાકાત (શક્તિ) આપી, પછી તાકાત પછી કમજોરી અને ઘડપણ આપ્યું. બનાવે છે જે ચાહે અને તે જ ઈલ્મ અને કુદરતવાળો છે.

*(સૂરએ રૂમ, આ. ૫૪, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہની રિવાયત છે જેમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, કયામતના દિવસે કોઈ બંદાના પગ અલ્લાહ પાસેથી હટશે નહીં, જ્યાં સુધી તેનાથી પાંચ વસ્તુઓ વિશે સવાલ ન પૂછી લેવામાં આવે :–

**૦૧.** તેણે પોતાની ઉમર ક્યાં પૂરી કરી ?

**૦૨.** પોતાની જવાનીને ક્યાં ખપાવી ?

**૦૩.** તેણે માલ ક્યાંથી કમાયો ?

**૦૪.** અને ક્યાં ખર્ચ કર્યો ?

**૦૫.** અને તેણે પોતાના જ્ઞાન મુજબ કેટલો અમલ કર્યો ?

*(અલ મુઅજ્જમુલ કબીર, લિત્તબરાની)*

જવાની એવી વસ્તુ છે જેનું મહત્વ તે સમયે સમજાય છે જ્યારે તે હાથથી નીકળી જાય છે, અને શરીરના ભાગો જવાબ આપવા માંડે છે. જેમ કે હઝરત હાતિમ અસમ رضی اللہ عنہનો કૌલ છે કે ચાર વસ્તુઓનું મહત્વ ફક્ત ચાર માણસો જાણે છે :–

**૦૧.** યુવાનીનુ મહત્વ ફક્ત ઘરડા જાણે છે.

**૦૨.** આરામ અને શાંતિનું મહત્વ ફક્ત તકલીફવાળો જાણે છે.

**૦૩.** તંદુરસ્તીની કદર ફક્ત બીમાર જાણે છે.

**૦૪.** અને જીવનનું મહત્વ ફક્ત મૃત્યુ પામેલ જાણે છે.

*(મુનબ્બહાત લિ ઈબ્ને હજર, ૧૦૩)*

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની વસિયત છે કે, ''હું તમને નવજવાનો સાથે સદ્વર્તાવની તલ્કીન કરું છું, કેમ કે નવજવાન નસલ રહમ દિલ હોય છે. નવયુવાનોએ મારો સાથ આપ્યો અને વૃદ્ધોએ મારો વિરોધ કર્યો. પછી હુઝૂર صلی اللہ علیہ وسلمએ આ આયત તિલાવત કરી :–

وَ لَا یَكُوْنُوْا كَالَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلُ فَطَالَ عَلَیْهِمُ الْاَمَدُ فَقَسَتْ قُلُوْبُهُمْ ؕ وَ كَثِیْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ۝۱۶

''પછી તેમના પર મુદ્દત લાંબી થઈ તો તેમનાં દિલ સખત થઈ ગયાં અને તેમનામાં ઘણા બધા ફાસિક઼ છે. *(સૂરએ હદીદ, આ. ૧૬, કન્ઝુલ ઈમાન)*

## ★ યુવાનીમાં ઈબાદતની ફઝીલત ★

ક઼યામતના દિવસે જ્યારે દરેક વસ્તુ સૂરજની ગરમીથી ચમચમી રહી હશે તો અલ્લાહ પાક પોતાના જે બંદાઓથી ખુશ થઈ પોતાના અર્શના સાયામાં જગ્યા અતા ફર્માવશે તેમાં એ ખુશ કિ઼સ્મત લોકો પણ હશે જેમણે પોતાની જવાનીને વેડફી નહીં હોય. જેમ કે મરવી છે કે ક઼યામતના દિવસે જે ખુશ

નસીબોને અલ્લાહ તઆલા પોતાના અર્શના છાયડામાં જગ્યા આપશે તેમાં એ શખ્સ પણ હશે જેણે પોતાની જવાની ઈબાદતમાં પસાર કરી હશે. અલ્લાહ તઆલા તેને પોતાના અર્શ નીચે જગ્યા આપશે.

سَبْعَةٌ يُظِلُّهُمُ اللّٰهُ فِي ظِلِّهِ يَوْمَ لَا ظِلَّ إِلَّا ظِلُّهُ: الْإِمَامُ الْعَادِلُ، وَشَابٌّ نَشَأَ فِي عِبَادَةِ رَبِّهِ

*(બુખારી, કિતાબુલ અઝાન)*

## ★ મો'મિનના બે ખૌફ ★

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ પોતાના એક ખુત્બામાં ઈર્શાદ ફર્માવ્યો કે મો'મિન બે ભયના વચ્ચે હોય છે : એક તે સમય પર જે પસાર થઈ ગયો અને તે નથી જાણતો કે અલ્લાહ તેના વિશે શું મામલો કરશે. બીજો એ સમય જે બાકી છે અને તે નથી જાણતો કે તેના વિશે અલ્લાહ શું ફૈંસલો ફર્માવશે. બસ ઈન્સાને (૧) પોતાનાથી પોતાની જાત માટે (૨) પોતાની દુનિયાથી પોતાની આખિરત માટે (૩) પોતાની જિંદગીથી મૌત માટે અને (૪) પોતાની જવાનીથી ઘડપણ માટે ભાથુ (ઝાદે રાહ) તૈયાર કરી લેવું જોઈએ. કેમ કે દુનિયાને તમારા માટે અને તમને આખેરત માટે પેદા કરવામાં આવ્યા છે. એ જાતની ક઼સમ ! જેના કબજામાં મારી જાન છે. મૃત્યુ પછી માફી માગવાની કોઈ જગ્યા નથી અને દુનિયા પછી જન્નત કે દોઝખના સિવાય કોઈ ઘર નથી. *(લુબાબુલ અહયા અલ બાબુસ્સાદિસ, પેજ–૨૩૧)*

## ★ અલ્લાહનો મહ઼બૂબ બંદો ★

હદીષે કુદ્સીમાં છે :–

હઝરત સૈયદુના અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબીએ પાક صلی اللہ علیہ وسلم નું ફર્માન છે કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

''મારી તકદીર પર ઈમાન લાવવાવાળો, મારા લખવા પર રાજી રહેવાવાળો, મારી આપેલી રોજી પર ક઼નાઅત (સંતોષ) કરવાવાળો, મારી રઝાને માટે પોતાના નફ઼્સની ઈચ્છાઓ છોડવાવાળો નવજવાન મારી

બારગાહમાં મારા કેટલાક ફરિશ્તાઓની જેમ છે."

*(જમઉલ જવામિઅ, ૯/૨૭૬, હદીષ : ૨૮૭૧૪)*

## ★ ૭૦ સિદ્દીક઼ોનો સવાબ પામનારા ! ★

સહાબીએ રસૂલ હઝરત સૈયદના અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહની હરામ કરેલ વસ્તુઓથી બચનાર અને તેના હુકમો પર અમલ કરવાવાળા યુવાનથી અલ્લાહ ફર્માવે છે, તારા માટે ૭૦ સિદ્દીક઼ોનો સવાબ છે.

*(અત્તરગીબ ફી ફઝાઈલે આમાલ, પેજ : ૭૮)*

## ★ ઈબાદત કરવાવાળા જવાનની ફઝીલત ★

હઝરત સૈયદના અનસ બિન માલિક رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ છે :–

"સવારના સમયે ઈબાદત કરવાવાળા નૌજવાનને ઘડપણમાં ઈબાદત કરવાવાળા વૃદ્ધ પર એવી ફઝીલત હાંસલ છે કે જેવી રસૂલોને બધા જ લોકો પર." *(જમઉલ જવામિઅ, ૫/૫૩૨, હદીષ : ૧૪૭૮૯)*

## ★ યુવાનીમાં તૌબાની ફઝીલત ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદે પાક છે : "જવાનીમાં તૌબા કરવાવાળો શખ્સ અલ્લાહનો મહબૂબ છે." *(કન્ઝુલ ઉમ્માલ, કિતાબુત્તૌબા, ૪/૨૦૯)*

## ★ નબીએ કૌનૈન صلی اللہ علیہ وسلمનો આખરી અમલ ★

હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાની જિંદગીનો છેલ્લો અમલ નૌજવાન સહાબી હઝરત ઓસામા બિન ઝૈદ رضی اللہ عنہની નિગરાનીમાં લશ્કર મોકલવાનો કર્યો.

*(ઈબ્ને ઈસ્હાક઼)*

આનાથી હુઝૂર صلی اللہ علیہ وسلمની જિહાદથી મહોબ્બત અને નવયુવાનો પર આપ علیہ الصلوٰۃ والسلامના ભરોસાનો અંદાઝો થાય છે. આવી જ રીતે હુઝૂર صلی اللہ علیہ وسلمએ જિહાદના સબબથી જ નવયુવાન હઝરત અલી رضی اللہ عنہને "અસદુલ્લાહ" અને

નવયુવાન ખાલિદ બિન વલીદ رضی اللہ عنہને "સૈફુલ્લાહ" કહ્યા.

*(અલ કામિલ ફિત્તારીખ, ૨/૨૫૭)*

આનાથી જાણવા મળ્યું કે આજના નવયુવાનોના ખભા પર ખૂબ મોટી જવાબદારી છે કે તે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની તા'લીમાતની રોશનીમાં પોતાના કિરદાર અને અમલને એટલો ઊંચો કરે કે તે અલ્લાહના ત્યાં ખુશખુશાલ થઈ શકે.

## ★ વર્તમાન સમયની ચેલેંજ ★

દરેક પ્રકારના અધર્મતાવાળા અને બેકાર ખયાલોના વિરુદ્ધ નૌજવાન, ઈલ્મી ફિક્રી અને અક઼ીદા સંબંધી જિહાદ કરે ત્યારે જ તજદીદ તથા દીનને જીવંત કરવાનો ખ્વાબ ત્યારે જ પરિપૂર્ણ થઈ શકે છે. અત્યારે દરેક બાજુ બેદીની અને નાસ્તિકતાનો દોર ચાલી રહ્યો છે, પરંતુ અફસોસ ! કોઈ એવો નવજવાન નથી જે ઉસ્વએ નબવી અને સિદીક઼ીને અપનાવી આ તુફાનના વિરુદ્ધ ઉભો થાય કે હાલના યુવાનોની આ સૌથી મોટી સંયુક્ત જવાબદારી છે.

પછી આ બધા કામો અને જવાબદારીઓથી આજનો નવયુવાન ત્યારે છૂટી શકે છે જ્યારે તેનામાં પાકુ ઈમાન, રસૂલ صلی اللہ علیہ وسلمની પયરવી અને ખાસ કરીને ઈખ્લાસથી ભરપુર હોય. મોઅલ્લિમે કાયનાત صلی اللہ علیہ وسلمએ પોતાના સમયના નવજવાનોને શરીરની પવિત્રતા, ખુશૂઅ તથા ખુઝૂઅ, દિલની નરમી, નિગાહોની પાકીઝગી અતા ફર્માવી. તેમની ભૌતિકતાથી બચાવી રૂહાનિયતથી દૂર થતા બચાવ્યા. અને ખ્વાહિશોને અનુસરવાથી છૂટકારો અપાવ્યો અને તે નૌજવાન તે જ નબવી તા'લીમાતની રોશનીમાં પોતાની જવાબદારીઓને નિભાવતા રહી આખી દુનિયામાં છવાઈ ગયા. નબીએ પાક صلی اللہ علیہ وسلمનો પૈગામ આજે પણ જીવંત અને તાજો છે. તા'લીમાતે નબવી صلی اللہ علیہ وسلمમાં એટલી તાકાત તથા આકર્ષણ છે કે આજે પણ છે કે તે દિલ અને નિગાહની દુનિયા બદલીને રાખી દે. એ તા'લીમાતને અપનાવીને જ આજનો નૌજવાન પૂરી દુનિયાને ઈમાન પરવર, સુકૂન આવાર, દીનની રોશનીઓથી મુનવ્વર કરી શકે છે.

ડૉ. ઈક઼બાલ નવજવાનોને કહે છે :–

*કુવ્વતે ઈશ્ક઼ સે હર પસ્ત કો બાલા કર દે*
*દેહર મેં ઈસ્મે મુહ઼મ્મદ ﷺ સે ઉજાલા કર દે*

## ★ મુસ્લિમ નવજવાનોનાં કારનામાં ★

મદની તાજદાર ﷺની સાથે સહાબાએ કિરામને જે ઈશ્ક઼ અને કુર્બાન થવાનો જઝબો હતો તેનું દષ્ટાંત આખી દુનિયા પેશ ન કરી શકે. અહીંયાં કેટલાક વાકિયાત લખીને બતાવવામાં આવે છે કે નબીએ કૌનૈન علیہ الصلوٰۃ والسلامના સહાબાઓ આપના પર ફિદા થવા માટે દરેક વખતે એવી રીતે તૈયાર રહેતા હતા કે જેવી રીતે પરવાનો શમ્અ પર પોતાની જાન કુર્બાન કરવા માટે તૈયાર રહે છે. આજે તમામ મુસલમાનોએ ખાસ કરીને આપણા નૌજવાનોએ એ જાંનિષારીનો જઝબો અને આજ્ઞાપાલનનો શોખ પોતાની અંદર પેદા કરવાની જરૂરત છે.

ઉહદની જંગમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامનો ચેહરો મુબારક ઝખ્મી થયો તો હઝરત માલિક બિન સિનાન رضی اللہ عنہએ આગળ વધીને લોહીને ચૂસી લીધું અને અદબના ખયાલથી ચૂસેલા લોહીને જમીન પર ફેંકવું ગવારા (પસંદ) ન કર્યું અને તે પી ગયા. એના પર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, કે જે શખ્સ કોઈ એવા આદમીને જોવા માગે જેનું લોહી મારા લોહીથી મળેલું છે, તો તે માલિક બિન સિનાનને જોઈ લે ! ત્યાર પછી હઝરત માલિક رضی اللہ عنہએ ખૂબ જ બહાદુરી સાથે લડીને શહાદત હાંસલ કરી. *(સિયરે ઈન્સારેહ, ૧/૧૮૫)*

હઝરત સઅદ બિન રબીઅ رضی اللہ عنہ ઉહદની જંગમાં ખૂબ જ ઝખ્મી થઈ ગયા હતા. જંગ પછી નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ હઝરત ઉબય બિન કઅબને તેમનો હાલ જાણવા માટે મોકલ્યા. તે શોધતા શોધતા ખૂબ મુશ્કેલીથી તેમની પાસે પહોંચ્યા. હઝરત સઅદ رضی اللہ عنہ તે સમયે નઝઅની હાલતમાં હતા. હઝરત ઉબયએ તેમને કહ્યું, કોઈ પૈગામ હોય તો આપો. તે સમયે આપે જે પૈગામ આપ્યો તે એ હતો કે, મારા ભાઈ મુસલમાનોને મારો પૈગામ પહોંચાડી આપશો અને મારી કૌમથી કહેશો કે જો તમારા જીવનમાં રસૂલુલ્લાહ ﷺને કોઈ તકલીફ પહોંચી તો યાદ રાખશો કે ખુદા તઆલાની સામે તમારો કોઈ

જવાબ સાંભળવામાં નહીં આવે. આ શબ્દો કહ્યા અને જાન જાને જાનાંને સુર્પુદ કરી દીધી. *(મોઅત્તા, કિતાબુલ જિહાદ, બાબુત્તરગીબ ફિલ જિહાદ)*

એકવાર નબીએ કરીમ ﷺએ એક ગામડિયાથી ઘોડો ખરીદયો, અને સોદો થઈ ગયો, પરંતુ લોકોને તેની ખબર ન હતી. જેથી જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام તશરીફ લઈ જઈ રહ્યા હતા તો કોઈએ તેને વધારે કિંમત આપી. તેને થયું કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની સાથે જે સોદો થયો છે તેને કોઈ બહાનાથી તોડી નાખુ. જેથી તેણે હુઝૂર ﷺને અવાજ આપી કે તમે ઘોડો લેતા હોવ તો લઈ લો બાકી હું બીજા કોઈને વેચી નાખીશ. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, તું તો મને ઘોડો વેચી ચૂક્યો છે ! અને સોદો પાકો થઈ ગયો છે. પરંતુ તેણે ન માન્યુ અને કહ્યું, કદાપિ નહીં ! મેં કોઈ સોદો નથી કર્યો ! જો તમે કહેતા હોવ કે સોદો થઈ ગયો છે તો કોઈ સાક્ષી લાવો ! તે જ સમયે એક સહાબી હઝરત ખુઝૈમા બિન ષાબિત ત્યાં આવ્યા અને આ વાતચીત સાંભળી. જ્યારે સરકાર ﷺથી આ શખ્સે સાક્ષી માગ્યો તો હઝરત ખુઝૈમાએ આગળ આવી કહ્યું કે હું ગવાહ છું કે એ સોદો થઈ ચૂક્યો છે ! નબીએ પાક علیہ الصلوٰۃ والسلامએ તેમનાથી પૂછયું કે તમે કઈ રીતે શહાદત (ગવાહી) આપો છો ? શું તમે સોદો થયો તે સમયે હાજર હતા ? તો તેમણે જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે અમે તમારા પર ઈમાન લાવ્યા છીએ તો એ વાત પર ભરોસો કરીને ઈમાન લાવ્યા છીએ કે હુઝૂર ﷺ સાચાબોલી તથા પાકબાઝ છે. અને જ્યારે આવી ખાસ વાતોમાં તમારી સચ્ચાઈને માની લીધી છે તો પછી આવી નાની વાતમાં તમે સાચા હોવાને માનવામાં કોઈ સંકોચ કઈ રીતે થઈ શકે છે ?! *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૧૫)*

જંગે ઉહદ પછી નબીએ કૌનૈન ﷺની ખિદમતમાં હાજર થઈ પોતાના કબીલાઓમાં દીનની તા'લીમ માટે ક઼ારીઓ (કુર્આન પઢનારા) મોકલવાની દરખાસ્ત કરી અને પછી તેમને સાથે લઈ જઈને બીરે મઊના સ્થળે શહીદ કરી દીધા. તે ૭૦ ક઼ારીઓમાંથી ફકત બે જીવંત બચ્યા હતા તેમને કાફિરોએ કૈદ કરી લીધા હતા અને તેમાંથી એક હઝરત ઝૈદ હતા જેમને સફવાન બિન ઉમય્યાની પાસે વેચી દેવામાં આવ્યા. સફવાને તેમને પોતાના બાપનો કાતિલ

સમજી એટલા માટે ખરીદયા હતા કે શહીદ કરી પોતાનો બદલો લઈ ઠંડક મેળવે. જેથી તેણે તેમને શહીદ કરવાની તૈયારીઓ કરી. તેમને કતલગાહમાં લઈ જવામાં આવ્યા અને બિલ્કુલ તે સમયે જયારે તે મોતના ખોળામાં બેસવા તૈયારીમાં હતા, તો એક શખ્સે કહ્યું, તમારો શું વિચાર છે કે જો આ સમયે તમારી જગ્યાએ મુહમ્મદ ﷺ અમારા કૃબજામાં હોય અને તમે તમારા ઘરમાં આરામથી પત્ની, બાળકો સાથે બેઠા હોય, આ વાત પસંદ છે કે નહીં ?! હઝરત ઝૈદ رضی اللہ عنہ એ ખૂબ જ હિંમત અને બેબાકીથી જવાબ આપ્યો, આ તમે શું કહી રહ્યા છો ?! નબીએ પાક علیہ الصلوٰۃ والسلام નું નઊઝુબિલ્લાહ ! જાલિમોના પંજામાં રહીને કેદ બનીને કતલગાહમાં ઉભુ રહેવું તો દૂરની વાત ! ખુદાની કૃસમ ! હું તો એ પણ ન સહી શકું કે મુહમ્મદે અરબી ﷺના પગોમાં કાંટો વાગે અને હું ઘરમાં બેસેલો રહું ! અબૂ સુફયાન આ જવાબ સાંભળી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને કહેવા લાગ્યા, મુહમ્મદ ﷺના સાથી તેમનાથી જેટલી મહોબ્બત કરે છે, દુનિયામાં તેનું કોઈ ઉદાહરણ નથી મળી શકતુ. *(સિયરે અન્સાર, ૧/૩૬૩)*

## ★ હુઝૂર ﷺના આરામનો ખયાલ ★

સહાબાએ કિરામ સફર અને હજર (મકૃામ)માં રસૂલુલ્લાહ ﷺની હિફાઝતનો ખાસ ખયાલ રાખતા હતા. એક સફરના મોકા પર એક જગ્યાએ રોકયા તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે પાણીની વ્યવસ્થા કરી લો, નહીં તો સવારમાં તકલીફ ઉઠાવવી પડશે. જેથી લોકો પાણીની શોધમાં આમતેમ નીકળી ગયા. રસૂલુલ્લાહ ﷺ પોતાની ઊંટ પર તશરીફ રાખેલા હતા એવામાં ઊંઘ આવી, આપ સૂઈ ગયા. હઝરત અબૂ કૃતાદા رضی اللہ عنہ સાચવણી માટે પાસે બેસી રહ્યા અને હુઝૂર ﷺ ઊંઘમાં જે બાજુ ઝુકતા અબૂ કૃતાદા એ તરફ સહારો આપી દેતા જેથી હુઝૂર ﷺના આરામમાં ખલેલ ન પડે. એકવાર જો સહારો આપ્યો તો હુઝૂરની આંખ ખુલી ગઈ અને આપે ફર્માવ્યું, અબૂ કૃતાદા ! તમે ક્યારથી મારી સાથે છો ? તેમણે જવાબ આપ્યો સાંજથી. આપ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તમારી હિફાઝત કરે જેવી રીતે તમે તેના

રસૂલની હિફાઝત કરી છે. *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ, ૫/૨૯૮)*

હઝરત અનસ رضی اللہ عنہ આઠ દસ વરસની ઉમરમાં નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમત માટે રાખવામાં આવ્યા પરંતુ એ નાની કુમળી વયના છતાં આપ નબી صلی اللہ علیہ وسلم પર પરવાના જેમ ફિદા હતા. અને ખૂબ જ મહોબ્બત અને ઈખ્લાસ સાથે પોતાની ફર્ઝો અદા કરતા હતા, ત્યાં સુધી કે ફજરની નમાઝ પહેલાં ઉઠી મસ્જિદે નબવીમાં પહોંચતા અને હુઝૂર صلی اللہ علیہ وسلمના આવતા પહેલાં હુઝૂર صلی اللہ علیہ وسلم માટે પાણી વગેરેની વ્યવસ્થા કરી હાજર રહેતા.

*(સિયરે અન્સાર, ૧/૧૬૮, ૧૬૯)*

હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہએ ૨૦ વરસની ઉમરમાં ઈસ્લામ કૂબૂલ કર્યો હતો. જંગે ઉહદમાં જ્યારે કેટલાક મુસલમાનોની ભૂલને કારણે કાફિરોએ બીજીવાર હુમ્લો કર્યો તો નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની આસપાસ ખૂબ જ ઓછા આદમી રહી ગયા હતા. હઝરત તલ્હાએ તે સમયે ખૂબ જ હિંમત અને જાંનિષારીનો જઝબો પેશ કર્યો અને પોતાની જાન પર ખેલીને હુઝૂર صلی اللہ علیہ وسلمની હિફાઝત કરતા રહ્યા. દુશ્મન તરફથી જે તીર આવતુ તેને પોતાના એક હાથથી રોકતા હતા અને જ્યારે ભાલો આવીને લાગતો તો હાથને આમ તેમ હલાવવો તો દૂર રહ્યું, મોઢાથી ઉફ પણ ન કરતા હતા, ક્યાંક એવું ન થાય કે કોઈ હરકત થાય અને હાથ સામેથી હટી જાય અને કોઈ રીતે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمને તકલીફ પહોંચી જાય. આપે એક હાથ પર એવાં તીર ખાધાં કે તે બિલકુલ સુન થઈ ગયો !

જંગે બદરમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અલ્લાહના ઈર્શાદને ધ્યાનમાં રાખીને સહાબાએ કિરામને એ ખબર આપી ન હતી કે સાચે જ કોઈ જંગ થવાની છે. જ્યારે મદીનાથી બહાર આવી ગયા તો સહાબાએ કિરામને ભેગા કરી તેમને બધી હાલતો બતાવી અને તેમનાથી સલાહ લીધી કે હવે આપણે શું કરવું જોઈએ. વધુ પડતા સહાબાએ જોશ ભરી તકરીરો કરી અને કહ્યું કે અમારો માલ અને અમારી જાન બધુ અલ્લાહની રાહમાં હાજર છે, અમે દરેક સમયે અને દરેક મેદાનમાં ખિદમત આપવા તૈયાર છીએ. પરંતુ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ

ફરી ફર્માવ્યું કે સલાહ આપો ! શું કરવું જોઈએ ? વધુ એક સહાબી હઝરત મિક્દાર બિન અસ્વદે ખૂબ જ પૂરજોશ તકરીર કરતાં કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અમે હઝરત મૂસાના સહાબાની જેમ એવું નહીં કહીએ કે, જાવ ! તમે અને તમારો રબ લડો ! અમે અહીંયા બેસીએ છીએ. બલ્કે આપ જ્યાં પણ ચાહો અમને લઈ જાવ અમે તમારી ડાબી અને જમણી બાજુ લડીશું, આગળ લડીશું પાછળ લડીશું, અને દુશ્મન તમારા સુધી નહીં પહોંચી શકે, ત્યાં સુધી કે અમારી લાશો પરથી પસાર ન થાય. પરંતુ આ તકરીરો છતાંય રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લોકો ! સલાહ આપો ! શું કરવું જોઈએ ?! આના પર એક અન્સારી હઝરત સઅદ બિન મઆઝે કહ્યું કે, યા રસૂલલ્લાહ ﷺ ! કદાચ આપનું સંબોધન અમારી બાજુ છે, અને વાત પણ હક઼ીક઼તમાં એ જ હતી. અંસારી સાથે વાયદો પણ એ હતો કે મદીનામાં હુમલો થવાની સ્થિતિમાં એ બચાવ કરશે અને હવે મદીનાની બહાર જંગ થવાની શક્યતા હતી. રસૂલુલ્લાહ ﷺને આ વાયદાનો ખૂબ ખયાલ હતો, અને આપ ચાહતા ન હતા કે અંસારને એનાથી વધારે મજબૂર કરું જેટલી જવાબદારી ઉઠાવવાનો તેમણે વાયદો કર્યો હતો. એટલા માટે આપ અંસારનો મશ્વેરો (સલાહ) જાણવા માગતા હતા. હઝરત સઅદે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ખુદાની ક઼સમ ! વાયદાનુ શું કહેવું ! એ તો ત્યાં સુધી હતો કે જ્યારે અમને તમારી પૂરી પહેચાન ન હતી, હવે તો અમે તમને જાતે જોઈ ચૂક્યા છીએ એટલા માટે તમે જ્યાં કહેશો ત્યાં આપની સાથે આવીશું, અને ક઼સમ છે એ જાતની જેણે તમને સચ્ચાઈ સાથે મોકલ્યા, જો તમે અમને સમદરમાં કૂદવાનું કહો તો અમારામાંથી એક પણ પાછો નહીં હટે. *(સીરતુલ ઈબ્ને હિશામ, ઝિક્રે ગઝવએ બદર)*

પહેલા પણ એ વર્ણન કરી દેવામાં આવ્યું છે કે સહાબાએ કિરામ રસૂલુલ્લાહ ﷺની હિફ઼ાઝતનો ખાસ ખયાલ રાખતા હતા. ઓહદની જંગમાં તે ખાસ નાઝુક સમયે જે લોકોએ પોતાની જાન પર ખેલીને પોતાના મહેબૂબ ﷺની હિફ઼ાઝતની સઆદત હાંસલ કરી તેમાં એક હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ હતા. આ જંગમાં આપના શરીર પર ૨૦ ઘા લાગ્યા, પરંતુ આપે પગ પાછા ન હટાવ્યા. પગમાં એક એવો ઘા થયો હતો કે તે ઘા ભરાઈ જવા છતાંય તેની અસર કાયમ રહી અને હમેશાં માટે પગ લંગડો થઈ ગયો હતો.

રસૂલુલ્લાહ ﷺ જ્યારે પણ બહાર તશરીફ લઈ જતા તો વધારે પડતા હઝરત અબ્દુર્રહમાન પણ પાછળ પાછળ થઈ જતા હતા. એક રણમાં પહોંચીને હુઝૂર ﷺ સજદામાં જતા રહ્યા અને એટલો લાંબો સજદો કર્યો કે હઝરત અબ્દુર્રહમાનને ખ્યાલ આવ્યો કે કદાચ રૂહે પાક નીકળી ગઈ ! મહોબ્બતના કારણે આ ખયાલ આવતાં જ બેતાબ (બેચૈન) થઈ ગયા અને ગભરાઈને નઝદીક આવ્યા. પગરવ સાંભળીને નબીએ પાક علیہ الصلوٰۃ والسلامએ માથુ મુબારક ઉઠાવ્યું અને પૂછયું કે શું વાત છે ? હઝરત અબ્દુર્રહમાને પોતે ગભરાઈ જવાનું કારણ બતાવ્યું, તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આ શુક્રનો સજદો હતો, કેમ કે અલ્લાહ તઆલાએ મારાથી ફર્માવ્યું કે જે શખ્સ મારા પર દુરૂદ મોકલશે તે ખુદ (અલ્લાહ તઆલા) તેના પર દુરૂદ મોકલશે.

*(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૧૯૧)*

હઝરત ઝૈદ બિન હારિષ જે એક સારા ખાનદાનના બાળક હતા પરંતુ સંજોગ એવો થયો કે ડાકૂઓના એક ગૃપે બાળપણમાં જ તેમની આઝાદીને છીનવી લઈ તેમને ઈકાઝના બજારમાં વેચવા માટે લઈ ગયા. જ્યાં હકીમ બિન હિઝામે ખરીદીને પોતાની ફોઈ હઝરત ખદીજાની સામે પેશ કર્યા, અને આ રીતે આપ રસૂલુલ્લાહ ﷺની પાસે પહોંચ્યા.

એકવાર તેમના કુટુંબના કેટલાક લોકો હજ્જના સમયે મક્કામાં આવ્યા તો તેમને ઓળખી લીધા અને જઈને તેમના પિતાને ખબર કરી જેના પર પિતાનુ ખુશ થવું એ વ્યાજબી વાત છે. જેથી તેઓ પોતાના ભાઈઓને સાથે લઈ મક્કા પહોંચ્યા અને રસૂલુલ્લાહ ﷺથી ખૂબ જ કાકલૂદી કરી કહ્યું કે, મારા પુત્રને આઝાદ કરી દો અને જે ફિદિયો ચાહો તે લઈ લો ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ફિદિયાની જરૂરત નથી, ઝૈદને બોલાવીને પૂછી લેવામાં આવે, જો તે જવા ચાહે તો મને કોઈ વાંધો નથી.

હઝરત ઝૈદને બોલાવવામાં આવ્યા. રસૂલુલ્લાહ ﷺએ તેમનાથી પૂછયું કે શું તું આ લોકોને જાણે છે ? તેમણે જવાબ આપ્યો કે હા ! આ મારા પિતા અને કાકા છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો તમે આ લોકો સાથે જવા માગતા હોવ તો જઈ શકો છો. દરેક શખ્સ અંદાજો લગાડી શકે છે કે બાળપણમાં

જ માતા પિતા, નજીકના સગાવહાલાઓથી દૂર થઈ ગયા પછી, આ લાંબા સમયની માયૂસી પછી જ્યારે પાછા તેમને મળવાનો મોકો મળે અને પછી પોતાના પ્યારા વતનમાં જઈ મા બાપ, ભાઈ, બહેન, અને સગાં વહાલાં, દોસ્તો અને બાળપણના સાથીઓ સાથે આઝાદીથી મળવા જવાની કોઈ અડચણ ન હોય તો તેના જઝબાત તે સમયે કેવા હોય શકે છે ?! સામે પિતા અને કાકા ઉભા હતા અને એ યક઼ીન સાથે તેમનાં દિલ ભરેલાં હતાં કે અમારો છોકરો હવે અમારી સાથે આવશે, જુદાઈની સબ્ર અને પરીક્ષા પૂરી થવાની છે, અને પછી એની કોઈ શક્યતા પણ નહીં હોય, તે આખી જિંદગી અમારી પાસે જ રહેશે. તેઓ એવું વિચારી પણ શક્તા ન હતા કે જ્યારે ઝૈદને રસૂલુલ્લાહ ﷺ જવાની છૂટ આપી રહ્યા છે તો તેને તેમાં કોઈ ખચકાટ હોઈ શકે છે. પરંતુ હઝરત ઝૈદએ જવાબ આપ્યો કે, હું હુઝૂર પર કોઈને મહત્વ ન આપી શકું ! તમે જ મારા માતા અને પિતા છો, તમારો દર છોડી હું ક્યાંય જવા નથી માગતો. આ જવાબ સાંભળીને તેમના પિતા અને કાકા ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા, અને તેમણે કહ્યું, શું તું અમારા કરતા ગુલામીને મહત્વ આપે છે ?! હઝરત ઝૈદે કહ્યું કે, હા ! મને આ ઝાતે પાકમાં એ ખૂબીઓ જોવા મળી છે કે તેમના પર હું કોઈને મહત્વ આપી શકતો નથી. *(શરહે ઝુર્ક઼ાની, અલ ફસ્લુલ ખામિસ વગેરે સીરતની કિતાબો)*

હે મિલ્લતના નૌજવાનો ! રસૂલે અકરમ તાજદારે મદીના ﷺથી અતૂટ મહોબ્બત કરો, તેમની જ મહોબ્બત દુનિયા તથા આખિરતમાં કામ આવશે. પોતે પોતાની જાતને ગૈર છોકરીઓની મહોબ્બતથી બચાવો, કેમ કે એ તમારી દુનિયા અને આખેરત બંને તબાહ થવાનો સબબ બની શકે છે.

## ★ બદરની જંગમાં નવજવાનોની કિરદાર ★

મુસલમાનો અને કાફિરો વચ્ચે જે પહેલી જંગ થઈ તેનું નામ જંગે બદર છે. કાફિરોએ આ જંગ મુસલમાનો પર જબરદસ્તીથી લાદી હતી. તેઓ એવું ચાહતા ન હતા કે ફક્ત એક સાચા મઅબૂદની ઈબાદત થાય, તેઓ ફક્ત એવું ચાહતા હતા કે મક્કામાં મૂર્તિઓની પૂજા બંધ ન થાય અને આખા અરબની

ક઼ૌમ મૂર્તિપૂજક રહે, કેમ કે તે જ તેમના બાપ દાદાઓનો મઝહબ હતો. તૌહીદની દા'વત આપવાને કારણે તેઓ મુસલમાનોના ખૂનના પ્યાસા થઈ ગયા. આવી હાલત જોઈને હુઝૂર નબીએ રહ્મત صلی اللہ علیہ وسلمએ અલ્લાહના હુકમથી મુસ્લિમ ઉમ્મતને હિજરત કરવાનો હુકમ આપ્યો. જેથી મક્કાથી તમામ મુસલમાનો હિજરત કરી મદીના પહોંચી ગયા. મદીના પહોંચીને પણ કાફિરોએ મુસલમાનોને ચેનથી ન રહેવા દીધા. અને તેમને નવી જમીન પર જવાને બે વર્ષ પણ પસાર ન થયાં હતાં કે મક્કાના કાફિરોએ મુસલમાનોની વસાહત પર હુમલો કરી દીધો.

હઝરત અનસ رضی اللہ عنہનું બયાન છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ લોકોને જંગ માટે તૈયાર કર્યા. ઐતિહાસિક રિવાયતો મુજબ મુસલમાનોનો કાફલો જેમાં સંખ્યા ૩૧૩ હતી, તેમાં અન્સાર અને મુહાજિરીન પણ ભેગા હતા. અને કબીલાઓમાં અવસ અને ખઝરજ પણ સામેલ હતા. આ કાફલાની સાથે ૬૦ ઊંટ, ૩ ઘોડા, ૬૦ બખ્તર અને થોડી તલવારો હતી. જ્યારે કે દુશ્મનોની સંખ્યા એક હજાર હતી અને તેઓ દરેક રીતે સજ્જ હતા. તેમની પાસે ૭૦૦ બખ્તરો, ૭૦ ઘોડાઓ, અસંખ્ય, બે હિસાબ તલવારો અને ભાલાઓ હતા. આ કાફિરો અબૂ સુફયાનની સરદારીમાં આવ્યા હતા. અને આ બંને ફૌજનો આમનો સામનો ૧૭ રમઝાન મુબારકમાં ૨ હિ.સ. બદરના મકામે થયો. ૩૧૩ મુસલમાનોનું આ નાનુ લશ્કર આ જંગમાં જે જોશ અને ખરોશ સાથે લડયું એ જોવા લાયક હતું ! તેમણે પોતાનાથી ત્રણ ઘણા લશ્કરને એક જ દિવસમાં હરાવી દીધુ. *(અઝ : સીરતે મુસ્તફા صلی اللہ علیہ وسلم, તેમજ અન્ય કિતાબો)*

## ★ નૌજવાનો માટે કેટલીક માર્ગદર્શક વાતો ★

- ❑ નૌજવાનો પોતાની જિંદગીના મકસદને ઓળખે.
- ❑ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની મહોબ્બત અને ઈતાઅતમાં જિંદગી પસાર કરવાનો પાકો ઈરાદો કરે.
- ❑ દરેક હાલતમાં અલ્લાહ عزوجل تعالیٰની મદદ પર યક઼ીન રાખે અને વસવસા અને માયૂસીથી બચે.

- દરરોજ પોતાના ઝમીરની અદાલતમાં પોતાનો હિસાબ કરે.
- જિંદગીના દરેક મામલાઓમાં ઈન્સાફ કરે. સમય, મહેનત, શિક્ષણ, ફર્ઝો, ઈબાદતો, મામલાઓ, દરેક હક્ક઼ જે મુસલમાનો પર લાગુ પડે છે તેમાં ઈન્સાફ કરે.
- આપણા કામયાબ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગ)ને પોતાનો આઈડિયલ બનાવે, નબીએ કરીમ ﷺની ઝાતે અક઼દસ સૌથી મોટી આઈડિયલ છે. અને બીજા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની જિંદગીને પોતાનો નમૂનો બનાવે.
- પોતાની આસપાસની દુનિયા, તેમાં જોવામાં આવતાં રહસ્યો તથા રાઝો અને હક઼ીક઼ ચિંતન મનન કરે.
- પોતાનો અમલ પોતાની વાણી પ્રમાણે કરે. વાણી તથા વર્તનમાં વિરોધાભાસ ન થવા પામે.
- દા'વત તથા તબ્લીગ કરે, ઈલ્મ હાંસલ કરવાનું ન છોડે, બલ્કે દીનની તબ્લીગ માટે ઈલ્મી, ફિક્રી લાયકાતો વધારવી મહત્વના હેતુઓમાંથી છે.
- પોતાના બયાન (સ્પીચ)ની પદ્ધતિ બેહતર બનાવે, તેમજ આપના પ્રવચનમાં દલીલો, સાબિતીઓ અને પુખ્તગી હોય.
- ફુરસદના સમયોમાં પોતાના ઘરોમાં મજલિસોનું આયોજન કરે જેમાં સગાં, દોસ્તો સાથે વર્તમાન હાલતના વિષયો પર ચર્ચાઓ કરે.
- ખ્યાતિ હાંસલ કરવાની અને અમીર બનવાની યોજના ન કરે, બલ્કે સારા મુસલમાન બને તો આપોઆપ કામયાબ થઈ જશે.
- આપના મસાઈલ ચાહે તા'લીમી, માન્યતાને લગતા, સામાજિક, આર્થિક અથવા રાજનૈતિક હોય તેને ઈસ્લામ ધર્મની રોશનીમાં હલ કરવાની કોશિશ કરે.
- વર્તમાનકાળ મીડિયાનો કાળ છે, શરઈ હદોમાં રહીને એના ઝરીયા દીનની દા'વત તથા પ્રચાર પ્રસાર પર ધ્યાન આપે અને બેકાર કામોથી બચીને સમય તથા નફ્સની હિફાઝત કરે.

- ❑ આઝાદીના નામ પર બેહયાઈથી બચે, ન દીને ઈસ્લામમાં એવી આઝાદીને અવકાશ છે અને ન એવી બેહયાઈને. પાકદામની અને હયાનો માર્ગ અપનાવે.

## શરીર સ્વાસ્થ્ય તથા તંદુરસ્તીને ઉત્તમ જાણો

પ્રિય વાંચકો ! શારીરિક તંદુરસ્તી અલ્લાહની મહાન નેઅમત છે. આ નેઅમતની પણ કદર કરવી જોઈએ. જો માણસ કોઈક કારણે માનસિક રીતે સ્વસ્થ ન હોય તો તેની અસરો પૂરા શરીર પર લાગુ પડે છે. કેમ કે દિમાગ જ માણસની સર્વ શારીરિક વ્યવસ્થાને કન્ટ્રોલ કરે છે. દિમાગી કમજોરી અથવા બીમારીના કારણે જ ઘણી બધી પટ્ઠાને લગતી, મનોવૈજ્ઞાનિક તથા શારીરિક બીમારીઓ જન્મ લે છે.

વિના શંકાએ હક્ક઼ મઝહબ ઈસ્લામ આપણી ભૌતિક ભલાઈ તથા શારીરિક તંદુરસ્તીના માટે પણ એક બેહતરીન અને સંપૂર્ણ જીવન બંધારણ છે. તેની તા'લીમાત પર અમલ કરવાથી ન કેવળ આપણે અખ્લાક઼ી તથા રૂહાની અને રાજનૈતિક તથા આર્થિક જિંદગીમાં પ્રગતિ હાંસલ કરી શકીએ છીએ, બલ્કે શારીરિક રીતે પણ તંદુરસ્તી તથા શક્તિની દોલતથી પણ માલામાલ થઈ શકીએ છીએ. કુર્આની તા'લીમાત તથા હુકમો અને સીરતે પાક ﷺ એ જાતના ઘડતર તથા સમાજની પરિપૂર્ણતાનો બેહતરીન ઝરીયો છે.

હુઝૂર તાજદારે મદીના અરવાહુના ફિદા عَلَيۡهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ઈર્શાદ ફર્માવ્યો : "સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. આપે ફર્માવ્યું કે નબી અકરમ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, બે નેઅમતો એવી છે કે મોટાભાગે લોકો એનાથી ગફલતમાં રહે છે : તંદુરસ્તી અને ફુરસદ.

મિસરના ખોરાકોના નિષ્ણાત અને જાડાપણાનો ઈલાજ કરનાર ડૉ. અમ્માદ ફહમીએ ટી.વી. ઈન્ટરવ્યુમાં બતાવ્યું કે **માનવ તંદુરસ્તીનું રહસ્ય કેવળ ત્રણ આયતોમાં છુપુ છે.** તેમણે પ્રથમ આયત બતાવી : كُلُوۡا وَاشۡرَبُوۡا وَلَا تُسۡرِفُوۡا "ખાવ, પીઓ અને હદથી આગળ ન વધો." *(સૂરએ અઅ્રાફ, આ. ૩૧)*

આ આયતનો ખુલાસો કરતાં ડૉ. અમ્માદ ફહમીએ બતાવ્યું કે ડૉકટર મોટાભાગે મેંદી અને ચીકાશથી મના કરે છે, જ્યારે કે એ બંનેવ ચીજો માનવ સ્વાસ્થ્ય માટે પાયાનું મહત્વ ધરાવે છે, તેમણે કહ્યું કે અસલ ચીજ જેનાથી મના કરવામાં આવવું એ હદથી વધી જવું છે.

બીજી આયત બતાવતાં તેમણે કહ્યું : وَ جَعَلْنَا مِنَ الْمَآءِ كُلَّ شَیْءٍ حَیٍّ "અને પાણી વડે દરેક જીવંત ચીજ પેદા કરી." *(સૂરએ અંબિયા, આ. ૩૦)*

ડૉ. સાહબે કહ્યું કે, **તરસ લાગે કે ન લાગે પાણી જરૂર પીઓ.** ડોકટરી માપદંડ પ્રમાણે દરેક શખ્સ પોતાના વજનના દરેક કીલો પર ૩૦ મિલી ગ્રામ પાણી પીએ. દા.ત. જો કોઈનું વજન ૭૦ કિલો છે તો તે ૨૧૦૦ મિલી ગ્રામ એટલે **બે લીટર અને ૧૦૦ ગ્રામ, લગભગ આઠ ગ્લાસ પાણી દરરોજ પીએ.** એ જિગર, કીડની તથા દિલની સારી કારકીર્દી માટે અત્યંત જરૂરી છે. ડૉ. અમ્માદ ફહમીએ ત્રીજી આયત સૂરએ નબાની આયત–૧૧ બતાવી છે : وَّ جَعَلْنَا الَّيْلَ لِبَاسًا ۙ وَّ جَعَلْنَا النَّهَارَ مَعَاشًا "અને રાતને પર્દામાં ઢાંકી અને દિવસને રોજગાર (રોજી) બનાવ્યો." *(સૂ. નબા, ૧૦, ૧૧)*

ડૉ. મૌસૂફે એની સ્પષ્ટતા કરતાં કહ્યું, **રાતે જલ્દી સૂવામાં આવે અને સવારે જલ્દી ઉઠવામાં આવે.** આ સૌથી શ્રેષ્ઠ નુસ્ખો છે જે આપને ન જાડા કરશે ન તો બીમાર કરશે.

## ★ હદીષમાં ભલાઈનો ઉલ્લેખ ★

કેટલીય હદીષોમાં આ઼ફિયત (ભલાઈ)નો ઉલ્લેખ થયેલો છે : હઝરત મઆઝ ઈબ્ને રિફાઆ رضی اللہ عنہથી રિવાયત છે કે, હઝરત અબૂબક્ર رضی اللہ عنہ મિમ્બરે રસૂલ ﷺ પર ઉભા થયા, પછી રડવા લાગ્યા અને ફર્માવ્યું : ગયા વરસે આજના જ દિવસે રસૂલુલ્લાહ ﷺ આ મિમ્બર પર જલ્વા અફરોઝ થયા. પછી રડવા લાગ્યા. પછી ફર્માવ્યું, અલ્લાહથી અ઼ફ્વ (માફી) તથા આ઼ફિયત (ભલાઈ)નો સવાલ કરો કેમ કે ઈખ્લાસના કલમા પછી આ઼ફિયતના જેવી કોઈ ચીજ નથી અતા કરવામાં આવી. *(અહમદ, તિર્મિઝી, અબ્વાબુદાવાત, બાબ ફી ફઝલુત્તૌબા વલ ઈસ્તિગફાર, ૫/૫૫૭)*

એ જ કારણે જ્યારે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે, કઈ દુઆ અફઝલ છે ? તો આપ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ જવાબ આપ્યો હતો કે, આ઼ફિયતની દુઆ.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺની પાસે આવ્યો અને પૂછયું કે કઈ દુઆ અફઝલ છે ? ફર્માવ્યું, અલ્લાહથી દુનિયા તથા આખેરતની આ઼ફિયત (ભલાઈ)નો સવાલ કરો. આગલા દિવસે એ જ માણસ ફરી આવ્યો અને પોતાનો સવાલ દોહરાવ્યો : હે અલ્લાહના રસૂલ ! ﷺ કઈ દુઆ અફઝલ છે ? ફર્માવ્યું, તે જ જે તને કાલે બતાવી હતી. ત્રીજા દિવસે તે માણસ ફરી આવ્યો અને બોલ્યો, કઈ દુઆ અફઝલ છે ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને દુનિયામાં આ઼ફિયત (રાહત, ભલાઈ) અતા કરવામાં આવી, તેને અતા કરવામાં નહીં આવે આખેરતમાં કાંઈ સિવાય ભલાઈના.'' *(તિર્મિઝી શરીફ)*

ખૈરો આ઼ફિયતની દુઆની એ શાન છે કે તેની પાબંદી ન કેવળ ખુદ કરતા હતા બલ્કે પોતાનાં ઘરવાળાંઓને પણ તેની તાકીદ કરતા હતા.

હઝરત અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને કહ્યું, મને એવી ચીજના બારામાં બતાવો જેનો હું અલ્લાહથી સવાલ કરું ? ફર્માવ્યું, અલ્લાહથી આ઼ફિયત (ભલાઈ)નો સવાલ કરો. કેટલાક દિવસો પછી હું ફરી ગયો અને આપને પૂછયું, મને એવી ચીજના બારામાં બતાવો જેનો હું અલ્લાહથી સવાલ કરું ? ફર્માવ્યું, હે અબ્બાસ ! હે મારા કાકા ! અલ્લાહથી દુનિયા તથા આખેરતમાં ભલાઈનો સવાલ કરો.

*(તિર્મિઝી શરીફ, અબ્વાબુદા'વાત, ૫/૫૪૧)*

રસૂલુલ્લાહ ﷺ ખુદ આફિયત (ભલાઈ) સિવાયની કોઈ દુઆ માગતા ન હતા.

હઝરત મઆઝ رضی اللہ عنہએ ફર્માવ્યું : રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સને સાંભળ્યો કે તે સબ્રની દુઆ કરી રહ્યો છે. ફર્માવ્યું, શું તું અલ્લાહથી મુસીબત તથા આજમાઈશ માગી રહ્યો છે ?! જો સવાલ કરવો છે તો અલ્લાહથી

આ઼ફિયતનો સવાલ કર. *(મુસ્નદે અહમદ, તિર્મિઝી, અબ્વાબુદ્દા'વાત, ૫/૫૪૧)*

જેથી જેણે અલ્લાહથી સબ્રનો સવાલ કર્યો તો તેને એ માલૂમ હોવું જોઈએ કે સબ્ર તકલીફ વિના નથી, અને તકલીફ માગી તો જાણે તેણે મુસીબત તથા આજમાઈશ માગી. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ આ નસીહત કરી કે જ્યારે પણ અલ્લાહથી તેના ફઝ્‌લે અઝીમનો સાવલ કરો તો આ઼ફિયત (ભલાઈ, સુકૂન, રાહત)નો સવાલ કરો.

## ★ આ઼ફિયત શું છે ? અર્થ તથા મર્તબા ★

અરબી શબ્દકોશમાં આ઼ફિયત ઈસ્મ છે એ અફુવ્વનથી નીકળેલ છે. એનો મતલબ "સંપૂર્ણ સ્વાસ્થ્ય" છે અને તેના વિવિધ પ્રકારો છે :–

**દીનના મામલામાં** આ઼ફિયતથી મુરાદ ગુનાહો તથા બિદઅતો જેવી બાબતોથી બચવું, અને ફર્માંબરદારીમાં સુસ્તીથી છૂટકારો પામવું છે. **દુનિયાના મામલામાં** આ઼ફિયતથી મુરાદ તેની બુરાઈ તથા મુશ્કેલીઓથી અલ્લાહની પનાહમાં આવવું છે. **ખાનદાનના મામલામાં** આ઼ફિયતથી મુરાદ બીમારી તથા ગુનાહોની અધિક્તાથી સલામતી છે. જ્યારે કે **માલી આ઼ફિયત**થી મુરાદ નિત નવી આર્થિક આફતોથી બચવું છે.

આ઼ફિયતના આ સર્વ પ્રકારોમાં દીની આ઼ફિયત (ભલાઈ) માણસના માટે સૌથી લાભદાયી છે, કેમ કે એ એટલી વિશ્વસનીય કે એના સમાન દુનિયામાં ખાસ કલમા પછી કોઈ નેઅમત નથી. એ ન કેવળ બંદાના ઈમાનને કાયમ રાખે છે બલ્કે અલ્લાહની પકડથી પણ બચાવે છે. જો માણસે સૌ આ઼ફિયતોમાંથી કોઈ આ઼ફિયતને પસંદ કરવી પડે તો દીનની આ઼ફિયતની સરખામણીમાં કોઈ આ઼ફિયતને ન પામશે, જે ન કેવળ અલ્લાહની પકડથી બચાવે છે બલ્કે બંદાઓની બુરાઈથી પણ બચાવે છે.

આફિયતના પ્રકારોમાં શારીરિક આ઼ફિયત પણ સામેલ છે, કેમ કે એ માણસની જિંદગી જ છે જેના કારણે માણસ સારી રીતે ઈબાદત કરી શકે છે અને પોતાના અન્ય કામોના માટે પણ પ્રયત્નો તથા જિદ્દો જેહદ કરી શકે છે.

એ જ પ્રમાણે એમાં ખાનદાનની ભલાઈ (આ઼ફિયત) પણ સામેલ છે જેથી કરીને અલ્લાહ તેમના દીન, અખ્લાક઼, તંદુરસ્તી, હાલતો, રોજી, માલ અને અન્ય દુનિયાવી નેઅમતોમાં બરકત રાખે.

## ★ આ઼ફિયત તથા મુસીબત ★

મુસીબત તથા આજમાઈશ અલ્લાહની પોતાની મખ્લૂક઼ાતના માટે સુન્નત છે, અને અલ્લાહ તઆલાએ એનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઉલ્લેખ કર્યો છે. કેમ કે એ ક્યાં તો ગુનાહોનો કફ્ફારો છે અથવા પછી દરજાઓની બુલંદીનો ઝરીયો છે. માણસ મુસીબતમાં ક્યાં તો પોતાના ગુનાહોના કારણે સપડાય છે અથવા પછી અલ્લાહ પાક પોતાના બંદાઓની આજમાઈશ કરે છે. જેમ કે અંબિયાએ કિરામ તથા અવલિયાએ એઝામની આજમાઈશ થઈ કે જેથી તેમના દરજા બુલંદ થાય.

## ★ અંબિયાએ કિરામની આજમાઈશ ★

અંબિયાએ કિરામ હઝરાતને પણ અજમાવવામાં આવ્યા. હઝરત ઐયૂબ علیہ السلام, હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام, હઝરત મૂસા علیہ السلامની આજમાઈશ થઈ. હઝરત ઐયૂબ علیہ السلامને વિવિધ પ્રકારની બીમારીઓ વડે અજમાવવામાં આવ્યા. હઝરત ખલીલુલ્લાહ علیہ السلامની જાની, માલી બધી જ રીતે આજમાઈશ થઈ, પરંતુ એ હઝરાત અલ્લાહની તૌફીક઼થી અડગ રહ્યા. એ જ પ્રમાણે સૈયદુલ અંબિયા હુઝૂર તાજદારે મદીના صلی اللہ علیہ وسلمની પણ સખત આજમાઈશ થઈ.

કોણ નથી જાણતું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ દાવતે હક઼ક઼ અને તૌહીદના એલાનની રાહમાં પોતાના જ લોકોની એવી એવી મુસીબતો તકલીફો વેઠી કે કોઈ અન્ય હોત તો હિંમત હારી જાત, પણ આપ સબ્ર અડગતાના મજબૂત પહાડ હતા. ઈસ્લામના દુશ્મનોએ ડગલે ને પગલે આપને સતાવ્યા, જૂઠલાવ્યા, આક્ષેપો મૂક્યા, પાગલ તથા દીવાના કહ્યા, જાદૂગર તથા જ્યોતિષના લક઼બ આપ્યા, આપના માર્ગમાં કાંટા બિછાવ્યા, પવિત્ર શરીર પર નાપાકી નાખી,

લાલચો આપી, ધમકીઓ આપી, આર્થિક તથા સામાજિક બહિષ્કાર કર્યો, આપના ચાહકો પર જુલ્મો સિતમ અને કઠણાઈઓના પહાડ તોડયા, આપને કત્લ કરવા તૈયાર થયા.

ખુદ રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદે ગિરામી છે : "મુસીબતો તથા આજમાઈશમાં જેટલો મને નાખવામાં આવ્યો એટલો કોઈ અન્યને નથી નાખવામાં આવ્યો.

એ જ પ્રમાણે આપના સહાબીઓ પર જેટલા જુલ્મો કરવામાં આવ્યા તે કોઈ અન્ય ઉમ્મત પર નથી કરવામાં આવ્યા.

આમ ઈન્સાનો પર જે પણ પરેશાની તથા મુશ્કેલીઓ આવે છે અથવા એશો આરામ મળે છે એ સૌ આજમાઈશના પ્રકારો છે.

રબ તઆલાનું ફર્માન છે :–

وَ لَنَبْلُوَنَّكُمْ بِشَیْءٍ مِّنَ الْخَوْفِ وَ الْجُوْعِ وَ نَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَ الْاَنْفُسِ وَ الثَّمَرٰتِؕ وَ بَشِّرِ الصّٰبِرِیْنَۙ﴿۱۵۵﴾ الَّذِیْنَ اِذَاۤ اَصَابَتْهُمْ مُّصِیْبَةٌۙ قَالُوْۤا اِنَّا لِلّٰهِ وَ اِنَّاۤ اِلَیْهِ رٰجِعُوْنَؕ﴿۱۵۶﴾ اُولٰٓىٕكَ عَلَیْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَ رَحْمَةٌ۫ وَ اُولٰٓىٕكَ هُمُ الْمُهْتَدُوْنَ﴿۱۵۷﴾

"અને જરૂર અમે તમને અજમાવીશું કાંઈક ડર તથા ભૂખ વડે અને કાંઈક માલો તથા જાનો અને ફળોની કમીથી. અને ખુશખબરી સંભળાવ એ સબ્રવાળાઓને જ્યારે એમના પર કોઈ મુસીબત પડે તો કહે, અમે અલ્લાહના માલ છીએ અને અમારે એની જ તરફ ફરવાનુ છે. આ લોકો છે જેમના પર તેમના રબની દુરૂદો છે અને રહમત, અને એ જ લોકો રાહ પર છે."

*(સૂ. બકરહ, ૧૫૫, ૧૫૬, ૧૫૭ કન્ઝુલ ઈમાન)*

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : ઈમામ શાફઈ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ આ આયતની તફસીરમાં ફર્માવ્યું કે, ખૌફથી અલ્લાહનો ડર, ભૂખથી રમઝાનના રોઝા, માલોની કમીથી ઝકાત તથા સદકા આપવા, જાનોની કમીથી બીમારીઓ થકી મૃત્યુઓ થવાં, ફળોની કમીથી ઔલાદનું મૃત્યુ મુરાદ છે એટલા માટે કે **ઔલાદ દિલનું ફળ** હોય છે.

હદીષ શરીફમાં છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ બંદાનું બાળક મરે છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે, તમે મારા બંદાના બાળકની રૂહ કબ્ઝ કરી ? તેઓ અર્ઝ કરે છે કે, હા ! યા રબ ! પછી ફર્માવે છે : તમે એના દિલનું ફળ લઈ લીધુ ? અર્ઝ કરે છે, હા ! યા રબ ! ફર્માવે છે, એના પર મારા બંદાએ શું કહ્યું ? અર્ઝ કરે છે, તેણે તારી હમ્દ કરી, અને اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ પઢયુ. ફર્માવે છે : **એના માટે જન્નતમાં મકાન બનાવો** અને એનુ નામ બયતુલ હમ્દ રાખો.

## ★ નેઅમતોના બારામાં પૂછવામાં આવશે ★

દીન તથા દુનિયાની ઘણી નેઅમતોની પ્રાપ્તિ અને તેનાથી ફાયદો ઉઠાવવું તંદુરસ્તીની નેઅમત પર જ મૌકૂફ છે. તંદુરસ્ત શરીર જ તંદુરસ્ત બુધ્ધિ તથા દિમાગ ધરાવી શકે છે. જેથી સારી તદબીર, ઉચ્ચ વિચારધારા અને મજબૂત નિશ્ચય શક્તિ વગેરે જેવી ઉમદા અને આ'લા સિફતો (ખૂબીઓ, ગુણો) વડે સજધજવું તંદુરસ્તીની નેઅમતની સાથે જ શક્ય છે. કુર્આને કરીમ ઈર્શાદ ફર્માવે છે : ثُمَّ لَتُسْـَٔلُنَّ یَوْمَىٕذٍ عَنِ النَّعِیْمِ "પછી બેશક ! જરૂર એ દિવસે તમને નેઅમતો વિશે પૂછતાછ થશે." *(સૂ. તકાષુર, આ. ૮, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહ તઆલાએ માણસને જે પણ નેઅમતો અતા કરી છે, જેમ કે : તંદુરસ્તી તથા રાહત, અમ્ન તથા એશ, અને માલ વગેરે જેનાથી દુનિયામાં લિજ્જતો ઉઠાવતા હતા, પૂછવામાં આવશે કે આ ચીજો કયા કામમાં વાપરી ? એનો શુક્ર અદા કર્યો ? અને શુક્ર ત્યજવા પર અઝાબ કરવામાં આવશે.

وَ اِذْ تَاَذَّنَ رَبُّكُمْ لَىٕنْ شَكَرْتُمْ لَاَزِیْدَنَّكُمْ وَ لَىٕنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِیْ لَشَدِیْدٌ۝

"અને યાદ કરો જ્યારે તમારા રબે સંભળાવી આપ્યું કે જો એહસાન માનશો તો હું તમને અધિક આપીશ અને જો નાશુક્રી કરો તો મારો અઝાબ સખ્ત છે." *(સૂ. ઈબ્રાહીમ, આ. ૭, કન્ઝુલ ઈમાન)*

આ આયતની તફસીરમાં હઝરત સદરુલ અફાઝિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ લખે છે : આ આયતથી જાણવા મળ્યું કે શુક્રથી

નેઅમતમાં વધારો થાય છે. શુક્રની અસ્લ એ છે કે માણસ નેઅમતનો ખયાલ અને તેનુ પ્રદર્શન કરે, અને શુક્રની હક઼ીક઼ત એ છે કે મુન્ઈમ (નેઅમત આપનાર)ની નેઅમતનો તેની તાઝીમની સાથે સ્વીકાર કરે અને નફસને તેનો આદી બનાવે. અહીં એક બારીકી છે તે એ કે બંદો જ્યારે અલ્લાહ તઆલાની નેઅમતો અને તેના વિવિધ જાતના ફઝલો કરમ તથા એહસાનનો અભ્યાસ કરે છે તો એના શુક્રમાં મશગૂલ થાય છે એનાથી નેઅમતોમાં વધારો થાય છે અને બંદાના દિલમાં અલ્લાહ તઆલાની મહોબ્બત વધતી ચાલી જાય છે. આ મકામ ખૂબ જ ઉચ્ચતર અને એનાથી આ'લા મક઼ામ એ છે કે મુન્ઈમ (નેઅમત આપનાર)ની મહોબ્બત ત્યાં સુધી ગાલિબ થાય કે દિલને નેઅમતોની તરફ ધ્યાન બાકી ન રહે. આ મક઼ામ સિદ્દીક઼ોનો છે. અલ્લાહ તઆલા પોતાના ફઝ્લથી આપણને શુક્રની તૌફીક઼ અતા કરે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

નબી કરીમ ﷺનો ઈર્શાદ મુબારક છે :–

إِنَّ أَوَّلَ مَا يُسْتَئَلُ عَنْهُ الْعَبْدُ يَوْمَ الْقِيَامَةِ مِنَ النَّعِيمِ أَنْ يُقَالَ لَهُ : أَلَمْ نَصِحَ لَهُ جِسْمَكَ، أَلَمْ نُرْوِكَ مِنَ الْمَاءِ الْبَارِدِ؟

''ક઼યામતના દિવસે બંદાથી સૌથી પહેલાં નેઅમતો સંબંધે જે સવાલ થશે તે એ કે કહેવામાં આવશે કે શું અમે તને તંદુરસ્ત શરીર નથી આપ્યું અને શું અમે તને ઠંડા પાણીથી તૃપ્ત નથી કર્યો ?

*(મિશ્કાત, કિતાબુર્રિક઼ાક઼, વિભાગ–૨, ૩/૧૪૩૪)*

આપણો ઈસ્લામ જેવી રીતે એવું ચાહે છે કે ઈન્સાન પોતાની તંદુરસ્તીથી ફાયદો ઉઠાવીને તેનો સહીહ ઉપયોગ કરે, એ જ પ્રમાણે તે એવું પણ ચાહે છે કે તંદુરસ્તીની આ મહાન નેઅમતની હિફાઝત કરવામાં આવે અને તેની સલામતીના સબબો તથા માધ્યમો અપનાવવામાં આવે.

નબી કરીમ રઊફો રહીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :

الْمُؤْمِنَ الْقَوِيُّ خَيْرَ وَأَحَبَ إِلَ الى اللّٰهِ مِنَ الْمُؤْمِنِ الضَّعِيْفِ وَفِي كُلِّ خَيْرٌ

''શક્તિવાન મો'મિન કમજોર મો'મિનની સરખામણીમાં અલ્લાહ

તઆલાની નજીક અધિક બેહતર તથા પસંદીદા છે અને દરેકમાં ભલાઈ છે.

*(સહીહ મુસ્લિમ, કિતાબુલ કદર, બાબુલ અમ્ર બિન કુવ્વત, ૪/૨૦૫૨)*

ઈસ્લામમાં તંદુરસ્તીની હિફાઝતની વિવિધ પાસાંથી ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે અને એવી તાલીમાત તથા હિદાયતો આપવામાં આવી છે જેના થકી તંદુરસ્તીની હિફાઝત થઈ શકે. આ તાલીમાત પાકી તથા પાકીઝગી, સૂવા તથા જાગવા, બીમાર તથા પરહેઝગાર, ખાવા તથા પીવા અને તે સર્વ ચીજોથી સંબંધિત છે જેના વાસ્તા સાથે કે વિના વાસ્તાએ ઈન્સાનની તંદુરસ્તી સાથે સંબંધ છે.

ઈસ્લામે સર્વ ખબીસ (ગંદી) તથા નાપાક અને નુકસાનકર્તા ચીજોને હરામ ઠરાવી છે અને કેવળ ફાયદાકારક તથા પવિત્ર ચીજો ખાવાની હિદાયત આપી છે જેથી તંદુરસ્તીની રક્ષા થઈ શકે. જેમ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : يَسْـَٔلُوْنَكَ مَاذَآ اُحِلَّ لَهُمْ ؕ قُلْ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ "હે મહબૂબ ! તમને પૂછે છે કે તેમના માટે શું હલાલ થયું ? તમે ફર્માવી દો કે હલાલ કરવામાં આવી તમારા માટે પાક ચીજો. *(સૂ. માઈદા, આ. ૪, કન્ઝુલ ઈમાન)*

આ આયતથી સ્પષ્ટ છે કે પાકીઝા ચીજો હરામ નથી કરવામાં આવી. વધુમાં નબી કરીમ ﷺના બારામાં અલ્લાહ તઆલા ફર્માવે છે : وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ "અને સ્વચ્છ ચીજો તેમના માટે હલાલ કરશે અને ગંદી ચીજો તેમના પર હરામ કરશે."

*(સૂ. અઅરાફ, આ. ૧૫૭, કન્ઝુલ ઈમાન)*

ઈસ્લામે જે ચીજોને તેમની ખબાષત (ગંદકી) તથા નુકસાનકર્તા હોવાના કારણે હરામ ઠરાવી છે એમનામાં અમુક તો તે છે જેમની અંદર રૂહાની નાપાકી જોવામાં આવે છે જે ઈન્સાનની રૂહ અને તેની દીની તથા રૂહાની જિંદગીના માટે તબાહી લાવે છે, અને કેટલીક તે છે જેના નુકસાનનો શિકાર ઈન્સાનનું શરીર હોય છે. નીચે જણાવેલ આયતમાં આ બંને પ્રકારની કેટલીક ચીજોની હુર્મત વર્ણવતાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

حُرِّمَتْ عَلَيْكُمُ الْمَيْتَةُ وَ الدَّمُ وَ لَحْمُ الْخِنْزِيْرِ وَ مَاۤ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ وَ الْمُنْخَنِقَةُ وَ الْمَوْقُوْذَةُ وَ الْمُتَرَدِّيَةُ وَ النَّطِيْحَةُ وَ مَاۤ اَكَلَ السَّبُعُ اِلَّا مَا ذَكَّيْتُمْ ۫ وَ مَا ذُبِحَ عَلَى النُّصُبِ وَ اَنْ تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ ؕ ذٰلِكُمْ فِسْقٌ ؕ

"તમારા પર હરામ છે મુરદાર અને લોહી અને સુવ્વરનો ગોશ્ત અને જેના ઝબહમાં ગૈરે ખુદાનું નામ પોકારવામાં આવ્યું, અને તે જે ગળુ, ઘોંટવાથી મરે અને ધાર વિનાની તલ્વારથી મારવામાં આવેલું અને જે પડીને મરી ગયું અને જેને કોઈ જાનવરે શીંગડુ માર્યું અને જેને કોઈ જંગલી જાનવર ખાય ગયું, પણ જેને તમે ઝબહ કરી લો (તે હલાલ છે) અને જે કોઈ સ્થાનક પર ઝબહ કરવામાં આવ્યું અને પાસા નાખીને વહેંચ્યા કરવું એ ગુનાહનું કામ છે. *(સૂ. માઈદા, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

## ★ શરાબ, અફીણ, તંબાકુ અને સિગરેટ પીવા વિશે હુકમ ★

یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْۤا اِنَّمَا الْخَمْرُ وَ الْمَیْسِرُ وَ الْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّیْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۝۹۰ اِنَّمَا یُرِیْدُ الشَّیْطٰنُ اَنْ یُّوْقِعَ بَیْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِی الْخَمْرِ وَ الْمَیْسِرِ وَ یَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَ عَنِ الصَّلٰوةِ ۚ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ۝۹۱

"હે ઈમાનવાળાઓ ! દારૂ તથા જુગાર અને મૂર્તિ તથા પાસા નાપાક જ છે શૈતાની કામ, તો એનાથી બચતા રહેશો કે તમે ભલાઈ પામો. શૈતાન એ જ ચાહે છે કે તમારામાં વેર તથા દુશ્મની નંખાવી દે દારૂ તથા જુગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે, તો શું તમે દૂર રહ્યા ?!"

*(સૂ. માઈદા, આ. ૯૦,૯૧, કન્ઝુલ ઈમાન)*

એક મક઼ામ પર ઈર્શાદ છે :–

یَسْــٴَـلُوْنَكَ عَنِ الْخَمْرِ وَ الْمَیْسِرِ ؕ قُلْ فِیْهِمَاۤ اِثْمٌ كَبِیْرٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ ۫ وَ اِثْمُهُمَاۤ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا ؕ

"લોકો આપને દારૂ તથા જુગારનો મસ્અલો પૂછે છે, તમે કહી દો, એ બંનેમાં ઘણો જ મોટો ગુનોહ છે, અને લોકોને એનાથી દુનિયવી ફાયદો પણ

થાય છે, પરંતુ એનો ગુનોહ એના નફાથી ઘણો જ વધારે."

*(સૂ. બક઼રહ, આ. ૨૧૯, કન્ઝુલ ઈમાન)*

હદીષે પાકમાં છે :–

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ، عَنْ أَبِيهِ، أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: لَعَنَ اللّٰهُ الْخَمْرَ، وَلَعَنَ سَاقِيَهَا، وَشَارِبَهَا، وَعَاصِرَهَا، وَمُعْتَصِرَهَا، وَحَامِلَهَا، وَالْمَحْمُولَةَ إِلَيْهِ، وَبَائِعَهَا وَمُبْتَاعَهَا، وَآكِلَ ثَمَنِهَا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ શરાબ પર, શરાબ પીનારાઓ પર, શરાબ પીવડાવનારાઓ પર, શરાબ વેચનારાઓ પર, શરાબ ખરીદનારાઓ પર, શરાબ નીચોવનારાઓ પર, શરાબ ઊંચકીને લાવનારાઓ પર અને મંગાવનારાઓ પર લઅનત કરી છે. *(મુસ્તદરક લિલ હાકિમ, કિતાબુલ બુયૂઅ, હદીષ ઈસ્માઈલ બિન જઅફર બિન અબી કષીર, ૨/૩૭)*

હદીષે પાકમાં છે :–

مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْآخِرِ فَلَا يَقْعُدُ عَلٰى مَآئِدَةٍ يُشْرَبُ عَلَيْهَا الْخَمْرُ

"જે પણ અલ્લાહ તઆલા અને આખેરતના દિવસ પર ઈમાન ધરાવે છે તે એવા દસ્તરખાન પર ન બેસે જ્યાં શરાબ પીવામાં આવતી હોય."

*(મુસ્નદે અહમદ, જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, ૨૩/૧૯)*

## ★ તંબાકુ પીવાનો (ધુમ્રપાન વિશે) હુકમ ★

તંબાકુ પીવાના બારામાં ઉલમાએ કિરામના વિવિધ કથનો છે : અમુકે હરામ, અમુકે મકરૂહ અને અમુકે મુબાહ ઠરાવેલ છે.

અર્વાચીન સંશોધનથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે તંબાકુ પીવું શરીર તથા તંદુરસ્તીના માટે અત્યંત નુકસાનકર્તા છે. એનાથી કેવળ ફેફસાંનું કેન્સર જ નહીં, બલ્કે અંધાપો, ડાયાબિટિશ, જિગર તથા મોટા આંતરડાનું કેન્સર જેવી બીમારીઓ પણ થઈ શકે છે, તદ્ ઉપરાંત સ્ત્રીઓમાં સિગરેટ

પીવાની અસરો સગર્ભા દરમિયાન તકલીફો, સાંધાઓનું દર્દ અને શરીરની રોગ પ્રતિકારક વ્યવસ્થાની કમજોરીના સ્વરૂપમાં જાહેર થઈ શકે છે. વિશ્વ સ્તરે તંદુરસ્તીને લાગુ થતા ખતરાઓમાં તંબાકુનું સેવન (ધુમ્રપાન)ની વબા સૌથી વિનાશક છે.

અમેરિકા અને બ્રિટનના વૈજ્ઞાનિકો વરસો વરસના રિસર્ચ અને સંશોધન પછી એ નિર્ણયે પહોંચ્યા છે કે ૯૦% મૃત્યુ ફેફસાંઓના કેન્સરથી, ૬૫% દિલની બીમારીઓથી ૭૫% લોહી તથા શ્વાસોશ્વાસની વ્યવસ્થાની ખરાબીઓથી થાય છે.

તંબાકુ તથા સિગરેટ પીવાથી આંધળાપણુ, શુગર, દિલની બીમારીઓ અને મોટા આંતરડાના કેન્સર જેવી બીમારીઓ પેદા થઈ શકે છે. ધુમ્રપાનને મૃત્યુ પહેલાં મૃત્યુનો સબબ બનવાની બીમારી પણ કહેવામાં આવી શકે છે. ધુમ્ર પાન કરનાર પોતે તો એ બીમારીઓના શિકાર બને જ છે પરંતુ તે લોકો જેમને એ ધૂમાડા સ્પર્શીને પસાર થાય છે તેઓ દિલની બીમારીના શિકાર થઈ શકે છે. ધુમ્રપાન કરનારાને નજરની કમજોરી જેવી બીમારી પેદા થઈ શકે છે. એવી સ્ત્રીઓ જેઓ સગર્ભાવસ્થા દરમિયાન તંબાકુનું ધુમ્રપાન કરે છે તેમને ત્યાં બાળકોની પેદાઈશમાં અસર પામી શકે છે, હોઠ કપાયેલા બાળકની પેદાઈશ પણ થઈ શકે છે. તદ્ ઉપરાંત સગર્ભાવસ્થા દરમિયાન મુશ્કેલીઓ પણ પેદા થઈ શકે છે. શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં તથા સાંધાઓનું દર્દ પણ પેદા થઈ શકે છે.

જે ઉલમાએ સિગરેટ તથા તંબાકુના ધુમ્રપાનને હરામ ઠરાવેલ છે, તેમની નજરમાં અલ્લાહ તઆલાનું આ ફર્માન છે : وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ ۭ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا "પોતે પોતાને કત્લ ન કરો, યકીનન ! અલ્લાહ તઆલા તમારા પર મહેરબાન છે."

*(સૂ. નિસાઅ, આ. ૨૯, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ "પોતાના હાથે પોતાને મૃત્યુ તથા તબાહી તરફ ન નાખો." *(સૂ. બકરહ, આ. ૧૯૫, કન્ઝુલ ઈમાન)*

ડોક્ટરી લેહાઝથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે આ પ્રકારની ચીજોનો ઉપયોગ નુકસાનનો સબબ છે. (દરરોજ સેંકડો તથા હજારો વ્યક્તિઓનાં મૃત્યુ સિગરેટ તથા તંબાકુના ધુમ્રપાનથી પેદા થનારી વિવિધ બીમારીઓ ખાસ કરીને કેન્સરથી થાય છે) જ્યારે એ નુકસાનકર્તા છે તો તેના મના હોવામાં શંકા ન હોવી જોઈએ.

જો કોઈ શખ્સ કેવળ તબીઅતની અરૂચી અને કરાહતના કારણે કોઈ ચીજને વાપરતો નથી તો એમાં કોઈ વાંધો નથી બલ્કે તંદુરસ્તી અને મેડિકલના એતબારથી એમાં ફાયદાનું પાસુ છે.

નબી કરીમ ﷺની ખિદમતે પાકમાં સાંઢનો શેકેલો ગોશ્ત પેશ કરવામાં આવ્યો તો આપે ખાધો નહીં. પૂછવામાં આવ્યું કે શું આ હરામ છે ? તો આપે ફર્માવ્યું : وَلٰكِنْ لَمْ يَكُنْ بِاَرْضِ قَوْمِيْ فَاَجِدُنِيْ اَعَافُه નહીં ! પરંતુ અમારે ત્યાં એ જાનવર નથી જોવામાં આવતુ, જેથી મારી તબીઅત એને નથી સ્વીકારતી.''
*(મુસ્લિમ, શરીફ, કિતાબુસ્સૈદ વઝ્ઝબાએહ, બાબુ અબાહતુઝ્ ઝિબ્હે, ૩/૧૫૪૩)*

અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ શરહે સહીહ મુસ્લિમમાં વિવિધ ફક઼ીહોના ખયાલો લખ્યા બાદ જણાવે છે :–

''લેખકનું મંતવ્ય એ છે કે જો માણસ કદી કદી તંબાકુ પી લે (ધુમ્રપાન કરે) તો એ મુબાહ છે, પરંતુ તંબાકુ પીવાની, ધુમ્રપાનની આદત બનાવી લેવી અને સતત (કાયમી ધોરણે) ધુમ્રપાન કરવું જાઈઝ નથી. કેમ કે હવે અર્વાચીન મેડિકલ સાયન્સની આ તેહકીક઼ને સર્વ દુનિયામાં સ્વીકારી લેવામાં આવેલ છે કે તમાકુનું ધુમ્રપાન માણસની તંદુરસ્તી માટે નુકસાનકારક છે. તંબાકુથી સામાન્યપણે લોકોને ખાંસી થઈ જાય છે એ એક સામાન્ય અનુભવ છે જેનો ઈન્કાર નથી કરી શકાતો ................ આપણી પાસે આ શરીર અલ્લાહની અમાનત છે, આપણને એ શરીરને નુકસાન પહોંચાડવાનો કોઈ અધિકાર નથી. અને દરેક તે ચીજ જેનાથી શરીરને નુકસાન પહોંચે તેનાથી બચવું લાઝિમ છે અને તેમાં પડવું મના છે.

## ★ ચરસ, અફીણ અને અન્ય નશાકારક ચીજો હરામ છે ★

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : كُلُّ مُسْكِرٍ خَمْرٌ وَكُلُّ مُسْكِرٍ حَرَامٌ "દરેક નશાકારક ચીજ શરાબ છે અને દરેક નશાકારક ચીજ હરામ છે."

એમાં દરેક નશાકારક ચીજ હરામ છે, ચાહે તે નશાકારક ખાવાની ચીજ હોય કે પીવાની, ઘન હોય કે પ્રવાહી, જો તે શરાબની (નશો લાવવાની) તાષીર ધરાવે છે તો હરામ છે. જો કોઈ હશીશ, ચરસ વગેરેને પ્રવાહી સ્વરૂપમાં ઢાળીને પી લે તો એ પણ હરામ થશે. નબી કરીમ صلی اللہ علیہ وسلم જવામિઉલ કિલમથી સંબોધિત હતા. આપ એવા સમૃધ્ધ શબ્દ બોલતા જે ઉપયોગના એતબારથી આમ અને પોતાના ભાવાર્થમાં સામેલ સર્વ ચીજો પર આધારિત હોતો, ચાહે તે આપના જમાનામાં મૌજૂદ હોય કે ન હોય.

આના આધારે નશાકારક ચીજોના સર્વ પ્રકારો (ચરસ, અફીણ, હેરોઈન વગેરે) હરામ છે અને તેના પર ખમ્ર (શરાબ)નું નામ લાગુ થાય છે, કેમ કે એ નશાકારક છે અને બુધ્ધિને ગુમ કરી દે છે. ફાસિક તથા ફાજિર લોકો મસ્તી આનંદની કૈફિયત પેદા કરવા માટે તેને લે છે, અને એ ગુણો શરાબમાં જોવા મળે છે.

## ★ ખાવામાં મધ્યમાર્ગ અપનાવવાનું ધ્યાન રાખો ★

ઈસ્લામ ધર્મમાં સર્વ ગંદી, નાપાક ચીજોને હરામ ઠરાવવામાં આવી અને પાકીઝા ચીજોને ખાવાની ખુલ્લી છૂટ આપી, પરંતુ સાથોસાથ એ વાતની પણ તાકીદ કરી કે ખાવા પીવાના બારામાં મધ્યમ માર્ગ અપનાવવામાં આવે અને ફુઝૂલખર્ચીથી બચવામાં આવે. રબ તઆલાનો ઈર્શાદ છે : وَّكُلُوْا وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْا "ખાવ, પીવો અને હદથી આગળ ન વધો."

*(સૂરએ અઅરાફ, આયત : ૩૧)*

ખાવામાં ફુઝૂલખર્ચી શું છે ? એના અનુસંધાનમાં ઈમામ કુર્તબી લખે છે :

اَلْإِسْرَافُ: اَلْأَكْلُ بَعْدَ الشَّبْعِ "ફુઝૂલખર્ચી પેટ ભરાય ગયા પછી ખાતા રહેવાનું નામ છે." *(તફસીરે કુર્તબી, ૭/૧૯૫)*

ઉપરોક્ત આયતના અનુસંધાનમાં કોઈએ કહ્યું કે, આમાં અલ્લાહ તઆલા અડધી તિબ્બ (ડોકટરી) ભેગી કરી આપી છે. સાચી વાત એ છે કે તંદુરસ્તીની હિફાઝતનો એક અત્યંત ઉચ્ચ કાયદો આ આયતમાં વર્ણવી દેવામાં આવ્યો છે અને તે છે ખાવા પીવાના બારામાં મધ્યમ માર્ગને અપનાવી રાખવો.

## ★ ખાવામાં અતિરેક (અમાપ)નાં નુકસાનો ★

ખાવામાં ફુઝૂલખર્ચી અને અમાપ ખાવાની વૃત્તિ શરીઅતની રૂએ પણ નુકસાનકર્તા છે, શારીરિક રીતે પણ નુકસાનકર્તા છે અને બુદ્ધિ ચિંતનના એતબારથી પણ નુકસાન કર્તા છે.

શરઈ રીતે એનું નુકસાન એ છે કે એમાં કુર્આની હુકમ "ખાવ પીવો અને હદથી આગળ ન વધો"ની વિરુદ્ધતા જોવા મળે છે. એના ઉપરાંત એમાં નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء ની ઘણી બધી હદીષોની વિરુદ્ધ વર્તન પણ મૌજૂદ છે.

નબી કરીમ રઊફો રહીમ ﷺએ આદેશ આપ્યો :–

كُلُوا وَاشْرَبُوا وَالبَسُوا وَتَصَدَّقُوا فِي غَيْرِ إِسْرَافٍ وَلَا مَخِيلَةٍ

"ખાવો, પીવો, લિબાસ પહેરો અને સદક઼ો કરો પણ ફુઝૂલખર્ચી અને ઘમંડ વિના." *(બુખારી કિતાબુલ લિબાસ, ૭/૧૪૦)*

આ હદીષમાં ખાવામાં ફુઝૂલખર્ચી તથા અમાપની વૃત્તિથી પરહેઝ કરવાના હુકમની સાથે એ વાતની પણ હિદાયત મૌજૂદ છે કે ખાવાના બારામાં ઘમંડપૂર્ણ રવિશ ન અપનાવવી જોઈએ કે એના બારામાં એકબીજાથી ઊંચે ઉઠવાની અને એકબીજાને નીચા દેખાડવાની, બીજાને કમતર સાબિત કરવાનો માહોલ પેદા થઈ જાય.

અફસોસની વાત છે કે આજે મુસલમાનોની તરફથી ખાસ કરીને દા'વતોમાં આ બંને હુકમોનો ખૂબ ખૂબ મજાક ઉડાડવામાં આવી રહેલ છે.

ઈસ્રાફ તથા ફુઝૂલખર્ચીવાળી દા'વતો હવે તદ્દન સામાન્ય થતી જઈ રહી છે. સાથોસાથ આ બારામાં અકેબીજાની આગળ વધવાની અને એકબીજાને નીચો બતાવવાની પણ જાણે હરીફાઈ થઈ રહી છે. **તે લોકો જેઓ દીની કામોના માટે સો બસો રૂપિયા ખર્ચ કરવાથી પહેલાં સો વાર વિચારે છે તેઓ જ જ્યારે દા'વતોના નામ પર ખર્ચ કરવા માંડે છે તો જાણે સમયના હાતિમ બની જાય છે !** જાહેર વાત છે કે એની પાછળ નામના તથા વાહવાહીની ખ્યાતિ પામવાનો જઝબો જ કાર્યરત હોય છે. ઈલ્લા માશા અલ્લાહ !

આજે મુસ્લિમ ઉમ્મતના લાખો તથા કરોડો રૂપિયા આ નિરર્થક અને લાભહિન ગર્વના જઝબાની ભેટ ચઢી રહ્યા છે. કાશ ! અને યોગ્ય હેતુસર ખર્ચ કરવામાં આવતા તો ઉમ્મતના માટે સર્વાંગે ભલાઈના ન જાણે કેટલા માર્ગો ખુલી જતા.

**મારો પોતાનો અનુભવ છે કે વલીમાની દા'વતમાં ડઝનબંધી પ્રકારનાં ખાણાઓની વ્યવસ્થા કરવામાં આવી અને લાખો રૂપિયા મોઢાની લિજ્જતના માટે બે ચાર કલાકોમાં પાણીની જેમ વહાવી દેવામાં આવ્યા. જે ક઼ૌમનાં બાળકો અનાજની કમીના શિકાર છે, જેમને બે સમયની રોટી નસીબ નથી થતી, એ ક઼ૌમના માલદારોનો આ હાલ છે.** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેમને બુદ્ધિ તથા સમજ અતા કરે અને ફુઝૂલખર્ચી તથા ફોગટ માલ વેડફવાથી બચાવે. આમીન

## ★ પેટના ત્રણ ભાગો ★

નબી કરીમ રઊફો રહીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء નો આદેશ છે :–

مَا مَلَا آدَمِيٌ وِعَاءً شَرًّا مِنْ بَطْنِهِ بِحَسْبِ ابْنِ آدَمَ أَكُلَاتٌ يُقِمْنَ صَلْبَهُ، فَإِنْ كَانَ لَا مُحَالَةَ فَثُلُثٌ لِطَعَامِهِ وَثُلُثٌ لِشَرَابِهِ، وَثُلُثٌ لِنَفْسِهِ

"કોઈ માણસે પેટથી બુરુ કોઈ વાસણ નથી ભર્યું. આદમના પુત્ર માટે થોડાક કોળિયા જ પૂરતા છે જ તેની પીઠને સીધી કરી આપે. જો અધિક ખાવું

જ છે તો એક તૃતિયાંશ (૧/૩) ખાવા માટે, ૧/૩ પાણી માટે અને ૧/૩ શ્વાસ લેવા માટે રાખે. *(સુનને તિર્મિઝી, અબ્વાબુઝ ઝુહદ, ૪/૧૬૮)*

નબીયે કૌનૈન સાહિબે ઝુલ ક઼િબ્લતૈન ﷺએ ઓછા ખાવા માટે પ્રોત્સાહિત કરતાં ફર્માવ્યું :–

طَعَامِ الْوَاحِدِ يَكْفِى الْإِثْنَيْنِ وَطَعَامُ الِاثْنَيْنِ يَكْفِي الْأَرْبَعَةَ وَطَعَامُ الْأَرْبَعَةِ يَكْفِي الثَّمَانِيَةَ

"એક માણસનું ખાણુ બે માણસોને કિફાયત કરે છે. અને બે માણસોનું ખાણુ ચાર માણસોને પૂરતુ થઈ જાય છે. અને ચાર માણસોનું ખાણુ આઠ માણસોને પૂરતુ થઈ જાય છે." *(મુસ્લિમ, કિતાબુલ અશ્રબા, ફઝીલતુલ મવાસાત ફી ત્તઆમિલ ક઼લીલ, ૩/૬૩૦૧)*

એક રિવાયતના શબ્દો છે :–

كُلُوْا جَمِيعًا وَلَا تَفَرَّقُوْا فَإِنَّ طَعَامَ الْوَاحِدِ يَكْفِي الِاثْنَيْنِ وَطَعَامَ الِاثْنَيْنِ يَكْفِي الْأَرْبَعَةَ

"ભેગા મળીને ખાયા કરો, અલગ અલગ ન ખાયા કરો. બેશક ! એક માણસનું ખાણુ બે માણસોને કિફાયત કરે છે અને બે માણસોનું ખાણુ ચારને પૂરતુ થઈ જશે." *(તિબ્રાની અલ અવસત, મિન ઈસ્મુહૂ મુહમ્મદ, ૩/૨૫૯)*

એ જ પ્રમાણે નબી કરીમ ﷺનું આ ફર્માન છે. આપ ફર્માવે છે :–

اِنَّ الْمُؤْمِنَ يَأْكُلُ فِي مِعًى وَاحِدٍ وَ الْكَافِرُ يَأْكُلُ فِي سَبْعَةِ أَمْعَاءٍ

"બેશક ! મો'મિન એક આંતરડામાં ખાય છે જ્યારે કે કાફિર સાત આંતરડામાં ખાય છે." *(સહીહ બુખારી, કિતાબુલ અત્ઈમ્મા, ૭/૭૨)*

રસૂલે કરીમ ﷺએ અમાપ ખાવાને સખત નાપસંદ કરેલ છે : સૈયદના ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી કરીમ ﷺની પાસે એક માણસને ઓડકાર આવ્યો તો આપે ફર્માવ્યું :–

كُفَّ عَنَّا جُشَائَكَ فَإِنَّ اَكْثَرَهُمْ شَبْعًا فِي الدُّنْيَا أَطْوَلُهُمْ جُوْعًا يَوْمَ الْقِيَامَةِ

**"અમારાથી તમારો ઓડકારો રોકી રાખો કેમ કે દુનિયામાં ધરાઈને ખાવાવાળા મોટાભાગના લોકો ક઼યામતના દિવસે ભૂખ્યા હશે."** *(સુનને તિર્મિઝી, સિફતુલ કિયામહ વ ર્રક઼ાઈક઼, ૪/૨૩૦)*

## ★ અધિક ખાવાનાં નુકસાનો ★

પેટ ભરીને ખાવુ અને ખૂબ અધિક ખાવાના શરઈ તથા દીની નુકસાનોમાંથી એ પણ છે કે ઈબાદતોને અંજામ આપવામાં અને શરઈ હુકમો પર અમલ કરવામાં સુસ્તી તથા કમજોરી બલ્કે એનાથી ભાગવાની તથા બેઝારીની આદત તથા રવિશ પેદા કરે છે. જેમ કે નબી પાક ﷺની હદીષોનો ઈન્કાર કરવાવાળાઓના ફિત્નાની તરફ નિર્દેશ કરતાં ફર્માવ્યું : "ખબરદાર થઈ જાવ ! મને કુર્આન આપવામાં આવ્યું છે અને એની સાથે એના જેમ. ખબરદાર ! નજીક છે કે એક પેટ ભરેલો શખ્સ પોતાના સોફા પર ટેક લગાડીને એવું કહેશે કે તમે કેવળ કુર્આનને લાઝિમ પકડો, જે તમે એમાં હલાલ પામો તેને જ હલાલ સમજો અને જેને હરામ પામો તેને જ હરામ સમજો."

નબી કરીમ ﷺએ (હદીષોનો) ઈન્કાર કરનારાની ખાસિયતો "પેટ ભરેલો" અને "ટેકો લગાડેલો" વર્ણવી. એનામાં એનો ઈન્કાર તથા ગુમરાહીના અસલ કારણની તરફ નિર્દેશ છે કે આ હદીષથી જાન છોડાવવાની વાત અસલમાં તેની આરામપસંદી અને શરીઅત બેઝારીનું પરિણામ છે. તે રસ્તેથી અમલી ઈસ્લામથી પોતાનો દામન ઝાટકી લેવા ચાહે છે, એટલા માટે કે હદીષો વિના ઈસ્લામનો અમલી વજૂદ શક્ય જ નથી.

મશહૂર બુઝુર્ગ હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہનો કૌલ છે :

**مَا شَبِعْتُ قَطُّ إِلَّا عَصَيْتُ، أَوْ هَمَمْتُ بِمَعْصِيَةٍ "હું જ્યારે પણ ભર પેટ ધરાયો, તો ક્યાં તો ગુનાહમાં સપડાયો અથવા કમસે કમ ગુનાહનો ખયાલ દિલમાં પેદા થયો."** *(અહયાઉલ ઉલૂમ, ૩/૮૬)*

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ કહે છે : **"બે ચીજો દિલની સખ્તીનો સબબ બને છે. વધુ બોલવું અને વધુ ખાવું."** *(અલ આદાબુશ્શરીઅહ, ૩/૧૯૫)*

ઈમામ સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **"જો તમે ચાહો છો કે તમારું શરીર સારું રહે અને ઊંઘ ઓછી આવે, તો ખાવા ઓછુ ખાવ !"**

*(જામિઉલ ઉલૂમ વલ હકમ લિઈબ્નિ રજબુલ હસંબલી, ૨/૪૭૨)*

અર્વાચીન મેડિકલ સંશોધનથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે દિલની બીમારીઓ હોય અથવા હોજરી કે પેટથી સંબંધિત બીમારીઓ અથવા જાડાપણાની મુસીબત હોય અથવા શુગરની મૂઝી બીમારી, એ સૌની પાછળ અમાપ ખાવાનો જબરદસ્ત રોલ છે.

## ★ અધિક ખાવાના બૌદ્ધિક નુકસાનો ★

અને રહી વાત અધિક ખાવાનાં બૌદ્ધિક તથા દિમાગી નુકસાનોની, તો એના અનુસંધાનામાં બુઝુર્ગોના આ અમુક કથનો પણ વાંચતા ચાલો. હઝરત લુકમાન હકીમ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ એ કહ્યું : ''હે મારા પુત્ર ! જ્યારે પેટ ભરાય જાય છે તો ચિંતન સૂઈ જાય છે, હિકમત ખામોશ થઈ જાય છે અને શરીરનાં અંગો ઈબાદત અંજામ આપવાથી આજિઝ થઈ જાય છે.''

*(અહયાઉલ ઉલૂમ, ૩/૮૨)*

હઝરત ઈમામ હસન બસરી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે : ''કોઈ ભરેલુ પેટ હિકમતનું સ્થાન નથી બની શકતું.'' *(જામિઉલ ઉલૂ વલ હકમ, ૨/૪૭૧)*

હઝરત હસન બસરી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ નો કૌલ છે : ''હે આદમના બેટા ! પોતાના એક તૃતિયાંશ (૧/૩) પેટમાં ખાવ, ૧/૩માં પીઓ અને ૧/૩ને શ્વાસ લેવા માટે છોડી આપો જેથી તમે ચિંતન વિચારણા કરી શકો.''

*(જામિઉલ ઉલૂમ વલ હકમ)*

હઝરત ઈમામ શાફઈ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે : ''મેં સોળ વરસોથી ભરપેટ નથી ખાધુ..... એટલા માટે કે ભરપેટખોરી શરીરને ભારે કરી આપે છે, બુદ્ધિ તીવ્રતાને મિટાવી દે છે, ઊંઘનો સબબ બને છે, અને ભરપેટ ખાનારો શખ્સ ઈબાદતોના બારામાં કમજોરીમાં પડી જાય છે.'' *(ઉપર મુજબ)*

આ કથનોથી જેવી રીતે અમાપ ખાવા અને ભરપેટ ખાવાના નુકસાનો જાહેર છે તેવી જ રીતે એ વાત પણ સ્પષ્ટ છે કે આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) ભરપેટ ખાવાને પસંદ કરતા ન હતા.

હઝરત સૈયદના ઉમર رَضِیَ اللہُ عَنْہ એ પોતાના એક ખિતાબમાં ફર્માવ્યું : ''હે

લોકો ! ભરપેટ ખાવાથી બચો ! કેમ કે એ નમાઝના બારામાં સુસ્તી પેદા કરે છે અને શરીર માટે નુકસાનકારક છે. અને તમારા ખોરાકના બારામાં મધ્યમ માર્ગ અપનાવો એ ઘમંડ તથા અકડુપણાથી દૂર રાખનાર છે, શરીરની તંદુરસ્તીનો ઝરીયો છે અને ઈબાદતો માટે કુવ્વત તથા તાક઼તનો સબબ છે.''

*(અલ્જૂઅ લિઈબ્નિ અબી દુન્યા, ૧/૭૨)*

રબ તઆલા આપણને સર્વ મુસલમાનોને ખાસ કરીને આપણા નવયુવાનોને શિકમપુરી (અમાપ ખાવા, ભરપેટ ખાવા)ની બલાથી મહેફૂઝ રાખે અને અલ્લાહની અતા કરેલ સેહત તથા તંદુરસ્તીને ગનીમત જાણવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)....

## ★ માલદારીને ગનીમત જાણો મોહતાજીથી પહેલાં ★

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની અગણિત નેઅમતોમાંથી એક મહાન નેઅમત માલ તથા દોલત છે. કોઈ શખ્સ માલથી બેનિયાઝ (બેપરવા) નથી રહી શકતો. અને જો માલ મળી જાય તો એની આફતોથી પોતાની જાતને બચાવી લેવી એ ઘણુ મુશ્કેલ કામ છે. માલથી તદન વંચિત રહેવું એ કદી કુફ્ર તથા શિર્ક સુધી પહોંચાડી આપે છે, અને ક્યારેક માલદાર થઈ જવું સરકશી તથા નાફર્માનીનો સબબ બની જાય છે. કાઈનાતની દરેક ચીજનો ખાલિક઼ અલ્લાહ પાક છે, તે જ દરેક ચીજનો માલિક છે, પરંતું ટેમ્પરરી તૌર પર તેણે આપણને ઘણી બધી ચીજોના માલિક બનાવી દીધા છે. હક઼ીક઼ી માલિક અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જ છે અને બંદાઓ તેની અતાથી મજાઝી માલિક છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત માલ આપીને બંદાઓને અજમાવે છે કે બંદાઓ મારા હુકમ પર મારી રાહમાં ખર્ચ કરે છે કે નહીં.

કુર્આને કરીમમાં છે :–

لَتُبْلَوُنَّ فِیْۤ اَمْوَالِکُمْ وَ اَنْفُسِکُمْ ۟ وَ لَتَسْمَعُنَّ مِنَ الَّذِیْنَ اُوْتُوا الْکِتٰبَ مِنْ قَبْلِکُمْ وَ مِنَ
الَّذِیْنَ اَشْرَکُوْۤا اَذًی کَثِیْرًا ؕ وَاِنْ تَصْبِرُوْا وَ تَتَّقُوْا فَاِنَّ ذٰلِکَ مِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿۱۸۶﴾

''બેશક ! જરૂર તમારી આજમાઈશ થશે તમારા માલ તથા તમારી

જાનોમાં, અને બેશક ! જરૂર તમે આગલા કિતાબવાળાઓ અને મુશ્રિકોથી ઘણુ બધુ બુરુ સાંભળશો, અને જો તમે સબ્ર કરો અને બચતા રહો તો એ ઘણી હિંમતનું કામ છે.'' *(સૂ. આલે ઈમરાન, આ. ૧૮૬, કન્ઝુલ ઈમાન)*

રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَ اعۡلَمُوۡۤا اَنَّمَاۤ اَمۡوَالُكُمۡ وَ اَوۡلَادُكُمۡ فِتۡنَةٌ ۙ وَّ اَنَّ اللّٰهَ عِنۡدَهٗۤ اَجۡرٌ عَظِيۡمٌ ﴿۲۸﴾

''અને જાણી રાખો કે તમારા માલ અને તમારી ઔલાદ સૌ ફિત્નો છે અને અલ્લાહની પાસે મહાન સવાબ છે.'' *(સૂ. અન્ફાલ, આ. ૧૨૮, કન્ઝુલ ઈમાન)* અને ફર્માવ્યું,

مَنۡ كَانَ يُرِيۡدُ الۡحَيٰوةَ الدُّنۡيَا وَ زِيۡنَتَهَا نُوَفِّ اِلَيۡهِمۡ اَعۡمَالَهُمۡ فِيۡهَا وَ هُمۡ فِيۡهَا لَا يُبۡخَسُوۡنَ ﴿۱۵﴾

''જે દુનિયાની જિંદગી અને સજાવટ ચાહતો હોય અમે તેમાં તેનું સંપૂર્ણ ફળ આપી દઈશું અને એમાં કમી ન કરીશું.'' *(સૂ. હૂદ, આ. ૧૫, કન્ઝુલ ઈમાન)*

સૂરએ તકાષુરમાં છે :–

اَلۡهٰكُمُ التَّكَاثُرُ ۙ﴿۱﴾ حَتّٰى زُرۡتُمُ الۡمَقَابِرَ ؕ﴿۲﴾ ''તમને ગાફિલ રાખ્યા માલની અધિક તલબીએ, ત્યાં સુધી કે તમે કબરોનું મોં જોયું.'' *(સૂ. તકાષુર, આ. ૧–૨, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવ્યું :–

اَلۡمَالُ وَ الۡبَنُوۡنَ زِيۡنَةُ الۡحَيٰوةِ الدُّنۡيَا ۚ وَ الۡبٰقِيٰتُ الصّٰلِحٰتُ خَيۡرٌ عِنۡدَ رَبِّكَ ثَوَابًا وَّ خَيۡرٌ اَمَلًا ﴿۴۶﴾

''માલ તથા પુત્રો એ જીવતી દુનિયાનો શણગાર છે અને બાકી રહેનારી સારી વાતો તેનો સવાબ તમારા રબને ત્યાં બેહતર અને ઉમદામાં સૌથી ભલી.'' *(સૂ. કહફ, આ. ૪૬)*

**તફસીર** : (માલ તથા ઔલાદ) કૃબ્ર તથા આખેરતની રાહ માટે તોશો (ભાથુ) નથી. હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે માલ તથા ઔલાદ દુનિયાની ખેતી છે અને નેક અમલો આખેરતની. અને અલ્લાહ તઆલા પોતાના ઘણા બધા બંદાઓને આ સૌ અતા કરે છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

નબી કરીમ صلی اللہ علیہ وسلمના ફર્માનથી માખૂઝ ઈબ્ને મુનબ્બહનો કૌલ છે :

''નફ્સની ઈચ્છાઓને અનુસરવાથી દુનિયાની તરફ આકર્ષણ પેદા થાય છે, અને દુનિયા પ્રતિ આકર્ષાવાથી માલ તથા બડાઈની મહોબ્બત દિલમાં પેદા થાય છે. અને માલ તથા મોટાઈની મહોબ્બતથી હરામને હલાલ ઠરાવવાની નોબત આવી જાય છે, જ્યારે કે એનાથી અલ્લાહ નારાજ થાય છે. અને અલ્લાહનો ગઝબ તે બીમારી છે જેનો કોઈ ઈલાજ નથી. અને અલ્લાહની ખુશ્નુદી એવી દવા છે કે તેને કોઈ બીમારી લાગુ નથી થઈ શકતી.

## ★ તકલીફ પહોંચાડવાની મનાઈ ★

અમુક માલદારોને જોવામાં આવ્યા છે કે કોઈ ગરીબ તથા યતીમ તથા વિધવા વગેરેની મદદ કરી આપી, તો બીજાઓને એનો ઉલ્લેખ પોતાની નામના માટે કરવા લાગી જાય છે, જેને સંભાળીને તે ગરીબો, મિસ્કીનો વગેરેને તકલીફ થાય છે. કુર્આને એનાથી મના કર્યું છે. ઈર્શાદ છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا صَدَقٰتِكُمْ ---------- وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿٢٦٤﴾

''હે ઈમાનવાળાઓ ! તમારા સદકા બાતિલ (બેકાર) ન કરી દો એહસાન રાખીને અને તકલીફ પહોંચાડીને એની જેમ જે પોતાનો માલ લોકોને દેખાડવા માટે ખર્ચ કરે અને અલ્લાહ તથા કયામત પર ઈમાન ન લાવે તો એનું દષ્ટાંત એવું છે જેમ કે એક ચટ્ટાન કે એના પર માટી છે, હવે તેના પર જોશભેર પાણી પડયું જેણે તેને નર્યો પથ્થર કરીને છોડયો. પોતાની કમાણીથી કોઈ ચીજ પર કાબૂ ન પામશે, અને અલ્લાહ કાફિરોને રાહ નથી આપતો.

*(સૂ. બકરહ, આ. ૨૬૪, કન્ઝુલ ઈમાન)*

**શાને નુઝૂલ** : આ આયત હઝરત ઉષ્માનગની અને હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہما ના હક્કમાં નાઝિલ થઈ. હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ ગઝવએ તબૂકના મોકા પર ઈસ્લામી લશ્કરના માટે એક હજાર ઊંટ સામાન લાદેલાં પેશ કર્યા. અને અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ એ ચાર હજાર દિરહમ સદકાના બારગાહે રિસાલતમાં હાજર કર્યા અને અર્ઝ કરી કે મારી પાસે કુલ આઠ હજાર દિરહમ હતા તેમાંથી અડધા મેં મારા તથા

મારાં બીવી બચ્ચાં માટે રાખી લીધા અને અડધા રાહે ખુદામાં હાજર છે. સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, જે તમે આપ્યું અને જે તમે રાખ્યું બંનેમાં અલ્લાહ તઆલા બરકત ફર્માવે.

એહસાન રાખવું તો એ છે કે આપ્યા બાદ બીજા લોકો સમક્ષ પ્રદર્શન કરે કે અમે તારી સાથે આવો આવો વર્તાવ કર્યો અને તેને રંજ આપે. અને તકલીફ આપવું એ છે કે તેને શરમ અપાવે કે તું નાદાર હતો, મુફલિસ હતો, મજબૂર હતો, નકામો હતો તો અમે તારી ખબરદારી કરી, અથવા અન્ય રીતે દબાવે, એ મના કરવામાં આવ્યું. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ તકલીફ ન પહોંચાડનારા બદલો પામશે ★

રબ ફર્માવે છે :–

اَلَّذِیۡنَ یُنۡفِقُوۡنَ اَمۡوَالَهُمۡ فِیۡ سَبِیۡلِ اللّٰهِ ثُمَّ لَا یُتۡبِعُوۡنَ مَاۤ اَنۡفَقُوۡا مَنًّا وَّ لَاۤ اَذًی ۙ لَّهُمۡ اَجۡرُهُمۡ
عِنۡدَ رَبِّهِمۡ ۚ وَلَا خَوۡفٌ عَلَیۡهِمۡ وَلَا هُمۡ یَحۡزَنُوۡنَ ﴿۲۶۲﴾

"તેઓ જે પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે, પછી આપ્યા બાદ ન એહસાન રાખે ન તકલીફ આપે, તેમનો નેક (અજ્રો સવાબ) તેમના રબની પાસે છે અને ન કાંઈ અંદેશો હોય ન કાંઈ ગમ."

*(સૂ. બક઼રહ, આ. ૨૬૨, કન્ઝુલ ઈમાન)*

ચાહે ખર્ચ કરવો વાજિબ હોય કે નફ્લ ભલાઈના દરેક રસ્તે આમ છે. ચાહે કોઈ તાલિબે ઈલ્મને કિતાબ ખરીદીને આપવામાં આવે અથવા કોઈ દવાખાનુ બનાવી દેવામાં આવે અથવા મૃત્યુ પામેલાના ઈસાલે સવાબ માટે તીજીયુ, દસમુ, વીસમુ કે ચાળીસાના રૂપે મિસ્કીનોને ખાણુ ખવડાવવામાં આવે. રબ ફર્માવે છે : قَوۡلٌ مَّعۡرُوۡفٌ وَّ مَغۡفِرَةٌ خَیۡرٌ مِّنۡ صَدَقَةٍ یَّتۡبَعُهَاۤ اَذًی ؕ وَاللّٰهُ غَنِیٌّ حَلِیۡمٌ ﴿۲۶۳﴾ "સારી વાત કહેવી અને દરગુઝર કરવું એ ખૈરાત કરતાં બેહતર છે. જેના બાદ સતાવવાનું હોય, અને અલ્લાહ બેપરવા હિલ્મવાળો (સંયમવાળો) છે.

*(સૂ. બકરહ, આ. ૨૬૩, કન્ઝુલ ઈમાન)*

## ★ સૌથી અધિક નુકસાન પામનારા ★

હઝરત સૈયદના અબૂ ઝર رضی اللہ عنہથી મરવી છે. આપ رضی اللہ عنہ ફર્માવે છે : હું નબી કરીમ صلی اللہ علیہ وسلمની પાસે પહોંચ્યો જ્યારે કે આપ صلی اللہ علیہ وسلم કાબતુલ્લાહ શરીફના સાયામાં બિરાજમાન હતા. જ્યારે આપ صلی اللہ علیہ وسلمએ મને જોયો તો ઈર્શાદ ફર્માવ્યો, રબ્બે કા'બાની ક઼સમ ! તેઓ સૌથી અધિક નુકસાન પામનારા છે. હઝરત અબૂ ઝર رضی اللہ عنہ ફર્માવે છે, હું નજીક આવીને બેસી ગયો, જ્યારે આપ صلی اللہ علیہ وسلم વારંવાર એ જ ફર્માવતા જઈ રહ્યા હતા, ત્યાં સુધી કે મેં ઉભા થઈને અરજ પેશ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારાં મા બાપ આપના પર કુર્બાન ! એ કોણ લોકો છે ?! તો હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : તેઓ માલ દોલતની વિપુલતાવાળા હશે, પણ તેઓ જેઓ જમણે, ડાબે, આગળ, પાછળ ખર્ચ કરે, અને તેઓ ઘણા થોડા હશે. અને તેઓ જેઓ ઊંટ અથવા ગાય અથવા બકરીઓના માલિક હોય અને તેમની ઝકાત અદા ન કરે તો તે (જાનવર) ક઼યામતના દિવસે પહેલાં કરતાં વધુ જાડા અને મોટા થઈને આવશે અને પોતાના માલિકને શિંગડાંથી મારશે અને ખરીઓ વડે કચડી નાખશે, ત્યાં સુધી કે સર્વ લોકોનો હિસાબ કિતાબ ખત્મ થઈ જશે.

*(સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝકાત, બાબ તગ્લીતે અક઼્બહ)*

## ★ માલવાળાઓની અજમાઈશ ★

فَاَمَّا الْاِنْسَانُ اِذَا مَا ابْتَلٰىهُ رَبُّهٗ فَاَكْرَمَهٗ وَ نَعَّمَهٗ ۙ فَيَقُوْلُ رَبِّيْۤ اَكْرَمَنِ ﴿۱۵﴾ وَ اَمَّاۤ اِذَا مَا ابْتَلٰىهُ فَقَدَرَ عَلَيْهِ رِزْقَهٗ ۙ فَيَقُوْلُ رَبِّيْۤ اَهَانَنِ ﴿۱۶﴾ كَلَّا بَلْ لَّا تُكْرِمُوْنَ الْيَتِيْمَ ﴿۱۷﴾ وَ لَا تَحٰٓضُّوْنَ عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ ﴿۱۸﴾ وَ تَاْكُلُوْنَ التُّرَاثَ اَكْلًا لَّمًّا ﴿۱۹﴾ وَّ تُحِبُّوْنَ الْمَالَ حُبًّا جَمًّا ﴿۲۰﴾ كَلَّاۤ اِذَا دُكَّتِ الْاَرْضُ دَكًّا دَكًّا ﴿۲۱﴾ وَّ جَآءَ رَبُّكَ ... وَ جِايْٓءَ يَوْمَئِذٍۭ بِجَهَنَّمَ ۙ يَوْمَئِذٍ يَّتَذَكَّرُ الْاِنْسَانُ وَ اَنّٰى لَهُ الذِّكْرٰى ﴿۲۲﴾

''પરંતુ માણસ તો જ્યારે તેને તેનો રબ અજમાવે કે તેને પ્રતિષ્ઠા તથા નેઅમત આપે ત્યારે તો કહે છે કે મારા રબે મને ઈજ્જત આપી. અને જો અજમાવે અને તેની રોજી તેના પર તંગ કરી આપે તો કહે છે, મારા રબે મને ખ્વાર (પરેશાન) કર્યો. એવું નથી, બલ્કે તમે યતીમની ઈજ્જત નથી કરતા અને આપસમાં

એકબીજાને મિસ્કીનને ખવડાવવાનું પ્રોત્સાહન નથી આપતા, અને વારસાનો માલ હપ હપ ખાવ છો અને માલની અતિશય મહોબ્બત ધરાવો છો. હા ! હા ! જ્યારે જમીન ટકરાયને ટુકડે ટુકડા કરી દેવામાં આવે અને તમારા રબનો હુકમ આવે અને ફરિશ્તા હારોની હારમાં આવે અને તે દિવસે જહન્નમ લાવવામાં આવે, તે દિવસે માણસ વિચારશે, અને હવે તેને વિચારવાનો સમય ક્યાં ?!"

*(સૂ. ફજ્ર, આ. ૧૫ થી ૨૩, કન્ઝુલ ઈમાન)*

## ★ ખુદાની રાહમાં ખર્ચ કરવાનો અજરો સવાબ ★

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍؕ وَ اللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُؕ وَ اللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ﴿۲۶۱﴾

"એનું દષ્ટાંત જેઓ પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે, એ દાણાની જેમ છે જેણે ઉગાડી સાત કંતીઓ (ડૂડાં) દરેક કંતીમાં સો દાણા, અને અલ્લાહ એનાથી પણ અધિક વધારે જેના માટે ચાહે. અને અલ્લાહ વિશાળતાવાળો ઈલ્મવાળો છે." *(સૂ. બક્રહ, આ. ૨૬૧, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે :–

وَ مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ وَ تَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍۭ بِرَبْوَةٍ اَصَابَهَا وَابِلٌ فَاٰتَتْ اُكُلَهَا ضِعْفَيْنِۚ فَاِنْ لَّمْ يُصِبْهَا وَابِلٌ فَطَلٌّؕ وَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ﴿۲۶۵﴾

"અને તેમનું દષ્ટાંત જેઓ પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે અને પોતાના દિલ જમાવવા માટે, એ બાગ જેવી છે જે રેતીલી જમીન પર હોય તેના પર જોશભેર પાણી પડયું તો બમણા મેવા લાવ્યો. પછી જો જોરનો વરસાદ તેને ન પહોંચે તો તેને પૂરતો છે. અને અલ્લાહ તમારાં કામો જોઈ રહ્યો છે." *(સૂ. બક્રહ, આ. ૨૬૫, કન્ઝુલ ઈમાન)*

## ★ એકતામાં ઈખ્લાસ છે ★

اَيَوَدُّ اَحَدُكُمْ اَنْ تَكُوْنَ لَهٗ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّ اَعْنَابٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُۙ لَهٗ فِيْهَا مِنْ كُلِّ الثَّمَرٰتِۙ وَ اَصَابَهُ الْكِبَرُ وَ لَهٗ ذُرِّيَّةٌ ضُعَفَآءُ ۚۖ فَاَصَابَهَاۤ اِعْصَارٌ فِيْهِ نَارٌ فَاحْتَرَقَتْؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ﴿۲۶۶﴾

"શું તમારામાં કોઈ એને પસંદ કરશે કે તેની પાસે એક બાગ હોય ખજૂરો તથા દ્રાક્ષોનો જેની નીચે નદીઓ વહેતી, તેના માટે તેમાં દરેક પ્રકારનાં ફળોથી છે અને તેને વૃધ્ધાવસ્થા આવી અને તેનાં અશક્ત બાળકો છે. તો આવ્યો એના પર એક વંટોળ જેમાં આગ હતી તો સળગી ગયો. એવું જ વર્ણન કરે છે અલ્લાહ તમારાથી પોતાની આયતો કે ક્યાંક તમે ધ્યાન કરો."

*(સૂ. બક઼રહ, આ. ૨૬૬, કન્ઝુલ ઈમાન)*

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : "આ મોમિન મુખ્લિસના અમલોનું એક દષ્ટાંત છે કે જેવી રીતે ઊંચા વિસ્તારમાં બેહતરીન બાગ દરેક સ્થિતિમાં ખૂબ ફૂલે ફળે છે ચાહે વરસાદ ઓછો હોય કે વધુ. એ જ પ્રમાણે ઈખ્લાસવાળા મો'મિનનો સદક઼ો અને ખર્ચ કરવું ભલે ઓછો હોય કે વધુ તે અલ્લાહ તઆલા તેને વધારે છે."

## ★ રિયા તથા દેખાડો કરવાની બુરાઈ ★

وَ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ رِئَآءَ النَّاسِ وَ لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ لَا بِالْيَوْمِ الْاٰخِرِ ؕ وَ مَنْ يَّكُنِ الشَّيْطٰنُ لَهٗ قَرِيْنًا فَسَآءَ قَرِيْنًا ﴿۳۸﴾

"અને તેઓ જેઓ પોતાનો માલ લોકોને દેખાડવા માટે ખર્ચ કરે છે અને ઈમાન નથી લાવતા અલ્લાહ અને ન કયામત પર. અને જેનો દોસ્ત શૈતાન હોય તો કેટલો બુરો દોસ્ત છે." *(સૂ. નિસાઅ, આ. ૩૮, કન્ઝુલ ઈમાન)*

## ★ મો'મિનની જાન તથા માલને ખરીદી લીધો ★

اِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ اَنْفُسَهُمْ وَ اَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ ؕ يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ فَيَقْتُلُوْنَ وَ يُقْتَلُوْنَ ۫ وَعْدًا عَلَيْهِ حَقًّا فِي التَّوْرٰىةِ وَ الْاِنْجِيْلِ وَ الْقُرْاٰنِ ؕ وَ مَنْ اَوْفٰى بِعَهْدِهٖ مِنَ اللّٰهِ فَاسْتَبْشِرُوْا بِبَيْعِكُمُ الَّذِيْ بَايَعْتُمْ بِهٖ ؕ وَ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۱۱۱﴾

"બેશક ! અલ્લાહે મુસલમાનોથી તેમના માલ તથા જાન ખરીદી લીધાં છે એ બદલા પર કે તેમના માટે જન્નત છે. અલ્લાહની રાહમાં લડે તો મારે અને મરે, તેના કરમના જિમ્મા પર સાચો વાયદો તૌરાત તથા ઈન્જીલ અને

કુર્આનમાં, અને અલ્લાહથી અધિક ક઼ૌલનો પૂરો કોણ ? તો ખુશીઓ મનાવો પોતાના સોદાની જે તમે તેનાથી કર્યો છે. અને આ જ મહાન કામયાબી છે.''

*(સૂ. તૌબા, આ. ૧૧૧, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતનો શાને નુઝૂલ એ છે કે જ્યારે અન્સારે નબી કરીમ ﷺથી ઉક઼બાની રાતે બયઅત કરી તો અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہ એ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ તમારા રબના માટે અને આપના માટે કાંઈક શર્ત ફર્માવો જે આપ ચાહો. ફર્માવ્યું, હું મારા રબના માટે તો એ શર્ત કરું છું કે તમે તેની ઈબાદત કરો અને કોઈને એનો શરીક ન ઠરાવો, અને મારા માટે એ કે જે ચીજોથી તમે તમારા જાન તથા માલોને બચાવો તથા મેહફૂઝ રાખો છો તેને મારા માટે પણ માન્ય ન કરો. તેમણે અર્ઝ કરી કે, અમે એવું કરીએ તો અમને શું મળશે ? ફર્માવ્યું, જન્નત. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ આપણા માલોમાં ગરીબોનો હક઼્ક઼ ★

રબ ફર્માવે છે :–

وَ فِیۡۤ اَمۡوَالِهِمۡ حَقٌّ لِّلسَّآئِلِ وَ الۡمَحۡرُوۡمِ ﴿۱۹﴾ ''અને તેમના માલોમાં હક઼્ક઼ હતો માગનારાઓ તથા બેનસીબોનો.'' *(સૂ. ઝારિયાત, આ. ૧૯, કન્ઝુલ ઈમાન)*

**તફસીર** : માગનાર તો તે છે જે પોતાની હાજતના માટે લોકોને સવાલ કરે અને મેહરૂમ તે કે જે જરૂરતમંદ તો હોય પણ શરમના કારણે સવાલ ન કરે.

## ★ દુનિયા તથા દુનિયાના માલની હકીક઼ત ★

اِعۡلَمُوۡۤا اَنَّمَا الۡحَیٰوةُ الدُّنۡیَا لَعِبٌ وَّ لَهۡوٌ وَّ زِیۡنَةٌ وَّ تَفَاخُرٌۢ بَیۡنَكُمۡ وَ تَكَاثُرٌ فِی الۡاَمۡوَالِ وَ الۡاَوۡلَادِ ؕ كَمَثَلِ غَیۡثٍ اَعۡجَبَ الۡكُفَّارَ نَبَاتُهٗ ثُمَّ یَهِیۡجُ فَتَرٰىهُ مُصۡفَرًّا ثُمَّ یَكُوۡنُ حُطَامًا ؕ وَ فِی الۡاٰخِرَةِ عَذَابٌ شَدِیۡدٌ ۙ وَّ مَغۡفِرَةٌ مِّنَ اللّٰهِ وَ رِضۡوَانٌ ؕ وَ مَا الۡحَیٰوةُ الدُّنۡیَاۤ اِلَّا مَتَاعُ الۡغُرُوۡرِ ﴿۲۰﴾

''જાણી લો કે દુનિયાની જિંદગી તો નથી પણ ખેલકૂદ અને એશ આરામ, અને તમારું આપસમાં બડાઈ મારવું અને માલ તથા ઔલાદમાં એકબીજા પર અધિકતા ચાહવું એ વરસાદની જેમ છે જેની ઉગાવેલ લીલોતરી કિસાનોને

ગમી પછી સૂકાયું કે તું તેને પીળી જુએ, પછી ચગદાયેલ થઈ ગયું અને આખેરતમાં સખત અઝાબ છે અને અલ્લાહ તરફથી બખ્શિશ અને તેની રઝા, અને દુનિયાનું જીવન તો નથી પણ ધોકાનો માલ." *(સૂ. હદીદ, આ. ૨૦, કન્ઝુલ ઈમાન)*

આ તેના માટે છે જે દુનિયાનો જ થઈ જાય અને તેના પર ભરોસો કરી લે અને આખેરતની ફિકર ન કરે. અને જે શખ્સ દુનિયામાં આખેરતનો તાલિબ હોય અને દુનિયા સબબોથી પણ આખેરતના માટે જ સંબંધ રાખે તો એના માટે દુનિયાની કામયાબી આખેરતનો ઝરીયો છે. હઝરત ઝુન્નૂન رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, હે મુરીદોના ગિરોહ ! દુનિયા તલબ ન કરો, અને જો તલબ કરો તેનાથી મહોબ્બત ન કરો, તો શો (ભાથુ) અહીંથી લો આરામગાહ બીજે છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ દુનિયાની બુરાઈ ★

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُلْهِكُمْ اَمْوَالُكُمْ وَ لَاۤ اَوْلَادُكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ ۚ وَ مَنْ يَّفْعَلْ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ۝

"હે ઈમાનવાળાઓ ! તમારા માલ ન તમારી ઔલાદ કોઈ ચીજ તમને અલ્લાહના ઝિક્રથી ગાફિલ ન કરે, અને જે એવું કરશે તો એ જ લોકો નુકસાનમાં છે. *(સૂ. મુનાફિકૂન, આ. ૯, કન્ઝુલ ઈમાન)*

## ★ મરતાં પહેલાં ખર્ચી નાખો ★

وَ اَنْفِقُوْا مِنْ مَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ اَحَدَكُمُ الْمَوْتُ فَيَقُوْلَ رَبِّ لَوْ لَاۤ اَخَّرْتَنِيْۤ اِلٰۤى اَجَلٍ قَرِيْبٍ ۙ فَاَصَّدَّقَ وَ اَكُنْ مِّنَ الصّٰلِحِيْنَ ۝ وَ لَنْ يُّؤَخِّرَ اللّٰهُ نَفْسًا اِذَا جَآءَ اَجَلُهَا ؕ وَ اللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ۝

"અને અમારા આપેલામાંથી કાંઈક અમારી રાહમાં ખર્ચ કરો એના પહેલાં કે તમારામાંથી કોઈને મૌત આવે, પછી કહેવા લાગે : હે મારા રબ ! તેં મને થોડી મુદત માટે કેમ મોહલત ન આપી કે હું સદક઼ો આપત અને નેક લોકોમાં થાત. અને કદાપિ અલ્લાહ કોઈ જાનને મોહલત ન આપશે જ્યારે તેનો વાયદો આવી જાય. અને અલ્લાહને તમારાં કામોની ખબર છે." *(સૂ. મુનાફિકૂન, આ. ૧૦, કન્ઝુલ ઈમાન)*

## ★ દરેક નેઅમતના બારામાં સવાલ થશે ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે. આપ ફર્માવે છે : એક દિવસ અથવા રાતે હુઝૂર صلی اللہ علیہ وسلم ઘરેથી નીકળ્યા તો જોયું કે હઝરત સૈયદના અબૂબક્ર તથા હઝરત સૈયદના ઉમર رضی اللہ عنہما પણ બહાર ઉભેલા છે. આપ صلی اللہ علیہ وسلمએ પૂછયું, તમને અત્યારે કઈ ચીજ ઘરોએથી બહાર લઈ આવી ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ભૂખ. તો આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એ જાતની કસમ ! જેના કુદરતના કબજામાં મારી જાન છે ! હું પણ એ જ ચીજના સબબે ઘરેથી નીકળેલો છું જેણે તમને ઘરથી બહાર કાઢયા. થોભ્મો ! તો તેઓ બંને આપ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء ની પાસે રોકાય ગયા. પછી આપ صلی اللہ علیہ وسلم એક અન્સારીના ઘરે તશરીફ લઈ ગયા પરંતુ તે ઘરમાં હાજર ન હતા. જ્યારે તે અન્સારીની પત્નીએ જોયું તો ખુશીથી કહેવા લાગી, મરહબા ! ભલે પધારો ! આપ صلی اللہ علیہ وسلمએ એ અન્સારીના બારામાં પૂછયું, એ ક્યાં છે ? અર્ઝ કરી, એ અમારા માટે મીઠુ પાણી લેવા ગયા છે.

જ્યારે તે અન્સારી પરત થયા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام અને આપના બંને સાહબોને જોઈને કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! આજે મારા મહેમાનોથી વધી મોઅઝ્ઝઝ્ મહેમાન કોઈના નથી. પછી તે જઈને તેમના માટે ખજૂરનો એ લૂમ લઈ આવ્યા જેમાં અડધી પાકેલી ખજૂરો, ખારેકો અને તાજી ખજૂરો હતી. તેમણે અર્ઝ કરી આપ આને ખાવ. અને ખુદ છરી પકડી તો આકાએ દો જહાં صلی اللہ علیہ وسلمએ તેમને ફર્માવ્યું, દૂધ આપતી બકરી ઝબહ ન કરશો. પછી તેમણે તેમના માટે બકરી ઝબહ કરી. સૌએ એ બકરીનો ગોશ્ત ખાધો, ખજૂરો ખાધી અને પાણી પીધું. જ્યારે સૌએ ધરાઈને ખાય પી લીધું તો હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمએ હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماને ફર્માવ્યું, એ જાતની કસમ જેની કુદરતની કબજા હેઠળ મારી જાન છે ! કયામતના દિવસે તમને એ નેઅમતોના બારામાં જરૂર પૂછવામાં આવશે. તમને ભૂખે ઘરેથી કાઢયા પછી પરત થતા પહેલાં તમને આ નેઅમતો મળી ગઈ.

*(સહીહ મુસ્લિમ, અશ્રબા, બાબુ જવાઝે ઈસ્તિત્બા)*

# તંગદસ્તી તથા મોહતાજીના સબબો

## ★ પ્રથમ સબબ : બુરા અમલો અને અલ્લાહની નાફર્માની ★

અલ્લાહ તઆલાએ કુર્આન હકીમમાં ફર્માવ્યું :–

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَ الْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِي النَّاسِ لِيُذِيْقَهُمْ بَعْضَ الَّذِيْ عَمِلُوْا لَعَلَّهُمْ يَرْجِعُوْنَ﴿۴۱﴾

"ચમકી ખરાબી ખુશ્કી તથા તરીમાં (સૂકા તથા લીલામાં) એ બુરાઈઓથી જે લોકોના હાથોએ કમાયી. જેથી તેમને તેમના અમુક કર્મોનો સ્વાદ ચખાડે કે ક્યાંક તેઓ રોકાય." *(સૂરએ રૂમ, આ. ૪૧, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે માણસોને એ વાત બતાવી આપી છે કે દુનિયામાં વરસાદનો અભાવ, દુકાળ, પાણીનું પુર, ધરતીકંપ, તોફાન, આંત્રિક બાહ્ય ઝઘડા અને લડાઈઓ, આર્થિક તથા અખ્લાક઼ી બદ્હાલીની કોઈ પણ સ્થિતિ હોય એ સૌ ઈન્સાનના પોતાના અમલોનું જ પરિણામ છે, અને આ સર્વ મુસીબતો તથા આજમાઈશો માણસ પર એટલા માટે આવે છે કે માણસ તેનાથી બોધ ગ્રહણ કરે અને તેને પોતાની સુધારણાનો ઝરીયો બનાવીને પોતાની હાલતોમાં સુધારો પેદા કરે.

## ★ બીજો સબબ : તોલ માપમાં કમી ★

એ જ પ્રમાણે જે ક઼ૌમ એક ખુદાની ઈબાદત છોડીને મૂર્તિઓ વગેરેને પૂજવા લાગે અને માપ તોલમાં વધ ઘટ કરવાનું શરૂ કરી આપે તો એવી ક઼ૌમ પણ ખૂબ જ જલ્દી દુનિયાથી નષ્ટ થઈ જતી હોય છે.

وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ﴿۱﴾ الَّذِيْنَ اِذَا اكْتَالُوْا عَلَى النَّاسِ يَسْتَوْفُوْنَ﴿۲﴾ وَ اِذَا كَالُوْهُمْ اَوْ وَّ زَنُوْهُمْ يُخْسِرُوْنَ﴿۳﴾

"ઓછુ તોલનારાઓની ખરાબી છે, તે કે જ્યારે અન્યોથી માપ લે તો પૂરું લે અને તેમને જ્યારે તોલ માપ કરી દે તો ઓછુ કરો.

*(અલ મુતફ્ફિફીન, આ. ૧ થી ૩, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલે અક્દસ નબીયે અકરમ ﷺ એ ફર્માવ્યું : "જે લોકો માપ તોલમાં વધઘટ કરશે તો અલ્લાહ તઆલા તેમની પેદાવાર ઓછી કરી આપશે અને તેમના પર દુકાળ લાગુ કરી આપશે." *(અત્તરગીબ વત્તરહીબ)*

આજે આપણે જો આપણા સમાજનું નિરીક્ષણ કરીએ તો અસંખ્ય વેપારીઓ એવા મળશે જેઓ આ ધૃણાસ્પદ જુર્મને પોતાના દિમાગની ચાલાકી તથા હોશિયારી સમજે છે, જ્યારે કે અલ્લાહ તઆલાએ પોતાની ક઼ૌમના માટે દુનિયામાં દુકાળ અને આખેરતમાં અઝાબે અલીમ (દુઃખદાયક અઝાબ)ની ચેતવણી આપી છે.

## ★ ત્રીજો સબબ : માલની ઝકાત અદા ન કરવું ★

જ્યારે સમાજમાં લોકો પોતાના માલ દૌલતથી સદક઼ા, ઉશ્ર તથા ઝકાત આપવાથી પાછી પાની કરવા લાગે તો અલ્લાહ તઆલા તેમની પેદાવાર ખત્મ કરીને દુકાળ ભેગા કરી આપે છે.

સૂરએ ક઼લમમાં અલ્લાહ તઆલાએ બાગવાળાઓનો કિસ્સો વર્ણવતાં ફર્માવ્યું :–

اِنَّا بَلَوْنٰهُمْ كَمَا بَلَوْنَاۤ اَصْحٰبَ الْجَنَّةِ ۚ اِذْ اَقْسَمُوْا لَيَصْرِمُنَّهَا مُصْبِحِيْنَ ﴿۱۷﴾ وَ لَا يَسْتَثْنُوْنَ ﴿۱۸﴾ فَطَافَ
عَلَيْهَا طَآئِفٌ مِّنْ رَّبِّكَ وَ هُمْ نَآئِمُوْنَ ﴿۱۹﴾ فَاَصْبَحَتْ كَالصَّرِيْمِ ﴿۲۰﴾

"બેશક ! અમે તેમને પરખ્યા જેવા એ બાગવાળાઓને પરખ્યા હતા. જ્યારે તેમણે ક઼સમ ખાધી કે જરૂર સવાર થતાં અમે ખેતર કાપી લઈશું અને ઈન્શાઅલ્લાહ ! ન કહ્યું તો એના પર તારા રબના તરફથી એક ફેરી કરનારો ફેરો કરી ગયો અને તેઓ સૂતા હતા. તો સવારે રહી ગયા જાણે ફળ તૂટેલા.

*(સૂરએ નૂન, આ. ૧૭ થી ૨૦, કન્ઝુલ ઈમાન)*

હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલે અકરમ ﷺ એ ફર્માવ્યું : "જે ક઼ૌમ વાયદાનું પાલન નહીં કરે તેમની વચ્ચે કાપા કાપી શરૂ થઈ જશે, અને જે ક઼ૌમમાં ઝિનાકારી આમ થઈ જશે એમના પર અલ્લાહ તઆલા મૌત

લાગુ કરી આપશે, અને જે ક઼ૌમ ઝકાત રોકી લેશે, અલ્લાહ તઆલા તેનાથી બારાને રહ્‌મત (વર્ષા) રોકી લેશે. *(શોઅબુલ ઈમાન, કિતાબુઝ્ ઝકાત બાબુત્તશ્દીદ અલા મનઉઝ્ઝકાત)*

રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَ الَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَ الْفِضَّةَ وَ لَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ﴿۳۴﴾ يَّوْمَ يُحْمٰى عَلَيْهَا فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ وَ جُنُوْبُهُمْ وَ ظُهُوْرُهُمْ ؕ هٰذَا مَا كَنَزْتُمْ لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ﴿۳۵﴾

"અને જે લોકો સોના તથા ચાંદીનો ખજાનો ધરાવે છે અને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા તેમને દર્દનાક અઝાબની બશારત આપી દો. જે દિવસે એ ખજાનાને દોઝખની આગમાં ગરમ કરવામાં આવશે પછી એનાથી એમની પેશાનીઓ, પાસાંઓ અને પીઠોને ડામ આપવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ છે જેને તમે પોતાના માટે ખજાનો બનાવીને રાખ્યું હતું, તમારા ખજાનાની મજા ચાખો. *(સૂરએ તૌબા, ૯/૩૪,૩૫)*

સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝકાતના બાબ ઈષ્મ માનિઉઝ્ઝકાતમાં હદીષ છે કે : "જે શખ્સ પોતાના માલથી ઝકાત નથી આપતો ક઼યામતવાળા દિવસે તેના માલને આગની તખ્તીઓ બનાવીને તેનાં બંને પાસાં, પેશાની અને કમરને ડામ દેવામાં આવશે. એ દિવસ પચાસ હજાર વરસનો હશે અને લોકોનો ફૈસલો થતા સુધી તેનો એ જ હાલ રહેશે. ત્યાર બાદ તેને જન્નત કે જહન્નમમાં લઈ જવામાં આવશે."

એટલા માટે દુનિયામાં દુકાળ અને વરસાદનો અભાવ અન્ય અઝાબોથી બચવા અને આખેરતમાં દોઝખની આગથી મહેફૂઝ રહેવા માટે પોતાના માલ દૌલતથી ઝકાત, ઉશ્ર અને સદક઼ા તથા ખૈરાત કાઢવી જરૂરી છે.

## ★ ચોથો સબબ : અંબિયાએ કિરામને જૂઠલાવવું ★

જે ક઼ૌમ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની પાકીઝા તા'લીમાત પર અમલ કરતા થવાને બદલે તેમને જૂઠલાવી દેવાનું શરૂ કરી આપે તો એવી ક઼ૌમ પર

પણ અલ્લાહ તઆલા દુકાળ લાગુ કરી દે છે.

તફસીરની કિતાબોમાં છે કે જ્યારે કૌમે હઝરત હૂદ عليه السلام ની તા'લીમાત પર અમલ કર્તા થવાને બદલે તેમને જૂઠલાવી આપ્યા તો અલ્લાહ તઆલાએ તે કૌમ પર દુકાળ નાખી દીધો અને તેમના પર તોફાનનો અઝાબ મોકલીને તેમને નેસ્તો નાબૂદ કરી દીધા :–

فَلَمَّا رَاَوْهُ عَارِضًا مُّسْتَقْبِلَ اَوْدِيَتِهِمْ ۙ قَالُوْا هٰذَا عَارِضٌ مُّمْطِرُنَا ۭ بَلْ هُوَ مَا اسْتَعْجَلْتُمْ بِهٖ ۭ رِيْحٌ فِيْهَا عَذَابٌ اَلِيْمٌ ۝ تُدَمِّرُ كُلَّ شَيْءٍۢ بِاَمْرِ رَبِّهَا فَاَصْبَحُوْا لَا يُرٰٓى اِلَّا مَسٰكِنُهُمْ ۭ كَذٰلِكَ نَجْزِي الْقَوْمَ الْمُجْرِمِيْنَ ۝

"જ્યારે તેઓ દૂરથી વાદળ આવતુ જોતા તો કહેતા કે આ વાદળ અમારા પર વરસાદ વરસાવનાર છે. અસલમાં આ વાદળ તે જ ચીજ છે જેની તમે જલ્દી કરી રહ્યા હતા. એમાં એવી હવા છે જેમાં ઘણો દર્દનાક અઝાબ છે જે પોતાના રબના હુકમથી દરેક ચીજને બર્બાદ કરી રહેલ છે. અને તેઓને એવા ખત્મ કરી દેવામાં આવ્યા કે તેમનાં મકાનોના સિવાય કોઈ ચીજ જોવા મળતી ન હતી. મુજરિમોની કૌમને અમે એવો જ બદલો આપ્યા કરીએ છીએ." *(સૂરએ અહકાફ, ૪૬/૨૪, ૨૫)*

## ★ પાંચમો સબબ : ઝિનાકારી અને અશ્લિલતાનું આમ હોવું ★

જે સમાજમાં બેહયાઈ, ફહહાશી (અશ્લિલતા) અને નગ્નતા, બદ્કારી અને ઝિનાકારી આમ (સામાન્ય) થઈ જાય તે સમાજ પણ અલ્લાહના અઝાબનું નિશાન બની જાય છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે : "જે કૌમમાં ઝિનાકારી અને વ્યાજખોરી આમ થઈ જાય તે પોતાના માટે અલ્લાહના અઝાબને હલાલ કરી લે છે.

## ★ છઠ્ઠો સબબ : અલ્લાહની નાશુક્રી ★

જ્યારે કોઈ કૌમ અલ્લાહ તઆલાની અતા કરેલ નેઅમતો પર શુક્ર કરવાના બદલે ઘમંડ તથા અભિમાન કરવાનું શરૂ કરી આપે અને આખેરતને

ભૂલી જાય તો એવી કૌમના માલ તથા દોલતને અલ્લાહ તઆલા તબાહ તથા બર્બાદ કરીને અઝાબથી તેનો ભેટો કરાવી દે છે અને મુફલિસી મોહતાજી તેમનું મુકદ્દર બની જાય છે.

સૂરએ કહફમાં વિગતવાર અલ્લાહ તઆલાએ બે માણસોનો બનાવ વર્ણન કર્યો છે :–

તર્જુમો : "અને એમની સામે બે પુરૂષોનો હાલ વર્ણન કરો કે એમાંના એકને અમે દ્રાક્ષના બે બાગ આપ્યા અને તેમને ખજૂરોથી ઢાંકી લીધા અને તેમની વચ્ચે વચ્ચે ખેતી રાખી. બંને બાગ પોતાનાં ફળ લાવ્યા અને એમાં કાંઈ કમી ન આપી. બંનેની વચ્ચે અમે નહેર વહાવી, અને ફળ રાખતો હતો તો પોતાના સાથીને બોલ્યો અને તે એનાથી અદલા બદલી કરતો હતો, હું તારા કરતાં માલમાં અધિક છું અને માણસોનું અધિક જોર ધરાવું છું. પોતાના બાગમાં ગયો અને પોતાની જાન પર જુલ્મ કરતાં બોલ્યો, મને ગુમાન નથી કે આ કદી ફના થાય અને હું ગુમાન નથી કરતો કે કયામત કાયમ થાય અને જો હું મારા રબની તરફ ફરીને પણ તો જરૂર આ બાગથી બેહતર પલટવાની જગા પામુ. તેના સાથીએ તેનાથી ઉલટફેર કરતાં જવાબ આપ્યો, શું તું એની સાથે કુફ્ર કરે છે ? જેણે તને માટીથી બનાવ્યો પછી શુદ્ધ પાણીના ટીપાથી, પછી તને બરાબર પુરૂષ બનાવ્યો, પરંતું હું તો એ જ કહું છું કે તે અલ્લાહ જ મારો રબ છે અને હું કોઈને મારા રબનો શરીક નથી કરતો. અને કેમ ન થયું જ્યારે તું તારા બાગમાં ગયો તો કહ્યું હોત, જે ચાહે અલ્લાહ અમને કાંઈ જોર નથી પણ અલ્લાહની મદદનું. જો તું મને તારા કરતાં માલ તથા ઔલાદમાં ઓછો જોતો હતો તો નજીક છે કે મારો રબ મને તારા બાગ કરતાં સારું આપે અને તારા બાગ પર આસ્માનથી વીજળીઓ ઉતારે તો તે નષ્ટ થઈને મેદાન બનીને રહી જાય. અથવા એનું પાણી જમીનમાં ધસી જાય, પછી તું તેને કદાપિ તલાશ ન કરી શકે, અને એનાં ફળ ઘેરી લેવામાં આવ્યાં તો, તું તારા હાથ ઘસતો રહી ગયો એ લાગત પર જે આ બાગમાં ખર્ચ કરી હતી. અને પોતાની પર પડેલો હતો અને કહી રહ્યો છે, હે કાશ ! મેં મારા રબનો કોઈને શરીક ન કર્યો હોત. અને તેની પાસે કોઈ જમાઅત ન હતી કે અલ્લાહની

સામે તેની મદદ કરતી ન તે બદલો લેવાને પાત્ર હતો. અહીં ખુલે છે કે અખત્યાર સાચા અલ્લાહનો છે, તેનો સવાબ સૌથી બેહતર અને તેને માનવાનો અંજામ સૌથી ભલો. *(સૂરએ કહફ, કન્ઝુલ ઈમાન)*

કુર્આનના વર્ણવેલ આ બનાવથી નીચે જણાવેલ ચાર વાતો જાણવા મળે છે :–

**(૧)** દુનિયાવી નેઅમતો બે ઘડી ધૂપ અને ચાર દિવસની ચાંદની છે. અસ્થાયી તથા નાશવંત છે. તો બુદ્ધિમાન તે છે જે એમના પર ઘમંડ ન કરે અને એમના આધાર પર અલ્લાહની નાફર્માની માટે તૈયાર ન થઈ જાય, અને ઈતિહાસનાં તે પૃષ્ઠો હમેશાં નજર સમક્ષ રાખે જેમની આગોશમાં ફિરઓન, નમરૂદ, ષમૂદ તથા આદની કાહિરાના શક્તિઓનો અંજામ આ જ સુધી મહેફૂઝ છે.

**(૨)** હક઼ીક઼ી તથા કાયમી ઈજ્જત, ઈમાન તથા અમલે સાલેહથી મયસ્સર થાય છે, માલ દોલત અને દુનિયાવી જાહોજલાલીથી હાંસલ નથી થતી. મક્કાના કુરૈશને માલ દૌલત, સત્તા તથા દબદબો હાંસલ હતી પણ બદરના મેદાનમાં તેમના બુરા અંજામ અને દીનો દુનિયાની બેઈજ્જતીને કોઈ રોકી ન શક્યું, જ્યારે મુસલમાન દરેક પ્રકારના એશના સામાનથી મેહરૂમ હતા, પણ અલ્લાહ પર ઈમાન અને નેક અમલોએ જ્યારે તેમને દીની દુનિયાવી ઈજ્જત તથા વર્ચસ્વ અતા કર્યું તો એમાં કોઈ આડ ન બની શક્યું.

**(૩)** મો'મિનની શાન એ છે કે જો તેને અલ્લાહ તઆલાએ દુનિયાની નેઅમતોથી નવાઝયો છે તો ગુરૂર તથા ઘમંડને બદલે બારગાહે હક્ક઼માં નિયાઝમંદીની પેશાની ઝુકાવીને નેઅમતોનો સ્વીકાર કરે અને દિલ તથા ઝબાન બંનેવ વડે ઈક઼રાર કરે કે ખુદાયા ! જો તું આ અતા ન કરત તો એને મેળવવું મારી શક્તિ બહારનું હતું. આ સૌ તારી જ અતા તથા એહસાનનો સદક઼ો છે.

**(૪)** સઈદ (નેક બખ્ત) તે છે જે અંજામથી પહેલાં અંજામની હક઼ીક઼તને વિચારી લે અને છેવટે હમેશાંની સઆદત (નેકબખ્તી) પામે. અને શક્કી (બદ્‌બખ્ત) તે છે જે પરિણામ પર વિચારણા કર્યા વિના ઘમંડ તથા અભિમાન પ્રદર્શિત કરે અને બુરો અંજામ જોયા બાદ શર્મિંદગી તથા અફસોસ પ્રદર્શિત કરે. અને એ વખતે આ શર્મિંદગી તથા અફસોસ તેને કાંઈ કામ આવશે નહીં.

## ★ સાતમો સબબ : સંગ્રહખોરી કરવી ★

હઝરત સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ એકવાર પોતાની ખિલાફતના જમાનામાં અનાજની મંડીમાં ગયા અને જઈને અનાજના ઢગલાઓનું નિરીક્ષણ કરવા લાગ્યા. એક જગાએ આપે ખૂબ જ ઉમદા અનાજ જોયું અને ફર્માવ્યું કે અલ્લાહ આ અનાજમાં બરકત અતા કરે અને એને લાવનારા પર પણ રહમો કરમ ફર્માવે. આપને બતાવવામાં આવ્યું કે આ અનાજના માલિકોએ એનો સ્ટોક (સંગ્રહ) કરેલો છે. આપે પૂછયું કે તે કોણ છે જેમણે ઉમ્મતની જરૂરતના સમયે આ અનાજનો સંગ્રહ કરી રાખ્યો છે ? આપને જણાવવામાં આવ્યું કે ફલાણા ફલાણા માણસ છે. આપે તેમને તલબ કરીને ફર્માવ્યું, કે મેં રસૂલે કરીમ عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاءથી સાંભળ્યું છે કે **જે માણસ મુસ્લિમ ઉમ્મતની જરૂરતના સમયે અનાજની સંગ્રહખોરી કરશે અલ્લાહ તઆલા તેને કોઢની બીમારીમાં સપડાવી દેશે, અથવા તેને ગરીબી તથા મુફલિસીમાં સપડાવી દેશે.**

એ બે માણસોમાંથી એકે ત્યાં ઉભા રહીને જ અલ્લાહની હુઝૂર તૌબા કરી લીધી અને ભાવિમાં સંગ્રહખોરી ન કરવાનો અલ્લાહથી વાયદો કરી લીધો, પરંતુ બીજા માણસે કહ્યું કે આ અમારુ અનાજ છે તેને અમે જયારે ચાહીયે અને જે રીતે ચાહીયે ખર્ચ કરીએ, કોઈને શું વાંધો ? જેથી અલ્લાહ તઆલાએ તે માણસને કોઢની બીમારીમાં સપડાવી દીધો અને તે એ જ હાલતમાં મરી ગયો. *(મુસ્નદે અહમદ, મુસ્નદે ઉમર બિન ખત્તાબ, પેજ–૧૩૦)*

આ સબબો ઉપરાંત અમ્ર બિલ મઅરૂફ (સારી વાતોનો હુકમ આપવો)થી મુખ ફેરવવું અને નહી અનિલ મુન્કર (બુરી વાતોથી રોકવું) ત્યજી દેવું, સગા સંબંધીઓથી સંબંધ કાપવા વગેરે પણ એવા સબબોમાંથી છે જેનાથી રોજીમાં તંગી આવે છે અને એક ખુશહાલ, મોહતાજ તથા પરેશાન થઈ જાય છે.

વ્યાજમય કારોબાર, સંગ્રહખોરી, આવકના હરામ ઝરીયા, ધોકાબાજી, લાંચ ખાવી અને કરપ્શનથી દૂર થવું જોઈએ. બદ્કારીથી પણ પોતે પોતાને

બચાવવું જોઈએ વાયદાની પાબંદી અને સારી વાતનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવાનો ફરીઝો પૂરી કૌમે અદા કરવો જોઈએ. નગ્નતા તથા અશ્લિલતાની રોકથામના માટે સામૂહિક કોશિશ અમલમાં મૂકવી જોઈએ. જુલ્મ તથા જબ્રથી બચવું જોઈએ અને સગાંઓથી સદ્‌વર્તાવ તથા હુસ્ને સુલૂક કરવો જોઈએ. માપ તોલમાં વધઘટને બદલે સંપૂર્ણ લેવું તથા આપવું જોઈએ. આ વાતો પર અમલકર્તા થવાથી અલ્લાહ રાજી થઈ જશે, અને સમાજ અમ્નો સુકૂનથી ભરપુર થઈ જશે. અને રહ્‌મતે ખુદાવંદી જોશમાં આવશે. વર્ષાનો નુઝૂલ શરૂ થઈ જશે અને ખેતીઓમાં હરિયાળી આવશે અને વતને અઝીઝ પ્રગતિના પંથે આગળ વધતુ રહેશે. ઈન્શાઅલ્લાહ !

## ★ ફુરસદની કદર કરો વ્યસ્તતા પહેલાં ★

પ્રિય વાંચકો ! જિંદગીની એક એક પળ અત્યંત કિંમતી છે. પોતાની થોડા દિવસોની જિંદગીની બાકીની પળોને ગનીમત જાણો, એ પળોને નિરર્થક કામો, ફાયદા વિનાના કાર્યોમાં કદાપિ કદાપિ ન ખર્ચો, બલ્કે તેમને અલ્લાહ તઆલા તથા તેના રસૂલ ﷺની ઈતાઅત તથા ફર્માંબરદારીમાં ગુજારો. માણસે પોતાની આ થોડા દિવસની જિંદગીની એ વખતે કદર થાય છે જ્યારે તે આ દુનિયાથી કૂચ કરી રહ્યો હોય છે, પરંતુ એ વખતે અફસોસ કરવું બિન ફાયદાકારક હોય છે. રબ તઆલા ફર્માવે છે :–

حَتّٰٓى اِذَا جَآءَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ رَبِّ ارْجِعُوْنِ ﴿۹۹﴾ لَعَلِّيْٓ اَعْمَلُ صَالِحًا فِيْمَا تَرَكْتُ كَلَّا ؕ اِنَّهَا كَلِمَةٌ هُوَ قَآئِلُهَا ؕ

"કદાચ હું કાંઈક ભલાઈ કમાઉં તેમાં જે છોડીને આવ્યો છું. છટ ! આ તો (માત્ર) એક વાત છે જે તે પોતાના મોઢેથી કહે છે." *(સૂ. મુઅમિનૂન, ૨૩/૯૯, ૧૦૦)*

જે ઈન્સાન દુનિયામાં રહીને અલ્લાહની ઈબાદત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)થી ગાફેલ રહ્યો હશે તે કયામતના દિવસે અફસોસ કરતાં એ આરઝૂ કરશે કે કાશ ! દુનિયામાં ફરી વાર જવાનુ થતુ તો હું નેક અમલો કરતો અને દુનિયવી જિંદગીમાં ઝબાનથી કુફ્ર તથા શિર્ક અને અલ્લાહની

નાફર્માનીના જે શબ્દો બકી નાખ્યા કરતો હતો એનાથી તૌબા કરી લેતો.

અલ્લાહની ફર્માંબરદારીથી ગાફેલ રહીને જે સમયોને બેકાર કામોમાં વેડફી નાખવામાં આવે છે તેના માટે જહન્નમમાં ગયા પછી પણ બંદો અફસોસ કરશે.

સૂરએ મુઅમિનૂનમાં છે :

رَبَّنَآ اَخۡرِجۡنَا مِنۡهَا فَاِنۡ عُدۡنَا فَاِنَّا ظٰلِمُوۡنَ۝۱۰۷ قَالَ اخۡسَـُٔوۡا فِيۡهَا وَ لَا تُكَلِّمُوۡنِ۝۱۰۸

"હે અમારા રબ ! અમને દોઝખથી કાઢી આપ, પછી જો અમે એવું જ કરીએ તો જાલિમ છીએ. રબ ફર્માવશે, ધુત્કારેલા પડી રહો એમાં ! અને મારાથી વાત ન કરો. *(સૂ. મુઅમિનૂન, ૨૩/૧૦૭, ૧૦૮, કન્ઝુલ ઈમાન)*

સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃاللہ علیہ ઉપરોક્ત આયતની તફસીરમાં લખે છે ! "તિર્મિઝીની હદીષમાં છે કે દોઝખી લોકો જહન્નમના દારોગા (મેનેજર) હઝરત માલિકને ચાલીસ વરસ સુધી પુકારતા રહેશે, ત્યારબાદ તે કહેશે કે તમે જહન્નમમાં જ પડયા રહેશો. પછી તેઓ પરવરદિગારને પુકારશે અને કહેશે, હે અમારા રબ ! અમને દોઝખથી કાઢી નાખ ! અને આ પોકાર તેમની દુનિયાથી ડબલ ઉમરની મુદ્દત સુધી ચાલુ રહેશે. ત્યારબાદ તેમને આ જવાબ આપવામાં આવશે જે આગલી આયતમાં છે. (ખાઝિન) અને દુનિયાની ઉમર કેટલી છે એમાં કેટલાંય કથનો છે. અમુકે કહ્યું કે દુનિયાની ઉમર સાત હજાર વરસ છે. અમુકે કહ્યું બાર હજાર વરસ. અમુકે કહ્યું, ત્રણ લાખ સાઈઠ વરસ. *(તઝકેરા કુર્તબી)*

આપણી જિંદગીની એક એક પળ એટલા પ્રમાણમાં અમૂલ્ય તથા કદરને પાત્ર છે કે જન્નતવાળાઓને જન્નતમાં પ્રવેશ પામવા છતાં જિંદગીની પળોના નિરર્થક પસાર થઈ જવા પર અફસોસ થશે. હદીષે પાકમાં છે :

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કોઈ કોમ એવી મેહફિલ નથી સજાવતી જેમાં તે અલ્લાહનો ઝિક્ર નથી કરતી. અને હુઝૂર નબી પાક صلی اللہ علیہ وسلم ની ખિદમતે અક્દસમાં દુરૂદ શરીફ નથી પઢતી, પણ એ કે એ મેહફિલ કયામતના દિવસે સવાબની કમીના કારણે તેમના માટે અફસોસનો સબબ થશે, ભલે તેઓ જન્નતમાં દાખલ થઈ જશે.

પ્રિય વાંચકો ! સમય પસાર થતો રહે છે જેના પરિણામે દિવસ, અઠવાડિયાં, મહીના, સાલ અને સદીઓ જનમ લે છે. મહીના, સાલ તથા સદીઓ તો ખત્મ થઈ જાય છે, પણ સમય ગુજરતો જ રહે છે. કેમ કે સમય કદી ખત્મ ન થનાર એવા સફરનું નામ છે કે જેની કોઈ મંઝિલ નથી. પણ હા ! ઈન્સાન જો ચાહે તો પોતાના નેક મકસદોને નજર સામે રાખીને પોતાની મંઝિલને નિશ્ચિત કરી શકે છે. એ બરાબર છે કે માણસ બેઈખ્યિાર છે પણ એટલો પણ નહીં કે તે પોતાના સમયને પોતાની મરજી અને ખ્વાહિશ પ્રમાણે સહીહ રીતે ગુજારી ન શકે. પરંતુ એ ત્યારે શક્ય થાય છે કે જ્યારે માણસ સમયની કદર તથા તેના મહત્વથી વાકેફિયત ધરાવતો હોય. અલ્હમ્દુલિલ્લાહ ! આપણે મુસલમાન છીએ. ઈસ્લામ તે મહાન નેઅમત છે જે આપણાથી એ વાતનો તકાઝો કરે છે કે આપણે મુસલમાન હોવાની હૈસિયતથી અન્ય ધર્મોના માનવાવાળાઓ કરતાં અધિક સમયની ક઼દર કરીએ કરીએ.

વિચારો કે આપણને દુનિયાની સૌથી મહાન કિતાબ કુર્આનથી અલ્લાહ અને તેના રસૂલ હાદીયે આલમ, મોહસિને ઈન્સાનિયત ﷺના મુક઼દસ ફર્માનોની રોશનીમાં સમયની ક઼દર તથા મહત્વની ભાળ મળે છે અને તેને ગુજારવાના રોશન ઉસૂલ પણ મળે છે.

વાતને આગળ વધારતા પહેલાં એ વાત તથા મુદ્દો પેશ કરવો પણ જરૂરી છે કે જે જેટલી મોટી જાત હશે તેના એટલા જ મોટા અને રોશન ઉસૂલ હશે. દુનિયામાં સૌથી મોટી હક઼ીક઼ત તથા સચ્ચાઈ એ જ છે કે ખાલિક઼ે કાઈનાત અલ્લાહથી વધીને કોઈ જાત નથી અને માનવ લિબાસમાં હાદીયે આલમ ﷺથી વધીને કોઈ રાહબર તથા રહનુમા નથી. તો હવે આવી સ્થિતિમાં એ કેવી રીતે શક્ય છે કે અલ્લાહ કોઈ કમતર ચીજની ક઼સમ વારંવાર યાદ ફર્માવે. પરવરદિગારે આલમે વિવિધ જગાએ વિવિધ સમયોની ક઼સમ યાદ ફર્માવી છે. સૂરએ ફજ્રમાં ફજરના સમયની અને ઝીલ હજ્જના દસ દિવસોની ક઼સમ યાદ ફર્માવી છે. રબ તઆલાનો ઈર્શાદ છે.

وَالْفَجْرِ ۝ وَلَيَالٍ عَشْرٍ ۝ وَّالشَّفْعِ وَالْوَتْرِ ۝ وَالَّيْلِ اِذَا يَسْرِ

"આ સવારની કસમ અને દસ રાતોની, અને બેકી તથા એકીની, અને રાતની જ્યારે ચાલી જાય." *(સૂ. ફજર, ૧ થી ૪, કન્ઝુલ ઈમાન)*

વળી એક સ્થળે ખાલિકે અદ઼્રો સમાએ રાત અને દિવસની ક઼સમ પણ યાદ ફર્માવી. ઈર્શાદ છે : وَالَّيۡلِ اِذۡ اَدۡبَرَ ۙ وَالصُّبۡحِ اِذَاۤ اَسۡفَرَ ۙ

"અને રાતની જ્યારે પીઠ ફેરવે અને સવારની જ્યારે અજવાળુ નાખે."

*(સૂ. મુદષ્ષિર, ૭૪/૩૩, ૪૪)*

એ જ પ્રમાણે સૂરતુદોહામાં રબ્બે કાઈનાતે ચાશતના સમયની ક઼સમ યાદ કરતાં ઈર્શાદ ફર્માવ્યો : وَالضُّحٰى ۙ وَالَّيۡلِ اِذَا سَجٰى ۙ "ચાશતની ક઼સમ અને રાતની જ્યારે પર્દો નાખે." *(સૂ. વદુહા, ૯૩/૧,૨)*

સૂરએ અસ્રમાં જમાનાની ક઼સમ યાદ ફર્માવી છે :–

وَالۡعَصۡرِ ۙ اِنَّ الۡاِنۡسَانَ لَفِىۡ خُسۡرٍ ۙ اِلَّا الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوۡا بِالۡحَقِّ ۙ وَ تَوَاصَوۡا بِالصَّبۡرِ ۙ

"એ મહબૂબના જમાનાની ક઼સમ ! બેશક ! માનવી જરૂર નુકસાનમાં છે પણ જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં અને એકબીજાને હક્ક઼ની તાકીદ કરી અને એકબીજાને સબ્રની વસિયત કરી. *(સૂ. અસ્ર, ૧૦૩/૧,૨,૩)*

હુઝૂર સૈયદે આલમ ﷺનું ફર્માને મુક઼દસ છે : "ક઼યામતના દિવસે બંદો એ સમય સુધી (બારગાહે ઈલાહીમાં) ઉભો રહેશે કે જ્યાં સુધી તેનાથી ચાર ચીજોના વિશે પૂછી ન લેવામાં આવે : જિંદગી કેવી રીતે પસાર કરી ? જે ઈલ્મ હાંસલ કર્યો તેના પર કેટલો અમલ કર્યો ? માલ ક્યાંથી કમાયો અને ક્યાં ખર્ચ કર્યો ? શરીરને કયા કામમાં ખપાવ્યે રાખ્યુ ? *(અલ મોઅજમુલ કબીર લિત્તબ્રાની, ૧૧/૧૦૨, ખુત્બા ઈબ્ને મસ્ઊદ, મુજાહિદ અન ઈબ્ને અબ્બાસ)*

એકવાર નબી કરીમ ﷺએ સૂરજ અસ્ત થતો જોયો તો ફર્માવ્યું : "તમારી દુનિયામાંથી જે ગુજરી ચૂકી છે કેવળ એટલી માત્રા બાકી છે જેટલો આ સૂરજ જિંદગી ગુજારીને આ દિવસમાં બાકી બચ્યો છે."

*(મુસ્નદે અહમદ, મિશ્કાત, તિર્મિઝી, અબ્વાબુલ ફ઼િતન)*

અલ્લાહ તઆલા અમુક લોકોને લાંબી ઉમરો અતા કરે છે અને અમુકને મૌત અચાનક ઊંચકી લે છે, પરંતુ લોકોમાંથી બેહતરીન શખ્સ તે છે જે પોતાના સમયો સારાં કામોમાં ગુજારીને આખેરતનો સામાન કરે.

એક શખ્સે નબી કરીમ રઉફો રહીમ ﷺનો પૂછયું કે બેહતરીન ઈન્સાન કોણ છે ? તો આપે ફર્માવ્યું, જેની ઉમર લાંબી અને અમલો સારા હોય. તેણે અર્ઝ કર્યું, લોકોમાંથી બદતરીન શખ્સ કોણ છે ? સરકાર ﷺએ ફર્માવ્યું, જેની ઉમર લાંબી અને અમલો બુરા હોય.''

*(રવાહુ અહમદ, મિશ્કાત, તિર્મિઝી, અબ્વાબુઝ્ઝહદ)*

પરંતું આજે મુસલમાનોની જિંદગી પ્રત્યેની વિચારધારા બદલાય ચૂકી છે. કેટલાક મુસલમાન આખેરતને ભૂલીને પોતાને કેવળ કમાવા ખાવામાં સીમિત કરી દે છે. કેટલાક લોકો પોતાની આખેરત આબાદ કરે છે અને તેઓ અલ્લાહ તઆલાના હુકમોનું પાલન કરે છે અને મનાઈના હુકમોથી બચે છે. અમુક લોકોના સારા તથા બુરા અમલો અમલો મિશ્ર હોય છે.

માનવ જિંદગીના મહત્વ સંબંધે નબી કરીમ ﷺએ ફર્માવ્યું : ''સવારના સમયે દરેક શખ્સ ચાલે છે અને પોતાના નફસને વેચે છે, પછી ક્યાં તો તેને દરેક જહન્નમથી આઝાદ કરાવી લે છે અથવા હલાલ ઠરાવી દે છે.''

*(રવાહુ મુસ્લિમ, કિતાબુત્તહારત)*

અલ્લાહ તઆલાએ સૂરતુશ્શમ્સમાં અગીયાર ચીજોની ક઼સમ યાદ ફર્માવી છે, પછી ફર્માવ્યું કે કામયામ શખ્સ તે છે જે તઝકિયએ નફ્સ (નફ્સની પાકી) કરી લે. અને નામુરાદ ઈન્સાન તે છે જે પોતાના નફ્સને ગુનાહોમાં સપડાવી દે. અલ્લાહ પાક ઈર્શાદ ફર્માવે છે :

وَالشَّمْسِ وَضُحٰهَا ﴿١﴾ وَالْقَمَرِ اِذَا تَلٰهَا ﴿٢﴾ وَالنَّهَارِ اِذَا جَلّٰهَا ﴿٣﴾ وَالَّيْلِ اِذَا يَغْشٰهَا ﴿٤﴾ وَالسَّمَآءِ وَمَا بَنٰهَا ﴿٥﴾ وَالْاَرْضِ وَمَا طَحٰهَا ﴿٦﴾ وَنَفْسٍ وَّمَا سَوّٰهَا ﴿٧﴾ فَاَلْهَمَهَا فُجُوْرَهَا وَتَقْوٰهَا ﴿٨﴾ قَدْ اَفْلَحَ مَنْ زَكّٰهَا ﴿٩﴾ وَقَدْ خَابَ مَنْ دَسّٰهَا ﴿١٠﴾

''સૂરજ અને તેની રોશનીની ક઼સમ ! અને ચાંદની જ્યારે તેની પાછળ આવે, અને દિવસની જ્યારે તેને ચમકાવે. અને રાતની જ્યારે તેને છુપાવે,

અને આસ્માન અને તેને બનાવવાવાળાની કસમ, અને જમીન અને તેને ફેલાવવાની ક઼સમ, અને જાનની અને તેની જેણે એને ઠીક બનાવ્યો પછી તેની બદકારી અને તેની પરહેઝગારી દિલમાં નાખી. બેશક ! મુરાદે પહોંચ્યો જેણે એને (નફ઼સને) સુથરો કર્યો અને નામુરાદ થયો જેણે એને ગુનાહોમાં છુપાવ્યો.'' *(સૂ. શમ્સ, ૧ થી ૧૦, કન્ઝુલ ઈમાન)*

માનવ જિંદગી આજમાઈશો અને મુસીબતોથી ભરેલી પડી છે અને કદી ઈન્સાન જિંદગીની આ લગ઼ઝિશોથી એવી ઠોકર ખાય છે જે તેના વહેમ તથા ગુમાનમાં પણ નથી થતી. નબીયે કૌનેન ﷺ દુનિયાની ભલાઈની આ શબ્દોમાં દુઆ કર્યા કરતા હતા : ''અને મારી જિંદગીને મારા માટે દરેક ભલાઈના વધારાનો સબબ બનાવ અને મૌતને મારા માટે દરેક બુરાઈથી રાહતનો ઝરીયો બનાવ.'' *(રવાહુ મુસ્લિમ, કિતાબુઝ્ઝિક્ર બદુઆ, બાબુત્તઅવ્વુઝ)*

દરેક પસાર થતા વરસમાં આજમાઈશોનો ક્રમ વધતો જશે. નબીયે રહમત ﷺએ ફર્માવ્યું : ''તમારા પર જે પણ સમય આવશે પણ તેના બાદવાળો સમય (પહેલા કરતાં) બદતર હશે.'' *(રવાહુલ બુખારી, કિતાબુલ ફિતન...)*

## ★ નિરીક્ષણની આદત બનાવો ★

માણસે દરેક વખતે પોતાનું નિરીક્ષણ (પરીક્ષણ) કરવું જોઈએ કે તેણે આખેરતના માટે આગળ શું મોકલ્યું છે અને અલ્લાહ તઆલાની ખુશ્નુદી હાંસલ કરવાના માટે શું અમલો કર્યા છે, જેથી તે પોતાના નફસથી ફર્ઝોની અદાયગીના વિશે, મખ્લૂક઼ના હક઼્ક઼ોના વિશે અને માલના વિશે પૂછી શકે કે આ દુનિયાથી ક્યાંથી કમાયા અને ક્યાં ખર્ચ કર્યો.''

ફર્માને બારી તઆલા છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ لْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ ۚ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿۱۸﴾

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો, અને દરેક જાન જુએ કે કાલના માટે શું આગળ મોકલ્યું. અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે.'' *(સૂ. હશ્ર, આ. ૧૮)*

પ્રિય વાંચકો ! સમય અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની એવી આમ નેઅમત છે જે માનવ સમાજમાં સમાન રીતે અમીર, ગરીબ, આલિમ, જાહિલ, મોટા, નાના સૌને મળી છે. સમયનું દૃષ્ટાંત તીવ્ર તાપમાં રાખેલી બરફની તે લાદીની જેમ છે જેનાથી જો ફાયદો ઉઠાવવામાં આવે તો બેહતર, નહીં તો એ તો છેવટે પીગળી જ જાય છે.

અત્યારે આપણો સમાજ સામાન્ય રીતે સમય વેડફવાનો શિકાર છે. યૂરોપી સમાજ પોતાની સર્વે ખામીઓ તથા કમજોરીઓ છતાં સમયની કદર કરનાર છે અને જિંદગીને બાકાયદા એક બંધારણા હેઠળ ગુજારવાનો પાબંદ બનેલો છે. સાયન્સ અને ટેકનોલોજીમાં તેમની પ્રગતિનો એક મોટો સબબ સમયની કદરદાની છે. જે કૌમો સમયની કદર કરવાનું જાણે છે તે રણોને ગુલશન બનાવી દે છે, તે વાતાવરણ પર કબજો કરી શકે છે, તે પહાડોનાં જિગરને ટુકડા ટુકડા કરી શકે છે, તે જમાનાની લીડરશીપ સંભાળી શકે છે પરંતુ જે કોમો સમયને બર્બાદ કરી દે છે સમય તેમને બર્બાદ કરી દે છે, પછી એવી કોમો ગુલામીની જિંદગી પસાર કરવા લાચાર થઈ જાય છે. તે દીન તથા દુનિયા બંને રીતે નુકસાનમાં રહે છે.

આજે આપણા સમાજમાં સૌથી સસ્તી અને બેક઼ીમત ચીજ જો કોઈ છે તો સમય છે ! તેની કદર તથા કિંમતનો આપણને તદ્દન એહસાસ નથી રહ્યો, એ જ કારણે સમયની ઘડીઓની ક઼દર ન કરવાના કારણે મિનિટોને, મિનિટોની ક઼દર ન કરવાના કારણે કલાકોને, કલાકોની ક઼દર ન કરવાના કારણે અઠવાડિયાંઓને, અને અઠવાડિયાઓની કદર ન કરવાના કારણે મહીનાઓને, અને મહીનાઓની ક઼દર ન કરવાના કારણે સાલોને અને ઉમરોને વેડફી નાખવું આપણા માટે ઘણુ આસાન બની ગયું છે.

આપણે લોકો ગલી કૂચાઓ, સડકો, હોટલો અને અંગત મજલિસોમાં સમય પસાર કરીએ છીએ, અને આપણો કેટલોય કિંમતી સમય ટીકા ટીપ્પણ, ગીબત, આક્ષેપબાજી તથા અન્ય ફુઝૂલ કામોમાં વેડફામ જાય છે અને આપણને તેનો એહસાસ પણ નથી થતો.

## ★ ફુરસદના સમયોનું આયોજન ★

આજના આ વ્યસ્તતાના સમયમાં જો ખુશ કિસ્મતીથી ફુરસદની અમુક ઘડીઓ મયસ્સર થઈ જાય અને ઘરવાળાં સાથે હળીમળીને થોડોક સમય ગુજારી શકે તો વિના શંકાએ એ અલ્લાહની કોઈ નેઅમતથી કમ નથી. એ જ વાતના મહત્વને લક્ષમાં રાખીને નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "વ્યસ્તતાથી પહેલાં ફુરસદને ગનીમત જાણો." *(તિર્મિઝી)*

નબી અકરમ ﷺના આ ઈર્શાદના પ્રમાણે ફુરસદને ગનીમત જાણીને ફુરસદની એ પળોને બેહતરીન અંદાઝમાં વાપરવી જોઈએ. ખાસ કરીને વ્યક્તિગત સુધારણા, ઘરના માહોલની બેહતરી અને બાળકોની કેળવણી અને કિરદાર સુધારવા માટે બાકાયદા આયોજન કરીને એક સંપૂર્ણ પ્રોગ્રામ સેટ કરવો જોઈએ. આપણો હાલ એ છે કે આપણે ફુરસદની ઘડીઓની સાચા અર્થમાં કદર નથી કરતા. દર વર્ષે ઉનાળાની તથા શિયાળાની લાંબી છૂટ્ટીઓ આવે છે. તેમનું આગમન જેવી રીતે વિદ્યાર્થીઓ, ટીચરો તથા શૈક્ષણિક સંસ્થાઓના લોકો માટે ખુશીનો સબબ હોય છે, તેવી જ રીતે ઘરના મા બાપની જિમ્મેદારીઓમાં પણ વધારો થઈ જાય છે, અને તે આ કિંમતી સમયનો ઉપયોગ કરવાથી લાચાર રહે છે, તદ્ઉપરાંત માબાપ માનસિક દબાવનાં શિકાર પણ રહે છે.

એના સંબંધે અમુક અમલી મુદ્દાઓ રજૂ કરીએ છીએ જો તેમને અમલી સ્વરૂપ આપવામાં આવે તો સમયનો યોગ્ય ઉપયોગ કરીને એક કામયાબ જિંદગી ગુજારી શકાય છે.

★ વેકેશનોમાં સર્વ ઘરવાળાં (જેઓ મેહરમ હોય) એક સાથે નાશ્તો, બંને સમયનું ભોજન ખાય તો આપસી મહોબ્બતમાં વધારો થશે. બાળકો અને બાળકીઓને જેટલા પ્રમાણમાં થઈ શકે પોતાની નિકટ રાખે. ઘરમાં જો કોમ્પ્યુટર મૌજૂદ હોય તો એવી જગા પર રાખો જ્યાં આપ એના પર નજર રાખી શકો. જો તમને કોમ્પ્યુટરથી કોઈ લગાવ નથી તો તેની થોડી ઘણી પ્રેક્ટિસ તમારે કરવી જોઈએ. જ્યારે નાના બાળકોમાં એ એહસાસ હોય છે

કે અમે અમારા માબાપ કરતાં અધિક જાણીએ છીએ તો એક ગુરૂતા ગ્રંથિ પેદા થાય છે. બીજુ કે મોટાભાગનાં બાળકો પોતાની માઓને અંધારામાં રાખે છે કે અમે કામ કરી રહ્યા છીએ, જ્યારે કે તેઓ જે કાંઈ કરી રહ્યાં હોય છે તેનાથી માઓ ગાફેલ હોય છે.

★ ફુરસદની પળોને કદાપિ ટેલિવિઝનની ભેટ ન ધરી દે બલ્કે બાળકોની કાબેલિયતોમાં નિખાર લાવવા માટે તેમને એના બદલે અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત કરે. બાળકોને તેમની ઉમર તથા શોખના લેહાઝથી કોઈ નવુ કામ શીખવવાની કોશિશ કરો. કાગળનાં રમકડાં બનાવવાં, કાગળ પર ફોટા બનાવવા, તેમાં રંગ પૂરવા, સિલાઈ કરવી, કોઈ ડેકોરેશન પીસને સાફ કરવો, મળી જુલીને ઘરનાં બગડેલાં કામ સમારવાં પણ એક કળા છે. આપને આ કામયાબી એ જ સ્થિતિમાં મળશે જ્યારે આપ પોતાનું પૂરુ ધ્યાન, સમય અને મદદ બાળકને પૂરાં પાડશો.

★ સ્કૂલના હોમવર્કની તબક્કાવાર વહેંચણી કરીને પોતાની નિગરાનીમાં દરરોજ થોડુ થોડુ કરીને કામ કરાવો. ટયૂશન કરાવવાની મજબૂરી હોય તો બાળકના મામલાઓ પર નજર રાખો. ઘરમાં લોન કે કયારીની જગા હોય તો બાળકને કોઈ છોડ ઉગાડવા અને તેની હિફાઝત કરવાનું શીખવાડો. બાળકોની જરૂરિયાત પૂરી કરવું પૂરતુ નથી બલ્કે તેમને સમય તથા ધ્યાનની પણ જરૂરત હોય છે. પોતાની વ્યસ્તતામાં એના માટે પણ સમય રાખો એ બાળકોનો હક્ક છે જે એમને મળવો જોઈએ.

★ બાળકોના દોસ્તોને ઘરે બોલવો, તેમની ઈજ્જત કરો, તેમના પ્રતિ ધ્યાન આપો જેથી તેઓ તમારા પર ભરોસો કરે. બાળકોના દોસ્તોના ઘરવાળાઓ સાથે સંબંધ બેહતર રાખો. જો તમે તેમના ઘરના માહોલથી સંતુષ્ઠ નથી તો બાળકને સ્પષ્ટપણે કહો. હિકમત તથા તદબીર સાથે કામ લો જેથી આપના તથા બાળકના વચ્ચે વિશ્વાસના સંબંધોને ઠેસ ન પહોંચે.

★ બાળકોમાં અભ્યાસ તથા વાંચનના શોખને પ્રોત્સાહિત કરવો, તેના સંતોષનો સામાન કરવો એક મહત્વનો ફરીઝો છે. સારી સારી કિતાબો તથા

પુસ્તિકાઓ વાંચવા માટે પૂરી પાડવી, બાળકોને વાર્તા સાંભળવાનું સારુ લાગે છે તો દિલચસ્પ અંદાઝમાં સાચી કહાનીઓ સંભળાવો, બાળકો સાથે બેસીને કહાની વાંચો, એના પર વાતચીત થાય તો વાંચનનો શોખ વધારવામાં મદદગાર થઈ શકે છે.

★ દરરોજ નહીં તો અઠવાડિયામાં અમુક નાની નાની હદીષો બાળકોને હિફ્ઝ કરાવો, મશહૂર સુન્ની શાયરોના વિવિધ હિસ્સા પણ યાદ કરાવો, એ ચીજ પણ તેમની તર્બિયત (કેળવણી) પર ઘણી ખૂબીપૂર્વક અસર પેદા કરશે.

★ આજનાં બાળકો કાલના કાઈદ (લીડર) તથા રહનુમા બનશે. ભવિષ્યની તૈયારીને લક્ષમાં રાખીને ઘરની જિમ્મેદારીઓને બાળકોમાં વહેંચીને તેમની કાબેલિયતની કસોટી કરવામાં આવી શકે છે. દા.ત. નાની વયના બાળકો સાથે ક્યારેક એ અનુભવ કરી જોવામાં આવે કે એક દિવસ મા બાપ ઘરમાં પોતાની જવાબદારીઓ પોતાની જગાએ પોતાનાં બાળકોને સોંપીને ખુદ બાળકો બની જાય. તેના થકી બાળકોમાં છુપાયેલ જૌહર (ખૂબીઓ, ક્ષમતાઓ) સામે લાવી શકાય છે, અને એ એક દિલચસ્પ અનુભવ પણ થશે.

★ ઓછી વયના બાળકો પર આપણા ખયાલોને જબરન થોપવા, આપણી પસંદ તથા રાયને જબરદસ્તી થોપવી યોગ્ય નથી. દલીલ થકી વાતને મનાવો. આ ઉમર પોતાની કાબેલિયતોનું પ્રદર્શન ઈચ્છે છે. તેમનાથી મશવરો લેવો અને ધીરજપૂર્વક તેમનુ દષ્ટિ બિંદુ સાંભળવું તેમના વિશ્વાસને વધારે છે.

★ લાંબી છૂટ્ટીઓમાં માબાપ બાળકોને વિવિધ હુન્નર (આર્ટ) શીખવી શકે છે. દા.ત. સુંદર અક્ષર લેખન, લેખ લખવું, તજવીદ તથા ક઼િરાઅત, આર્ટનાં કાંઈક અધિક કામો અને બાળકીઓને સિલાઈ, નક્શીકામ, કપડાને ઠીક કરવાં, મેંદીની ડિઝાઈન વગેરે શીખવાડી શકાય છે.

★ બાળકોને હોસ્પિટલોમાં બીમારોની ખબર લેવા માટે લઈને જવું, અલ્લાહ તઆલાના શુક્રનો જઝબો પેદા કરવો, બીજાઓ સાથે હમદર્દી તથા મહોબ્બત પ્રદર્શિત કરવાનું શીખવાડવું, એટલા માટે કે આજના દૌરમાં દરેક જણ પોતાની દુનિયામાં મગન છે.

★ સગા સંબંધીઓ દોસ્તો વગેરે સાથે મળીને પિકનિક પર જવું એ જેવી રીતે બંદાઓના હક્કો જાહેર કરવાનો ઝરીયો છે તેવી જ રીતે ઈસ્લામી સંસ્કારના નિયમો શીખવાડવામાં પણ લાભદાયી છે.

★ જો માબાપ પોતાનાં બાળકો સાથે છૂટ્ટીઓમાં કોઈ ફરવાના સ્થળે જઈ રહ્યાં છે અથવા કોઈ સગાને ત્યાં રોકાયેલાં છે તો પણ તર્બિયત કરવાનો બેહતરીન મોકો છે. જેટલુ સફરમાં માણસ શીખે તથા શીખવાડે છે તેટલુ ઘરોમાં શક્ય નથી હોતુ. દરેક સમયનો સંગાથ, કાંઈક નવા અમલ કરનારા, સફરના અનુભવો, ઘણુ બધુ નવુ શીખવાનું મળે છે.

★ બાળકોમાં એટલો ઈમાની હોસલો પેદા કરો કે જેથી તે પોતે મુસલમાન હોવા પર ગર્વ કરી શકે. આંત્રિક તથા બાહ્ય દુશ્મનોથી સાવચેત કરી આપો.

★ માબાપ પોતાના ખાનદાનના મિજાઝ, માહોલ, હાલાતને સામે રાખીને છૂટ્ટીઓને યાદગાર બનાવી શકે છે. સારી નિય્યત અને ખુલૂસથી ભરપૂર કોશિશ કરનારાઓને જ અલ્લાહ તઆલાની મદદ હાંસલ થાય છે.

★ આખેરતમાં એ મુસલમાન માબાપ પણ મહાન સવાબનાં મુસ્તહિક થશે જેમણે ઔલાદ જેવી નેઅમતને વેડફી નહીં હોય બલ્કે પોતાની પૂરી હોશમંદી અને સમજ થકી પોતાની જિમ્મેદારીઓ નિભાવી હશે.

★ આજે જ નિશ્ચિય તથા ઈરાદો કરો, પ્રોગ્રામ સેટ કરો..... છૂટ્ટીઓના દરેક દિવસને એવો બનાવવો છે કે એ ગુજરેલી કાલ કરતાં બેહતર હોય. એક નવા જઝબા સાથે બાળકો સાથે દોસ્તી, મહોબ્બતનો સંબંધ સમારો. જરૂરી નથી કે તે સૌ મનસૂબા જે આપ બનાવો તે પૂરા થાય, સંજોગો તથા બનાવો તેમાં ફેર બદલ કરાવશે, પરંતું આપે તે ફેરબદલમાં પણ પોતાનો અસલી ટાર્ગેટ નથી ભૂલવાનો. બાળકો આપના કિંમતી ખજાના છે તેમનાથી ગાફિલ ન થશો.

★ એક વાતનો ખાસ કરીને ખયાલ રહે કે અલ્લાહ તબારક વ તઆલાને તે અમલ અધિક મહબૂબ છે જે અડગતાથી સતત કરવામાં આવે, જેથી

ફુરસદની પળો અને છૂટ્ટીઓના માટે જે સમય પત્રક અને તર્બિયતની બાબતો નિશ્ચિત કરી લો તેને બાકાયદગીથી અંજામ આપો અને છૂટ્ટીઓ પછી પણ આ ક્રમ ચાલુ રાખો ત્યારે જ અસરકારક તથા પરિણાત્મક તર્બિયત સાબિત થશે. પોતાની પૂર્ણપણે કોશિશોની સાથે અલ્લાહ તઆલાથી મદદ માટેની દુઆઓની ખાસ વ્યવસ્થા પણ જરૂર કરો.

★ પોતાની મહત્વની વ્યસ્તતાના બારામાં એકબીજાને માહિતગાર કરો. પોતાના કામના બારામાં એકબીજાથી મશવરા માગો અને મદદની ઓફર કરો. નબી અકરમ ﷺના આ આદેશને લક્ષમાં રાખીને કે, "જેની આજ તેની કાલ કરતાં બેહતર નથી તે તબાહ થઈ ગયો." ગઈ કાલનું પણ નિરીક્ષણ કરો અને પોતાની આજને ગઈ કાલ કરતાં બેહતર બનાવવાની પ્લાનિંગ કરો. ભલે થોડી મિનિટો પણ ભેગા મળીને બેસશો તો તેની બરકતના એહસાસ જલ્દી મેહસૂસ થવા લાગશે.

★ પ્રથમ મંઝિલમાં રાત દિવસ માટેના ટાઈમ ટેબલને નિશ્ચિત કરો. નબી અકરમ ﷺના ફર્માનને લક્ષમાં લેતાં કે, "સવારના સમયમાં બરકત છે" તમારા દિવસની શરૂઆત ફજરની નમાઝથી કરો. આ બેહતરીન તથા બાબરકત સમય સૂવામાં ન ખોઈ બેસો.

સામાન્યપણે વેકેશનોની શરૂઆત થતાં જ બાળકોનું રાતના સમયે જાગવું અને સવારે મોડેથી ઉઠવું નિયમ બની ગયું છે કે જે અયોગ્ય તથા ફિત્રતની વિરૂધ્ધ છે. ફજરની નમાઝ માટે ઉઠવા પર ઈનામ પણ આપી શકાય છે. એક ભાઈ કે બહેનની ફજર વખતે ઉઠાડવાની જિમ્મેદારી લગાડો, અને પછી તેને તબદીલ કરતા રહો કે જેથી સૌને જિમ્મેદારીનો એહસાસ થાય અને એકબીજાની વચ્ચે નેકીમાં સહકારનો જઝબો પેદા થાય.

ફજરની નમાઝ અદા કરીને સૂઈ જવાના ગૈર ફિતરી તથા અયોગ્ય રિવાજને ખતમ કરો. આ રિવાજે ઈન્સાની રૂહના હુસ્નને બર્બાદ કરી દીધું છે. અલ્લાહ તઆલાએ રાત આરામ તથા સુકૂનના માટે અને દિવસ કામના માટે બનાવ્યો છે, એના માટે મા બાપ ખુદ અમલી નમૂનો પેશ કરે.

## ★ જિંદગીને મોતથી પહેલાં ગનીમત જાણો ★

પ્રિય વાંચકો ! જિંદગીની નેઅમત એક સામાન્ય અને વિશાળ નેઅમત છે જેનો ઉલ્લેખ હદીષ ઈગ્તિનામમાં તમામ નેઅમતો પછી વર્ણવવામાં આવેલ છે. હકીકતમાં અન્ય નેઅમતો જિંદગીની નેઅમતથી જોડાયેલી છે, જો જિંદગી ન હોય તો અન્ય નેઅમતો માટે કોઈ જગા જ નથી, જેથી તમામ નેઅમતોનો પાયો દુનિયવી જિંદગીની નેઅમત છે જે રબ તઆલાની તરફથી બંદાઓને અતા કરવામાં આવી છે. જો કે ઈન્સાન આખેરતની જિંદગીની નેઅમતથી પણ ફાયદો પામે છે પરંતુ એનાથી અમલ, પસંદગી તથા મુક્તપણે ફૈંસલો કરવાની કાબેલિયત છીનવાઈ જાય છે. ત્યાં માનવી પોતાની પહેલી જિંદગીની ફુરસદોને ખોઈ દેવા પર તથા પોતાની ગલત પસંદગીઓ પર અફસોસ કરશે અને પાછલી ગલતીઓની માફી કરવા માટે ફરીથી દુનિયામાં મોકલવા માટેની દરખાસ્ત કરશે, પરંતુ શું ફાયદો કે તેની એ દરખાસ્ત મંજૂર કરવામાં નહીં આવે.

અલ્લાહ તઆલાએ મૌત તથા હયાતના સર્જનનો મક્સદ વર્ણવતાં ફર્માવ્યું : الَّذِیْ خَلَقَ الْمَوْتَ وَ الْحَیٰوةَ لِیَبْلُوَكُمْ اَیُّكُمْ اَحْسَنُ عَمَلًا ؕ وَ هُوَ الْعَزِیْزُ الْغَفُوْرُ ۙ "તે જેણે મૌત તથા જિંદગી પેદા કરી કે તમારી જાંચ થાય કે તમારામાં કોનુ નામ અધિક સારુ છે, અને તે જ ઈજ્જતવાળો બખ્શિશવાળો છે."

*(સૂ. મુલ્ક, આ. ૨, કન્ઝુલ ઈમાન)*

દુનિયામાં જે પણ આવ્યો છે તેણે મૌતથી ભેટવાનું છે. રબ તઆલાનો ઈર્શાદ છે :–

كُلُّ نَفْسٍ ذَآىِٕقَةُ الْمَوْتِ ؕ وَ اِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ یَوْمَ الْقِیٰمَةِ ؕ فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَ اُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ؕ وَ مَا الْحَیٰوةُ الدُّنْیَاۤ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ۝۱۸۵

દરેક જાને મૌત ચાખવાની છે અને તમારા બદલા તો કયામતમાં જ પૂરા મળશે. જે આગથી બચાવીને જન્નતમાં દાખલ કરવામાં આવ્યા તે મુરાદે પહોંચ્યા અને દુનિયાની જિંદગી તો એ જ ધોકાનો માલ છે.

*(આલે ઈમરાન, આ. ૧૮૫, કન્ઝુલ ઈમાન)*

હઝરત સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદીન મુરાદાબાદી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ લખે છે : દુનિયાની હકીકત આ મુબારક વાકયથી ઉઘાડી કરી આપી. માણસ જિંદગી પર મોહી પડેલો હોય છે, એને જ સરમાયો સમજે છે અને આ ફુરસદને બેકાર વેડફી કાઢે છે. આખર સમયમાં તેને માલૂમ પડે છે કે એમાં હમેશા રહેવાનું ન હતું, એની સાથે દિલ લગાડવું હમેશાની જિંદગી અને આખેરતની જિંદગી માટે ખૂબ જ નુકસાનકર્તા પુરવાર થયું. હઝરત સઈદ બિન જુબેર رَضِیَ اللّٰہُ عَنۡہ એ ફર્માવ્યું કે દુનિયા દુનિયાના તલબગાર માટે ઘમંડનો સામાન અને ધોકાનો સરમાયો છે પરંતુ આખેરતના તલબગારના માટે દોલતે બાકી (હમેશાની દોલત)ની પ્રાપ્તિનો ઝરીયો અને નફાકારક સરમાયો છે. આ બાબત આ આયતના ઉપરના શબ્દોથી ઉપલબ્ધ થાય છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ દુનિયવી જિંદગીનું દષ્ટાંત ★

وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوۡا ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا يَعۡمَلُوۡنَ ﴿۱۳۲﴾ "અને દુનિયાની જિંદગી નથી પણ ખેલકૂદ, અને બેશક ! પાછલુ ઘર ભલુ એમના માટે જેઓ ડરે છે, તો શું તમને સમજ નથી ?" *(સૂ. અન્આમ, આ. ૧૩૨)*

اِنَّمَا مَثَلُ الۡحَيٰوةِ الدُّنۡيَا كَمَآءٍ اَنۡزَلۡنٰهُ مِنَ السَّمَآءِ فَاخۡتَلَطَ بِهٖ نَبَاتُ الۡاَرۡضِ مِمَّا يَاۡكُلُ النَّاسُ وَ الۡاَنۡعَامُ ؕ حَتّٰۤى اِذَاۤ اَخَذَتِ الۡاَرۡضُ زُخۡرُفَهَا وَ ازَّيَّنَتۡ وَ ظَنَّ اَهۡلُهَاۤ اَنَّهُمۡ قٰدِرُوۡنَ عَلَيۡهَاۤ ۙ اَتٰٮهَاۤ اَمۡرُنَا لَيۡلًا اَوۡ نَهَارًا فَجَعَلۡنٰهَا حَصِيۡدًا كَاَنۡ لَّمۡ تَغۡنَ بِالۡاَمۡسِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الۡاٰيٰتِ لِقَوۡمٍ يَّتَفَكَّرُوۡنَ ﴿۲۴﴾

"અને દુનિયાની જિંદગીની કહાવત તો એવી જ છે જેવું કે તે પાણી કે આસ્માનથી ઉતાર્યુ તો એના સબબે જમીનથી ઉગનારી ચીજો ગાઢ થઈને નીકળી જે કાંઈ માણસો અને ચોપગાં ખાય છે, ત્યાં સુધી કે જ્યારે જમીને પોતાનો શણગાર લઈ લીધો અને ખૂબ સજ્જ થઈ ગઈ અને તેના માલિક સમજ્યા કે એ અમારા વશમાં આવી ગઈ. અમારો હુકમ એના પર આવ્યો રાતમાં કે દિવસમાં તો એને કરી દીધી કાપેલી જાણે કાલે હતી જ નહીં. અમે

આ જ પ્રમાણે આયતો વિગતવાર વર્ણન કરીએ છીએ વિચારણા કરવાવાળાઓ માટે. *(સૂ. યૂનુસ, આ. ૨૪. કન્ઝુલ ઈમાન)*

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : "આ એ લોકોના હાલનું એક દષ્ટાંત છે જેઓ દુનિયાના દીવાના છે અને આખેરતની તેમને કોઈ પરવા નથી. એમાં ખૂબ જ હૃદયાકર્ષક તરીકા પર ખાત્રી અપાવવામાં આવી છે કે દુનિયવી જિંદગી ઉમ્મીદોનો હર્યો ભર્યો બાગ છે એમાં ઉમર ગુમાવીને માનવી જ્યારે એ કક્ષાએ પહોંચે છે જ્યાં તેને મુરાદ પ્રાપ્ત થવાનો સંતોષ થાય અને તે કામયાબીના નશામાં મસ્ત હોય ત્યારે અચાનક તેને મૌત પહોંચે છે અને તે સર્વ નેઅમતો તથા લિજ્જતોથી મેહરૂમ થઈ જાય છે. હઝરત કતાદાએ કહ્યું કે દુનિયાનો તલબગાર તદ્દન નચિંત હોય છે એ વખતે તેના પર અલ્લાહનો અઝાબ આવે છે અને તેનો સર્વ સર સામાન જેની સાથે તેની ઉમ્મીદો જોડાયેલી હતી તે નષ્ટ થઈ જાય છે.

અમુક બુઝુર્ગ શખ્સિયતો તાકીદ કરતી હતી કે સૂતી વખતે એ ખયાલ કરજો કે કદાચ આ ઊંઘથી જાગીશું નહીં એ જ હાતમાં મલકુલ મૌત આવીને તમારી રૂહ કૃબ્ઝ કરશે, કેમ કે કુર્આન મજીદ ફર્માવે છે :–

اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَ الَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا ۚ فَيُمْسِكُ الَّتِيْ قَضٰى عَلَيْهَا الْمَوْتَ

"અલ્લાહ જાનોને મૃત્યુ આપે છે એમના મૃત્યુ સમયે, અને જે ન મરે તેમને તેમના ઊંઘતામાં, પછી જેના પર મોતનો હુકમ કરી આપ્યો તેને રોકી રાખે છે અને બીજી એક નિશ્ચિત મુદ્દત સુધી છોડી આપે છે. બેશક ! જરૂર નિશાનીઓ છે વિચારનારાઓ માટે." *(સૂ. ઝુમર, આ. ૪૨, કન્ઝુલ ઈમાન)*

ઊંઘની સ્થિતિમાં રૂહ શરીરથી લગભગ નીકળી જાય છે અને માણસનુ મૃત્યુ જો આવ્યું હોય તો સંપૂર્ણપણે શરીર સાથે તેનો સંબંધ કટ થઈ જાય છે. એ લેહાઝથી ખુદાવંદે આલમ વર્ણવેલ આયતનો ક્રમ ચાલુ રાખીને ફર્માવે છે : فَيُمْسِكُ الَّتِيْ قَضٰى عَلَيْهَا الْمَوْتَ وَ يُرْسِلُ الْاُخْرٰۤى اِلٰۤى اَجَلٍ مُّسَمًّى "પછી જેના પર મૌતનો હુકમ કરી આપ્યો તેને રોકી રાખે છે અને બીજી એક નિશ્ચિત મુદ્દત સુધી છોડી આપે છે." *(સૂ. ઝુમર, આ. ૪૫)*

હકીકતમાં ઊંઘની હાલતમાં મૌતનો અડધો સફર પાર કરી નાખે છે, જેથી તાકીદ કરવામાં આવી છે કે ઊંઘની હાલતમાં ધારી લો કે રૂહ શરીરથી અલગ થયા બાદ ફરીથી શરીરમાં પરત નહીં થાય, અને જ્યારે ઊંઘથી જાગી જાવ તો ખુદાનો શુક્ર અદા કરો, કેમ કે ખુદાવંદે આલમે તમારા શરીરમાં ફરીથી જાન નાખી દીધી છે અને મર્યા બાદ તમને બીજીવાર જિંદગી અતા કરી છે. બીજા શબ્દોમાં ધારો કે તમે આલમે બરઝખમાં ગયા હતા અને ત્યાં તમારા બુરા અમલો જાહેર થઈ ગયા અને તમારે બેઈજ્જતી (શર્મિંદગી)નો સામનો કરવો પડયો અને તમે ખુદાના મુકર્રબ ફરિશ્તાથી ફરીથી દુનિયામાં આવવાની દરખાસ્ત કરી અને તેમણે તમારી આ દરખાસ્ત મંજૂર કરી અને તમને ફરીથી દુનિયામાં આવવાની ઈજાઝત આપી દીધી. હવે જ્યારે કે તમે બીજીવાર દુનિયામાં આવ્યા અને અમલો કરવાની ફુરસદ મળી ગઈ તો તમે શું કરશો અને કેવી રીતે રહેશો ? આપણે આ ફરીથી આપવામાં આવેલી ફુરસદની કદર જાણવી જોઈએ અને એની એક એક પળને ગનીમત સમજવી જોઈએ, કેમ કે એક એવો જમાનો આવનારો છે જ્યાં એક ''લાઈલાહ ઈલલ્લાહ'' કહેવાની હસ્રત રહેશે.

## ★ જિંદગીની હક઼ીક઼ત ★

હઝરત સૈયદના હસન બસરી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે : જલ્દી કરો ! જલ્દી કરો ! તમારી જિંદગી શું છે ? આ જ શ્વાસ તો છે કે જો એ થંભી જાય તો તમારા આ અમલોનો ક્રમ પણ કટ થઈ જાય છે જેના થકી તમે અલ્લાહનો કુર્બ હાંસલ કરો છો. અલ્લાહ એ શખ્સ પર રહમ ફર્માવે જેણે પોતાનું નિરીક્ષણ કર્યું અને પોતાના ગુનાહો પર થોડાંક આસું વહાવ્યાં, આવું કહ્યા બાદ આપે સૂરએ મરયમની આ આયત તિલાવત કરી : اِنَّمَا نَعُدُّ لَهُمۡ عَدًّا ''અમે તો એમની ગણત્રી પૂરી કરીએ છીએ.'' *(સૂ. મરયમ, આ. ૮૪, કન્ઝુલ ઈમાન)*

## ★ અંતિમ વાત ★

જેવી રીતે માણસને બચપનની વાતો ઓછી જ યાદ રહે છે એ જ

પ્રમાણે દિલ એ વાત માનવા તૈયાર નથી થતું કે એક દિવસ એવો પણ આવશે જ્યારે આ દુનિયાથી કૂચ કરવી પડશે, પરંતુ આ એવી સાબિત થયેલી હક઼ીક઼ત છે કે જેનો ઈન્કાર નથી કરી શકાતો. એ દિવસને આવવામાં મોડુ નથી થતું બલ્કે ક્યારે કયો સમય એના માટે નિશ્ચિત કરીને રાખી દેવામાં આવ્યો છે એના બારામાં કોઈ એડવાન્સમાં માહિતિ માણસને મયસ્સર જ નથી થતી. અલ્બત્ત જ્યારે માણસ પોતાની સોસાયટીમાં એક પછી એકને આ દુનિયાથી વિદાય થતા તેમને જુએ છે તો એકદમ તેના દિલ પર એ વાતનો ડર છવાય જાય છે કે, "ક્યાંક અને કોઈ ન કોઈ સમયે મારો પણ વારો આવવાનો છે !" મતલબ મૌત એક એવી ચીજ છે જેને ઈન્સાન "રહમત" પણ કહી દે છે, પરંતુ એ રહમત એવી છે જેને કોઈ ગળે લગાડવાનું પણ નથી ચાહતો.

આપ વિચાર કરો કે એક શખ્સ જે કાલ સુધી દરેક પળે પોતાની માને "મા ! મા !" કહેતો હતો, બાપને અબ્બુ જાન ! કહીને સંબોધન કર્યા કરતો હતો, પોતાનાં મા બાપની દરેક વાત પર જાંનિષારીનો જઝબો ધરાવતો હતો, મા બાપનાં કદમોમાં કાંટો પણ ભોંકાય જાય તે તેને માન્ય હોતુ ન હતું, જે બાળક મા બાપની દરેક ખ્વાહિશ અને તેમના દરેક હુકમની લાજ રાખતો હતો, તે આજે તેમના મૃત્યુ પર થોડીક પળો આસું વહાવ્યા બાદ એક પળની રાહ જોયા વિના તેમને માટીના હવાલે કરવામાં મોડુ નથી કરતો. આ મા બાપ અને પુત્રનો સંબંધ હતો, પરંતુ અમલની મોહલત પૂર્ણ થતાં જ તેમના કફન દફનની તૈયારીઓ થવા લાગે છે.

જે મા બાપે પોતાના એ બાળકના ઉછેર અને તાલીમ તથા કેળવણીમાં રાત દિવસ એક કરી આપેલાં હતાં, તે માબાપ જે પોતાના પુત્રની ઈચ્છાઓની પૂર્ણતા માટે રાત દિવસ દોડધૂપ કર્યા કરતાં હતાં, એ જ પુત્ર માબાપના ઈન્તેક઼ાલ પર થોડી પળો આસું વહાવીને ખામોશ થઈ જાય છે, જનાઝાને તૈયાર કરે છે, ખભાઓ પર ઉઠાવીને કબ્રસ્તાનની તરફ લઈ જાય છે, અને જનાઝાની નમાઝ બાદ છેવટે મણબંધી માટીની નીચે તેને દફન કરીને પરત આવી જાય છે. થોડા દિવસ માબાપની મહોબ્બતમાં ઉદાસ રહે છે, પછી દોસ્તો તથા યારોની મેહફિલમાં એવો ગુમ થઈ જાય છે કે ન માની યાદ આવે છે ન બાપની ! આ છે આપણી જિંદગીની હક઼ીક઼ત !

માણસ મૌત માટે ચાહે તૈયાર હોય કે ન હોય ગમે તેમ પણ નિશ્ચિત સમય પર જવાનું તો છે જ ! પરંતુ માણસ જો આ દુનિયાની ટૂંકી જિંદગીમાં એવાં કામો કરી જાય જેનાથી તેની આખેરતની જિંદગી સારી અને કાયમી કામયાબી તથા ખુશીથી ભેટી જાય તો એના જવા પર બીજા માણસો પણ રશ્ક કરશે. તેમ છતાં જો માણસ ખુદા ન ખ્વાસ્તા પોતાની જિંદગી પાટા પરથી હટાવીને કોઈ અન્ય માર્ગમાં ગુજારવાની કોશિશ કરે તો એ હમેશાંની જિંદગી પર ખુદા તરફથી શું શું મળવાનું છે, એનાથી અલ્લાહ મેહફૂઝ રાખે.

ટૂંકમાં એ કે માણસ પોતે પોતાના પર વિચારણા કરે, પોતાની મૂળ હક઼ીક઼તને સમજે, સમજ્યા બાદ તે કારનામાં અંજામ આપે જેના પર અમલ કર્તા રહીને જો આ દુનિયામાં કાંઈ પણ ન મળે તેમ છતાં આખેરતમાં બેઈજ્જતીનો સામનો ન થાય, ત્યાં બુરો અંજામ ભોગવવો ન પડે, માણસ એવું જીવન ગુજારે કે અલ્લાહના દરબારમાં ખુશ ચહેરે પેશ થાય. અલ્લાહ તઆલા દરેક ઈન્સાનને પોતાની મૂળ હક઼ીક઼ત સમજવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન. *(સંપૂર્ણ)*

✦ ✦ ✦


આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે..

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

**અનુવાદક :** મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

હદિયો : **રૂા. ૫૫૦/–**
(ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

:: Bank of Baroda ::
A/c. 34620100000302, Name : Anjumane Razae Mustafa, IFSC:BARB0DAYADR
Phonepay/Googlepay/Paytm Mo. 94274 64411
WhatsApp No. Mo.9664521477